Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

સસ્તુ સાહિત્ય

નરસિંહ મહેતાનાં ભજનો

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

૧ કે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

છ રૂપિયા

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

'સસ્તુ સાહિત્ય' એટલે ઉંચામાં ઉંચુ સાહિત્ય

નરસિંહ મહેતાનાં ભજનો

[પસંદ કરેલાં પ્રચલિત ૧૮૭ ભજનોનો સંગ્રહ]

સંપાદક :

ન્યાયમૂર્તિ શ્રી હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયા

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

હે. ભટ્ટ પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

૭ રૂપિયા

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

સંવત ૨૦૪૨ : ઈ. સ. ૧૯૮૬
: Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

આવૃત્તિ	સને	પ્રત	આવૃત્તિ	સને	પ્રત
૧ લી	૧૯૪૯	૩૫૦૦	૬ ઠ્ઠી	૧૯૬૬	૨૫૦૦
૨ જી	૧૯૫૧	૩૫૦૦	૭ મી	૧૯૬૯	૨૫૦૦
૩ જી	૧૯૫૫	૨૫૦૦	૮ મી	૧૯૭૨	૨૫૦૦
૪ થી	૧૯૫૮	૨૫૦૦	૯ મી	૧૯૭૬	૩૫૦૦
૫ મી	૧૯૬૧	૨૫૦૦	૧૦ મી	૧૯૮૧	૩૫૦૦
			૧૧ મી	૧૯૮૬	૨૫૦૦

પ્રભાતિયાં તો નરસિંહનાં જ,
મીરાંનાં ભજનોમાં સ્ત્રીકવિની
સુમધુર સુકુમારતા પમરે છે.
જૂનાં નાણાંની પેઠમ, એમ જૂનાં
ભજનોમાંય સોનું રૂપું વધારે છે.

નહાનાલાલ દ. કવિ

© સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, ભદ્ર, અમદાવાદ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

નિવેદન

આ પુસ્તકની આ અગિયારમી આવૃત્તિ પ્રકટ થાય છે.

આગલી આવૃત્તિમાં અપાયેલું નિવેદન ઉપયોગી હોવાથી અહીં નીચે આપ્યું છે :

'મીરાં અને નરસિંહ' એ નામનો એક સંગ્રહ ૨૦૦૨ માં આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલો. તે ખલાસ થતાં 'નરસિંહ મહેતાનાં ભજનો' અને 'મીરાંબાઈનાં ભજનો' નવેસરથી સંપાદન કરીને જુદાં જુદાં પુસ્તકોરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં.

જગતના અનેક મહાત્માઓએ પોતાના આધ્યાત્મિક અનુભવો જગતકલ્યાણની અનુકંપાને લીધે ઉપદેશ, ભજનો, મંત્રો, પદો ને કાવ્યના રૂપમાં દર્શાવ્યાં છે. આવા કેટલાય સંતોનાં નામ પણ આજે નથી મળતાં, તો પછી તેમનાં જીવનવૃત્તાંતોની તો વાત જ ક્યાં રહી !

એ શાશ્વત છે, જે જીવનનું જીવન છે; તે આત્માની સ્ફુરણા ઈશ્વરકૃપાથી સિદ્ધો, ભક્તો અને મહાત્માઓને સહજ પ્રાપ્ત થાય છે અને પ્રેમ, ભક્તિ અને જ્ઞાનના અનુભવોના નિચોડરૂપ તેમના ઉદ્‌ગારો સેંકડો વર્ષો સુધી લાખો માણસોને માર્ગદર્શક અને પ્રેરણાદાયી થઈ પડે છે.

પંદરમા સૈકામાં થઈ ગયેલા એવા એક મહાન ભક્તના ઉદ્‌ગારો આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. મહાગુજરાતના દરેક ખૂણામાં દરેક ગામડામાં સ્ત્રીઓ અને પુરુષોને મોઢે મહાન ભક્ત નરસિંહ મહેતાનું નામ રોજ લેવાય છે. તેમનાં જાણીતાં ભજનો, હરિકથા, ભજનમંડળીઓ વગેરેમાં બોલાય છે. હિંદુસ્તાનની પ્રજાના જીવનમાં ઉચ્ચ સંસ્કાર રેડતાં તેમનાં અર્થગાંભીર્યવાળાં પણ સાદાં પદો અનેક જગ્યાએથી ભેગાં કરીને બનતા સંશોધન સાથે આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે.

'મીરાં અને નરસિંહ'ની પહેલી આવૃત્તિ પ્રસંગે ના. જસ્ટિસ હરસિદ્ધભાઈ દિવેટિયાએ અભ્યાસપૂર્ણ આમુખ લખી આપેલો, તે આ પછીનાં પૃષ્ઠોમાં આપ્યો છે, તે વાંચી જવા વાચકબંધુઓને વિનંતિ છે.

આશા છે કે અગાઉની આવૃત્તિની જેમ જ આ આવૃત્તિ પણ આવકાર પામશે.

તા. ૨૦-૩-'૮૬

એચ. એમ. પટેલ
પ્રમુખ : સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

 Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

આવૃત્તિ	સને	પ્રત	આવૃત્તિ	સને	પ્રત
૧ લી	૧૯૪૯	૩૫૦૦	૬ ઠ્ઠી	૧૯૬૬	૨૫૦૦
૨ જી	૧૯૫૧	૩૫૦૦	૭ મી	૧૯૬૯	૨૫૦૦
૩ જી	૧૯૫૫	૨૫૦૦	૮ મી	૧૯૭૨	૨૫૦૦
૪ થી	૧૯૫૮	૨૫૦૦	૯ મી	૧૯૭૬	૩૫૦૦
૫ મી	૧૯૬૧	૨૫૦૦	૧૦ મી	૧૯૮૧	૩૫૦૦
			૧૧ મી	૧૯૮૬	૨૫૦૦

પ્રભાતિયાં તો નરસિંહનાં જ,
મીરાંનાં ભજનોમાં સ્ત્રીકવિની
સુમધુર સુકુમારતા પમરે છે.
જૂનાં નાણાંની પેઠમ, એમ જૂનાં
ભજનોમાંય સોનું રૂપું વધારે છે.

ન્હાનાલાલ દ. કવિ

© સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, ભદ્ર, અમદાવાદ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

નિવેદન

આ પુસ્તકની આ અગિયારમી આવૃત્તિ પ્રકટ થાય છે.

આગલી આવૃત્તિમાં અપાયેલું નિવેદન ઉપયોગી હોવાથી અહીં નીચે આપ્યું છે :

'મીરાં અને નરસિંહ' એ નામનો એક સંગ્રહ ૨૦૦૨ માં આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલો. તે ખલાસ થતાં 'નરસિંહ મહેતાનાં ભજનો' અને 'મીરાંબાઈનાં ભજનો' નવેસરથી સંપાદન કરીને જુદાં જુદાં પુસ્તકોરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં.

જગતના અનેક મહાત્માઓએ પોતાના આધ્યાત્મિક અનુભવો જગતકલ્યાણની અનુકંપાને લીધે ઉપદેશ, ભજનો, મંત્રો, પદો ને કાવ્યના રૂપમાં દર્શાવ્યાં છે. આવા કેટલાય સંતોનાં નામ પણ આજે નથી મળતાં, તો પછી તેમનાં જીવનવૃત્તાંતોની તો વાત જ ક્યાં રહી !

એ શાશ્વત છે, જે જીવનનું જીવન છે; તે આત્માની સ્ફુરણા ઈશ્વરકૃપાથી સિદ્ધો, ભક્તો અને મહાત્માઓને સહજ પ્રાપ્ત થાય છે અને પ્રેમ, ભક્તિ અને જ્ઞાનના અનુભવોના નિચોડરૂપ તેમના ઉદ્‌ગારો સેંકડો વર્ષો સુધી લાખો માણસોને માર્ગદર્શક અને પ્રેરણાદાયી થઈ પડે છે.

પંદરમા સૈકામાં થઈ ગયેલા એવા એક મહાન ભક્તના ઉદ્‌ગારો આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. મહાગુજરાતના દરેક ખૂણામાં દરેક ગામડામાં સ્ત્રીઓ અને પુરુષોને મોઢે મહાન ભક્ત નરસિંહ મહેતાનું નામ રોજ લેવાય છે. તેમનાં જાણીતાં ભજનો, હરિકથા, ભજનમંડળીઓ વગેરેમાં બોલાય છે. હિંદુસ્તાનની પ્રજાના જીવનમાં ઉચ્ચ સંસ્કાર રેડતાં તેમનાં અર્થગાંભીર્યવાળાં પણ સાદાં પદો અનેક જગ્યાએથી ભેગાં કરીને બનતા સંશોધન સાથે આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે.

'મીરાં અને નરસિંહ'ની પહેલી આવૃત્તિ પ્રસંગે ના. જસ્ટિસ હરસિદ્ધભાઈ દિવેટિયાએ અભ્યાસપૂર્ણ આમુખ લખી આપેલો, તે આ પછીનાં પૃષ્ઠોમાં આપ્યો છે, તે વાંચી જવા વાચકબંધુઓને વિનંતિ છે.

આશા છે કે અગાઉની આવૃત્તિની જેમ જ આ આવૃત્તિ પણ આવકાર પામશે.

તા. ૨૦-૩-'૮૬

એચ. એમ. પટેલ
પ્રમુખ : સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

આ મુ ખ

['મીરાં અને નરસિંહ'ની પહેલી આવૃત્તિમાંથી]

ગુજરાતની આમપ્રજામાં સસ્તા મૂલ્યે ધાર્મિક, અર્થવિષયક, સામાજિક, આયુર્વેદિક સાહિત્યાત્મક તેમ જ ઐતિહાસિક સાહિત્યનો બહોળો પ્રચાર કરનાર 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' ના પ્રેરક અને સંચાલક શ્રીયુત મનુ સુબેદારે નરસિંહ મહેતા અને મીરાંબાઈનાં જ્ઞાન અને ભક્તિનાં પદોના સંગ્રહને જોઈ જવા અને તેનો આમુખ લખવાનું મને આમંત્રણ આપ્યું તેનો સ્વીકાર કરતાં મને આનંદ થાય છે.

નરસિંહ મહેતા અને મીરાંબાઈ બંને ભક્તકવિઓ ગુજરાતના હૃદયમાં ચિરંતન સ્થાન પામેલા છે. છેલ્લા પાંચેક સૈકાથી તેમની પ્રાસાદિક વાણી કુટુંબોમાં ઘેર ઘેર ગૂંજતી રહી છે. બંને કવિઓનાં પદો ગુજરાતમાં ઘણાં કુટુંબોમાં પ્રભાતિયાંરૂપે તેમ જ ભક્તમંડળીઓમાં ભજનોરૂપે ગવાય છે, એ જ આ કવિઓની રસપૂર્ણ કવિતાનાં પ્રતાપ અને અનન્ય લોકપ્રિયતા દર્શાવે છે.

પણ અત્યંત લોકપ્રિયતા પામેલી આ બંને કવિઓની કૃતિઓનાં સર્જન વિષે ઉગ્ર મતભેદ ઉત્પન્ન થયો છે. નરસિંહ—મીરાંએ નહિ આલેખેલાં એવાં સંખ્યાબંધ પદો એ બંનેને નામે ચડી ગયાં છે એ વાત નિઃશંક છે. 'ગોવિંદગમન' નરસિંહ મહેતાનું જ નહિ, અમુક પદો એનાં નહિ જ, મીરાંનાં નહિ, એવી એવી શંકાઓ આપણા સાહિત્યના રસમીમાંસકોમાં કયારનીયે ઉદ્‌ભવ પામી છે. આવી પરિસ્થિતિમાં આ બંને કવિઓનાં પદોના સંગ્રહકારને સૂક્ષ્મ દૃષ્ટિથી સંશોધક અને સંપાદક થવું પડે. એમ ન થવાય તો 'ગતાનુગતિક' ન્યાયે કવિઓએ પોતે ન આલેખેલાં એવાં પદો એમને નામે જ લોકમાં પ્રચલિત રહે. પ્રસિદ્ધ થયેલા નરસિંહ મહેતાના પદસંગ્રહોમાં આવાં પદો એક સાથે સેળભેળ થઈ ગયાં છે અને એમ જ થતાં જાય છે, મીરાંનાં પદોની પણ એ જ સ્થિતિ છે. ગુજરાતી, હિંદી, મરાઠી કે અન્ય હિંદી ભાષાઓમાં જે જે પ્રકાશકોએ મીરાંનાં પદ પ્રસિદ્ધ કર્યાં છે, તેમાં આ સ્થિતિ ચાલુ જ રહી છે. આ નીરક્ષીરને જુદું પાડવાનું વિકટ કાર્ય કોઈ હંસવિવેચકને માથે રહેલું જ છે. નરસિંહ અને મીરાંની કૃતિઓની જૂનામાં જૂની હસ્તલિખિત પ્રતો એકઠી કરવાની છે. સંપાદનના કાર્યને હાલના વિકસિત પાઠચશાસ્ત્રના વિવેચન—(ટેકસ્ચ્યુઅલ ક્રિટિસિઝમ) ના પ્રત્યેક સૂત્રની કસોટીએ ચડાવી તેનું સંશોધન કે સંપાદન કરવાની ખાસ જરૂર છે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

નરસિંહ મહેતાના જન્મજીવનનાં વર્ષો કયાં કયાં હતાં? કૃષ્ણ–ભકિતની એમની કવિતાની જ્વાળાઓ કયાંથી પ્રકટી?' આ પ્રશ્નો પણ ગુજરાતના અગ્રગણ્ય વિવેચકોએ ચર્ચા છે. તેની પુનરુકિત કરવાનું અહીં અસ્થાને છે, પણ નરસિંહ–મીરાંની કાવ્યની ભાષાનું વાસ્તવિક સ્વરૂપ કેવું હતું એ પ્રશ્ન સહેજ છેડવા જેવો છે.

ઉપર ઉલ્લેખેલી લોકપ્રિયતાએ નરસિંહના યુગની ભાષામાં ઉત્તરોત્તર ફેરફાર કરી આપણી જૂની ગુજરાતી ભાષાને આધુનિક ભાષા કરી દીધી છે એ હકીકત તો સાચી જ છે; કારણ કે નરસિંહ મહેતા પછીની ભાલણની 'કાદંબરી'ની ભાષા નરસિંહની ભાષા જેટલી લોકપ્રિયતા નહિ પામીને તેના અસલ ને તે કાળે બોલાતા વાસ્તવિક સ્વરૂપમાં સચવાઈ રહી છે. આ દૃષ્ટિએ નરસિંહ મહેતાની ભાષાનું સ્વરૂપ વાસ્તવિક આ હોવું જોઈએ:

'મોગરે શૂરે મોહી રયો મોહના? હાર (તૂ) આપ્યિ, યશક્ષાત્ય વ્યાધિ;
કિહિશિ, 'ગુણ ગાતાં નાગરનો ન હવો,' ત્રીકમ! તૂહિને કો નહિ આરાધે.
સારી પાંતીનો થાશિ ધણી સર્વકો, દીપતું દેખશિ ત્યહાં મલશિ;
મૃત્યુ (ના) ભઈ નરસિઓ બીહતો નથી, તાહરા દાસના ચિત્ત ચલશિ.
માહરિ મન્ય વિશ્વાસ છે, વીઠલા! આપશો હાર (નિં) આનંદ થાશિ;
ભણિ નરસિંઓ (નિજ) ભકત ઉગારવા તુજ વ્યના વ્યાહરિ કૂણ ધાશિ.

શ્રી કેશવરામ શાસ્ત્રી સંપાદિત હારમાળા, પંદ ૫૩

આ જ પદ અન્ય સ્થળે પ્રસિદ્ધ થયેલું જોઈએ:

મોગરામાળે શું મોહી રહ્યો મોહના, હાર આપો જશખ્યાત વાધે.
કહેશે નાગરો કોહનું નામ ગાતો હતો, કૃષ્ણ, તુજને કોઈ નહિ આરાધે. મોગરા૦
સારી પંકિતતણા લોક સર્વે મળ્યા, સહાય કરશો તેની પાસ થાશે;
મૃત્યુના ભય થકી નરસૈંયો નવ બિયે, પણ તારા જશ જગદીશ જાશે. મોગરા૦
રજની તો વહી ગઈ, રાત થોડી રહી, જોત તો ઝાંખી થઈ ગઈ દીવાની;
કેશવા, કંઠથી માળ અળગી કરો, પ્રેમે આરોપો નરસૈંની કમાણી. મોગરા૦

સંપાદક: ઇચ્છારામ દેસાઈ નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ

આ સંબંધી નરસિંહ મહેતાની ભાષાનો આટલો ઉલ્લેખ બસ થશે. હવે મીરાંની ભાષા જોઈએ. મીરાંનાં પદોની ભાષા તેના કાળની ડૉકટર ટેસિટોરી જેને 'પશ્ચિમ રાજસ્થાની' કહે છે, તે હતી. મેવાડનાં એ વિધવા યુવરાજ્ઞીએ તે કાળની એ પશ્ચિમ રાજસ્થાનીમાં જ પોતાનાં પદો ગાયાં છે. મીરાંનાં પ્રસિદ્ધ થઈ ઉપલબ્ધ થયેલાં પદો હાલ હિંદીમાં, હિંદી–ગુજરાતીમાં યા તો ગુજરાતીમાં છે. એક મત એવો છે કે, મીરાંએ માત્ર હિંદીમાં જ લખ્યું હોય, પણ ઉત્તર વયમાં અવસાન પર્યંત દ્વારકાનિવાસ સ્વીકારી

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

એમણે હિંદી—ગુજરાતી યા ગુજરાતીમાં પણ લખ્યું હોય એવો બીજો એક મત પ્રચલિત છે. આ બે મતનું સમાધાન એમ થઈ શકે કે (૧) એક તો મીરાં ને તેનાં પદો રાજસ્થાન અને ગુજરાત બંનેમાં સાથે સાથે જ લોકપ્રિય થયાં, અને (૨) બીજું ગુજરાતની સીમાઓ તે કાળે રાજસ્થાનનો સમાવેશ કરે એટલી વિસ્તૃત હતી. પશ્ચિમ રાજસ્થાનીના અને જૂની ગુજરાતીના સ્વરૂપની એકરૂપતાનું આ કારણ હોય, પશ્ચિમ રાજસ્થાની કે જૂની ગુજરાતીમાં લખાયેલી મીરાંની લોકપ્રિય કવિતાનું હિંદીઓ ઉત્તરોત્તર હિંદીકરણ અને ગુજરાતીઓ ગુજરાતીકરણ કરતા ગયા. મીરાંબાઈની કવિતાની ભાષાનું આમ ભાષાંતર અને સ્વરૂપાંતર થતું આવ્યું લાગે છે.

નરસિંહ મહેતા અને મીરાંનાં જીવનચરિત્રો

નરસિંહ મહેતા અને મીરાંબાઈ એ બંનેનાં જીવનચરિત્રોને દંતકથાઓ, ચમત્કારો અને કિંવદંતીઓએ ગૂઢ પટાંતરોમાં ઢાંકી દીધાં છે. ઐતિહાસિક દૃષ્ટિને આવરતા આ ધુમ્મસમાં એ જીવનોમાં અદ્‌ભુતતા ને દૈવી ચમત્કારો ભારોભાર ભરી દીધા છે. લોકવાણી અને દંતકથાઓએ નરસિંહ મહેતાના જીવનને જેમ દૈવી કરી મૂકી કૈલાસપતિ શિવ સાથે ભેટાડી તેમની મારફત વૃંદાવનના સદાવિહારી કૃષ્ણ—ગોપીઓની રાસલીલા આગળ મશાલ ધરી સખી બનાવ્યા છે, તેમ મીરાંબાઈને કુંભાનાં રાણી બનાવ્યાં છે. કુંભારાણા મારફત જ એમની પર જુલમની ઝડીઓ વરસાવડાવી છે; એમના જીવનને પણ નરસિંહ મહેતાની પેઠે દંતકથાઓ અને દૈવી ચમત્કારોથી ભરપૂર કર્યું છે. લોકકલ્પનાને આંજી નાખતા આ ચમત્કારિક ઐતિહાસિક ધુમ્મસમાંથી નરસિંહ મહેતા અને મીરાંનાં જીવનચરિત્રોની રૂપરેખા સંશોધિત ઐતિહાસિક સાધન—સામગ્રી દ્વારા કંઈક નીચે પ્રમાણે દોરી શકાય :

૧. નરસિંહ મહેતા (આશરે વિ. સં. ૧૪૯૦–૧૫૬૬)

નરસિંહ મહેતાનું જન્મસ્થળ જૂનાગઢ. જ્ઞાતિએ વડનગરા નાગર ગૃહસ્થ હતા. એમના પિતાનું નામ કૃષ્ણદાસ અને માતાનું નામ દયાકુંવર. નરસિંહના ત્રીજા વર્ષે એમના પિતા અને અગિયારમે વર્ષે એમનાં માતા ગુજરી ગયાં હતાં. કાકા પર્વતદાસને ત્યાં એ ઊછરીને મોટા થયા હતા. કાકાનો સ્વર્ગવાસ થતાં એ એમના પિત્રાઈ ભાઈ બંસીધરના આશ્રિત થયા. સત્તર વર્ષની ઉંમરે માણેકબાઈ સાથે એમનાં લગ્ન થયાં. એમનાં સંતાનોમાં બે—કુંવરબાઈ અને શામળદાસ. વિદ્યાર્થી અવસ્થામાં મહેતા ઠોક ગણાતા. એ સાધુસંતોના ટોળામાં બેસી ભજનો સાંભળતા, ગીત ગાતા અને નૃત્ય પણ કરતા. સંસાર—વ્યવહાર તરફ એ ઉદાસીન રહેતા, છતાં પ્રભુમાં એમને અઢળક શ્રદ્ધા હતી.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

મહેતાના જીવનપ્રસંગોમાં મુખ્ય હાર, હૂંડી, મોસાળું, વિવાહ અને શ્રાદ્ધ. એમનાં કાવ્યોમાં એમને કૃષ્ણે રા'માંડલિકની ભરસભામાં હાર પહેરાવ્યો છે. એમની લખેલી હૂંડી દ્વારકામાં સ્વીકારાઈ છે. પુત્રીનું મામેરું એમણે વગર દોકડે કૃષ્ણની સહાયથી કર્યું છે. શામળદાસના વિવાહમાં પ્રભુએ જાતે એમને મદદ કરી છે. પિતાનું શ્રાદ્ધ એમણે કૃષ્ણની સહાયથી ગૃહસ્થની રીતે સાર્યું છે. નરસિંહ મહેતાએ એમનાં પદોમાં આ અંગત પ્રસંગો રસપૂર્વક આલેખ્યા છે અને ગુજરાતે એ સ્નેહપૂર્વક આજ સુધી સ્મરી રાખ્યા છે.

નરસિંહ મહેતાના જીવનમાં કરુણતાની ગાઢ છાયાઓ છે. એમનાં પત્ની અકાળે મરણ પામ્યાં, યુવાન શામળદાસ પણ અકાળે મૃત્યુ પામ્યા. કુંવરબાઈ વિધવા થઈ. ઘરમાં વિધવા પુત્રવધૂ અને વિધવા પુત્રી રહી. કુંવરબાઈના સીમંતસંસ્કારનું મોસાળું એ પણ મહેતાજીના ગરીબ જીવનનો કરુણ પ્રસંગ છે. મહેતાનાં ભકતજીવનમાં આ કરુણરસ જ્યાં ત્યાં ટપકી રહ્યો છે. ભકતને વળી રા'માંડલિકે સતાવવામાં પણ બાકી રાખી નહોતી.

છતાં મહેતાજીની પ્રભુ પર શ્રદ્ધા અચળ છે. એની જ ભકિતમાં એ જીવનભર રચ્યાપચ્યા રહ્યા છે.

મહેતાનો સ્વર્ગવાસ એમના છાસઠમે વર્ષે થયો કહેવાય છે.

નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ

હૂંડી, હાર સમયનાં પદો, ગોવિંદગમન, ચાતુરીષોડશી, છત્રીશી પદો, પ્રભુની ભકિત ને જ્ઞાનનાં પદો, બાળલીલા, રાસલીલા, દાણલીલા, સહસ્રપદી રાસ, દ્વાદશ માસ, શામળદાસનો વિવાહ, કૃષ્ણજન્મની વધાઈનાં પદો, સત્યભામાનું રૂસણું, સુદામાચરિત્ર, હિંડોળાવસંત, શ્રી શૃંગારમાળા, સુરતસંગ્રામ, કેરબારેખતાનાં પદો, આઠ વાર વગેરે ઉપરાંત છૂટક પદો.

નરસિંહ મહેતા પરમ વૈષ્ણવ હતા. વલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગનો સંપ્રદાય હજી ગુજરાતમાં પ્રવેશ્યો નહોતો. નરસિંહ મહેતાની વૈષ્ણવ ભકિતમાં શ્રીમદ્ ભાગવત' અને જયદેવના 'ગીતગોવિંદ'ની અસર સ્પષ્ટ જણાય છે.

શ્રીકૃષ્ણના સમયથી જ ગુજરાતનું ધાર્મિક જીવન ભકિતપ્રધાન રહેલું છે. અને તેને ટકાવી રાખવામાં નરસિંહ મહેતાની ભકિતરસથી ભરેલી કવિતાનું અગ્રસ્થાન છે. આ સ્થાન તે માત્ર તેના ભકિતરસને લીધે નહિ, પરંતુ તેની કવિતામાં ભકિતરસ તેમ જ તત્ત્વજ્ઞાન છે. મીરાંબાઈમાં માત્ર ભકિત છે; નરસિંહ મહેતાની કવિતામાં ભકિત અને તત્ત્વજ્ઞાનનો સુંદર, સમન્વય છે અને તેને લીધે તે હૃદય અને બુદ્ધિ બંનેને સ્પર્શે છે. ગુજરાતનો આ આદિકવિ આપણા સાહિત્યજીવનના અંત સુધી તેનો જ્યોતિર્ધર રહેશે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations
એમણે હિંદી—ગુજરાતી યા ગુજરાતીમાં પણ લખ્યું હોય એવો બીજો એક મત પ્રચલિત છે. આ બે મતનું સમાધાન એમ થઈ શકે કે (૧) એક તો મીરાં ને તેનાં પદો રાજસ્થાન અને ગુજરાત બંનેમાં સાથે સાથે જ લોકપ્રિય થયાં, અને (૨) બીજું ગુજરાતની સીમાઓ તે કાળે રાજસ્થાનનો સમાવેશ કરે એટલી વિસ્તૃત હતી. પશ્ચિમ રાજસ્થાનીના અને જૂની ગુજરાતીના સ્વરૂપની એકરૂપતાનું આ કારણ હોય, પશ્ચિમ રાજસ્થાની કે જૂની ગુજરાતીમાં લખાયેલી મીરાંની લોકપ્રિય કવિતાનું હિંદીઓ ઉત્તરોત્તર હિંદીકરણ અને ગુજરાતીઓ ગુજરાતીકરણ કરતા ગયા. મીરાંબાઈની કવિતાની ભાષાનું આમ ભાષાંતર અને સ્વરૂપાંતર થતું આવ્યું લાગે છે.

નરસિંહ મહેતા અને મીરાંનાં જીવનચરિત્રો

નરસિંહ મહેતા અને મીરાંબાઈ એ બંનેનાં જીવનચરિત્રોને દંતકથાઓ, ચમત્કારો અને કિંવદંતીઓએ ગૂઢ પટાંતરોમાં ઢાંકી દીધાં છે. ઐતિહાસિક દૃષ્ટિને આવરતા આ ધુમ્મસમાં એ જીવનોમાં અદ્‌ભુતતા ને દૈવી ચમત્કારો ભારોભાર ભરી દીધા છે. લોકવાણી અને દંતકથાઓએ નરસિંહ મહેતાના જીવનને જેમ દૈવી કરી મૂકી કૈલાસપતિ શિવ સાથે ભેટાડી તેમની મારફત વૃંદાવનના સદાવિહારી કૃષ્ણ—ગોપીઓની રાસલીલા આગળ મશાલ ધરી સખી બનાવ્યા છે, તેમ મીરાંબાઈને કુંભાનાં રાણી બનાવ્યાં છે. કુંભારાણા મારફત જ એમની પર જુલમની ઝડીઓ વરસાવડાવી છે; એમના જીવનને પણ નરસિંહ મહેતાની પેઠે દંતકથાઓ અને દૈવી ચમત્કારોથી ભરપૂર કર્યું છે. લોકકલ્પનાને આંજી નાખતા આ ચમત્કારિક ઐતિહાસિક ધુમ્મસમાંથી નરસિંહ મહેતા અને મીરાનાં જીવનચરિત્રોની રૂપરેખા સંશોધિત ઐતિહાસિક સાધન—સામગ્રી દ્વારા કંઈક નીચે પ્રમાણે દોરી શકાય :

૧. નરસિંહ મહેતા (આશરે વિ. સં. ૧૪૯૦–૧૫૬૬)

નરસિંહ મહેતાનું જન્મસ્થળ જૂનાગઢ. જ્ઞાતિએ વડનગરા નાગર ગૃહસ્થ હતા. એમના પિતાનું નામ કૃષ્ણદાસ અને માતાનું નામ દયાકુંવર. નરસિંહના ત્રીજા વર્ષે એમના પિતા અને અગિયારમે વર્ષે એમનાં માતા ગુજરી ગયાં હતાં. કાકા પર્વતદાસને ત્યાં એ ઊછરીને મોટા થયા હતા. કાકાનો સ્વર્ગવાસ થતાં એ એમના પિત્રાઈ ભાઈ બંસીધરના આશ્રિત થયા. સત્તર વર્ષની ઉંમરે માણેકબાઈ સાથે એમનાં લગ્ન થયાં. એમનાં સંતાનોમાં બે—કુંવરબાઈ અને શામળદાસ. વિદ્યાર્થીઅવસ્થામાં મહેતા ઠોઠ ગણાતા. એ સાધુસંતોના ટોળામાં બેસી ભજનો સાંભળતા, ગીત ગાતા અને નૃત્ય પણ કરતા. સંસાર—વ્યવહાર તરફ એ ઉદાસીન રહેતા, છતાં પ્રભુમાં એમને અઢળક શ્રદ્ધા હતી.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

મહેતાના જીવનપ્રસંગોમાં મુખ્ય હાર, હૂંડી, મોસાળું, વિવાહ અને શ્રાદ્ધ. એમનાં કાવ્યોમાં એમને કૃષ્ણે રા'માંડલિકની ભરસભામાં હાર પહેરાવ્યો છે. એમની લખેલી હૂંડી દ્વારકામાં સ્વીકારાઈ છે. પુત્રીનું મામેરું એમણે વગર દોકડે કૃષ્ણની સહાયથી કર્યું છે. શામળદાસના વિવાહમાં પ્રભુએ જાતે એમને મદદ કરી છે. પિતાનું શ્રાદ્ધ એમણે કૃષ્ણની સહાયથી ગૃહસ્થની રીતે સાર્યું છે. નરસિંહ મહેતાએ એમનાં પદોમાં આ અંગત પ્રસંગો રસપૂર્વક આલેખ્યા છે અને ગુજરાતે એ સ્નેહપૂર્વક આજ સુધી સ્મરી રાખ્યા છે.

નરસિંહ મહેતાના જીવનમાં કરુણતાની ગાઢ છાયાઓ છે. એમનાં પત્ની અકાળે મરણ પામ્યાં, યુવાન શામળદાસ પણ અકાળે મૃત્યુ પામ્યા. કુંવરબાઈ વિધવા થઈ. ઘરમાં વિધવા પુત્રવધૂ અને વિધવા પુત્રી રહી. કુંવરબાઈના સીમંતસંસ્કારનું મોસાળું એ પણ મહેતાજીના ગરીબ જીવનનો કરુણ પ્રસંગ છે. મહેતાના ભકતજીવનમાં આ કરુણરસ જ્યાં ત્યાં ટપકી રહ્યો છે. ભકતને વળી રા'માંડલિકે સતાવવામાં પણ બાકી રાખી નહોતી.

છતાં મહેતાજીની પ્રભુ પર શ્રદ્ધા અચળ છે. એની જ ભકિતમાં એ જીવનભર રચ્યાપચ્યા રહ્યા છે.

મહેતાનો સ્વર્ગવાસ એમના છાસઠમે વર્ષે થયો કહેવાય છે.

નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ

હૂંડી, હાર સમયનાં પદો, ગોવિંદગમન, ચાતુરીષોડશી, છત્રીશી પદો, પ્રભુની ભકિત ને જ્ઞાનનાં પદો, બાળલીલા, રાસલીલા, દાણલીલા, સહસ્રપદી રાસ, દ્વાદશ માસ, શામળદાસનો વિવાહ, કૃષ્ણજન્મની વધાઈનાં પદો, સત્યભામાનું રૂસણું, સુદામાચરિત્ર, હિંડોળાવસંત, શ્રી શૃંગારમાળા, સુરતસંગ્રામ, કેરબારેખતાનાં પદો, આઠ વાર વગેરે ઉપરાંત છૂટક પદો.

નરસિંહ મહેતા પરમ વૈષ્ણવ હતા. વલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગનો સંપ્રદાય હજી ગુજરાતમાં પ્રવેશ્યો નહોતો. નરસિંહ મહેતાની વૈષ્ણવ ભકિતમાં શ્રીમદ્ ભાગવત' અને જયદેવના 'ગીતગોવિંદ'ની અસર સ્પષ્ટ જણાય છે.

શ્રીકૃષ્ણના સમયથી જ ગુજરાતનું ધાર્મિક જીવન ભકિતપ્રધાન રહેલું છે. અને તેને ટકાવી રાખવામાં નરસિંહ મહેતાની ભકિતરસથી ભરેલી કવિતાનું અગ્રસ્થાન છે. આ સ્થાન તે માત્ર તેના ભકિતરસને લીધે નહિ, પરંતુ તેની કવિતામાં ભકિતરસ તેમ જ તત્ત્વજ્ઞાન છે. મીરાંબાઈમાં માત્ર ભકિત છે; નરસિંહ મહેતાની કવિતામાં ભકિત અને તત્ત્વજ્ઞાનનો સુંદર સમન્વય છે અને તેને લીધે તે હૃદય અને બુદ્ધિ બંનેને સ્પર્શે છે. ગુજરાતનો આ આદિકવિ આપણા સાહિત્યજીવનના અંત સુધી તેનો જ્યોતિર્ધર રહેશે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૨. મીરાંબાઈ (વિ. સં. ૧૫૬૩-૧૬૦૩)

મીરાંબાઈ રાઠોડોના અંગભૂત મેડતિયા રજપૂત રાવ દૂદાજીના પુત્ર રત્નસિંહનાં પુત્રી થતાં હતાં. જયમલ્લ રાઠોડ એના પિત્રાઈ ભાઈ અને નાનપણના સાથી હતા.

ચિત્તોડના ગુહિલોત રાણા સંગ(સંગ્રામસિંહ)ના યુવરાજ ભોજરાજ જોડે મીરાંનાં વિ. સં. ૧૧૭૬ માં લગ્ન થયાં હતાં. આઠ વર્ષનું સૌભાગ્યવંતું સહજીવન ગાળી વિ. સં. ૧૫૮૪ માં એ વિધવા થયાં.

રાવ દૂદાજી પરમ વૈષ્ણવ હતા. એમના જ ભક્તિમય વાતાવરણમાં મીરાંનું બાલજીવન ઘડાયાથી એ કુમળી વયમાં કૃષ્ણભક્તિ તરફ પ્રેરાયાં હતાં. પહેલાંનાં દૃઢ ભક્તિ—સંસ્કારોએ મીરાંના વૈધવ્ય જીવનને વધારે ભક્તિમય ને નિર્મળ બનાવ્યું હતું.

આ કાળે મુગલવંશસ્થાપક બાબર દિલ્હીની ગાદી ઉપર આવી ગયો હતો. ચિત્તોડની પડતી થઈ. મીરાંના વડીલો રણસંગ્રામમાં ખપી ગયા. મીરાંનો દિયર—રાણો વિક્રમાદિત્ય ગાદીપતિ થયો. પોતાના સાધુજીવનને ભક્તિમાં ગાળતાં મીરાં પ્રત્યે એ દિયર-ધર્મ વીસરી ઊલટો સતાવવા લાગ્યો. મીરાંને માટે એણે ઝેર મોકલ્યું. તે પણ મીરાં પી ગયાં કહેવાય છે. આ જ રાણાના સંબંધમાં મીરાંએ પોતાનાં પદોમાં સંબોધનો કરી ઘણાં-એક પદો લખ્યાં છે.

રાણા વિક્રમાદિત્યની ચાલુ પજવણીઓએ મીરાંને આખરે મેવાડનો ત્યાગ કરાવ્યો. બાલકૃષ્ણની જન્મભૂમિ વ્રજમાં—મથુરા, વૃંદાવન, ગોકુલમાં—યાત્રા કરી એ કૃષ્ણના ઉત્તર જીવનકાળના ધામ દ્વારકામાં છેવટે આવી રહ્યાં.

આ વખતે ચિત્તોડમાં નવા નવા ઉપદ્રવો ઉત્પન્ન થવા લાગ્યા. પ્રજામાંના ડાહ્યા-ઓએ રાણાજીના મન પર ઠસાવ્યું કે મીરાં જેવી સાધ્વીની તમે પજવણી કરી તેથી આપણા ઉપર આ દૈવી કોપ ઊતર્યો છે, તો એમને પાછાં તેડાવો. રાણાએ બ્રાહ્મણો મોકલી મીરાંને પાછાં ચિત્તોડ આવવા વિનંતિ કરી. મીરાંબાઈએ જવા ના કહી, તો બ્રાહ્મણોએ લાંઘણ આદર્યું. મીરાંની માનસિક વેદનાની આ કપરી કસોટી હતી. 'કૃષ્ણ કૃષ્ણ' કરતાં જ મીરાંનું આ વખતે અવસાન થયું. એ કૃષ્ણમાં સારૂપ્ય—મુક્તિ પામ્યાં.

ગુજરાતે મીરાંબાઈને રાજસ્થાની નહિ પણ ગુજરાતી જ ગણી લીધી. એનાં ભક્તિકાવ્યોને પોતાના ધાર્મિક સાહિત્યમાં સ્થાન આપી એનું નામ અમર કર્યું.

હરસિદ્ધભાઈ વ. દિવેટિયા

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

અકરાદિ અનુક્રમ

પ્રથમ પંક્તિ	પૃષ્ઠાંક
અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ	૫૪
અજ્ઞાન અબુદ્ધ તારું મન ચોદિશ ભ્રમે	૨૪
અનુભવિયા રસ માણે મારી સજની	૪૮
અલ્યા નામ પામ્યો પણ રામને નવ લહ્યા	૫૦
અલ્યા ભૂલ મા, ભૂલ મા, ભકિત ભૂધરતણી	૪૯
અહો ભાઈ રે, શાંતિ પમાડે તેને સંત કહીએ	૭૭
આજ મારાં નેણાં રે સફળ થયાં	૨૫
(દેવા) આદ્ય તું મધ્ય તું, અંત્ય તું ત્રિકમા	૬૧
આનંદની હેલી આજે મારે આનંદની હેલી	૫૬
આપને હાર સુત નંદ—વસુદેવના	૩૯
આવડી રઢ શી વિઠ્ઠલા તુજને	૧૬
ઊઠ ઉતાવળો, ચાલ્યને વિઠ્ઠલા	૩૫
ઊઠને શામળા, મૂકો મન આમળા	૩૯
એક તું એક તું એમ સૌ કો સ્તવે	૬૦
એવા રે અમો એવા રે એવા	૨૮
ઓ ભાઈ રે શાંતિ પમાડે	૫૨
ઓળંભો અફળ નહિ જાય મારો વા'લો	૯૪
કર જોડી દાસ વીનવે	,,
કૃષ્ણ કહો, કૃષ્ણ કહો	૭૧
કૃષ્ણકીર્તન વિના નર સદા સૂતકી	૨૫
કૃષ્ણ ગોપાળ તુજ ભકિત વિણ ભવ વિષે	૩૯
કેટલાએક મળી વાત એવી કરે	૫૬
કેદારો મુકાવાને ચાલ્યા	૭૯
કોઈનો ભાર ન રાખે મુરારિ	૫૩
કોઈ સૂધ લાવે દીનાનાથની	૩૨
કોણ આગળ જઈ વિનવું વિઠ્ઠલા!	૬૮
કોણ એ સમાના કામની	૨૫
ખત વાંચતાં હું ખોંખાર્યો	૮૯
ખરેખર કાનુડા તારું મન ચોદશ ભમે	૫૦
ગિરિતળેટી ને કુંડ દામોદર	૨૭

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

પ્રથમ પંક્તિ **પૃષ્ઠાંક**

ગુમાનના ઘેલા રે, આવરદા તો વહી ગઈ રે	૬૨
ગોકુલ વહેલા પધારજો રે	૪૦
ઘડપણ કેણે મોકલ્યું ?	૬૭
ઘેલા મન ગોવિંદને ગાની રે	૨૯
ચાલિયો વાટમાં જ્ઞાનીના ઘાટમાં	૮૫
ચાલો સખી જોવાને જઈએ	૩૩
છપ્પન ભોગ જ્યાં કવણ તાંદુલ ત્યાં	૮૬
જદુપતિનાથ તે મિત્ર છે તમતણા	૮૪
જન્મ ધરી શું કીધું રે	૫૨
જમો તો જમાડું રે, જીવન મારા	૨૨
જય જય નટવર વેશા	૨૩
જલકમલ છાંડી જાને બાળા	૧૭
જસોદાજી જમવાને તેડે	,,
જસોદા તારા કાનુડાને	૧૬
જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા	૩૪
જાગીને જોઉં તો જગત દીસે નહિ	૫૧
જાગ્ય જાગ્ય રે જદુપતિ રજની વિહાણી	૮૯
જાય છે જુવાની તારી જાય છે જુવાની	૭૦
જી રે આજની ઘડી તે રળિયામણી રે	૧૯
જીવને સાટે રે, માળા જીવને સાટે રે	૮૦
જુવાની દહાડે રે, હરિને જાણ્યા નહિ રે	૬૧
જે કુળ હરિની ભકિત ન સાધી	૬૮
જે ગમે જગતગુરુદેવ જગદીશને	૪૨
જેણે રે ગોવિંદરામ તમને વીસર્યા રે	૬૪
જેણે રે શ્રીરામચરણ રસ ચાખ્યો	,,
જેને ઘેર હરિજન હરિજશ ગાય	૧૮
જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ	૫૮
તમારી કૃપાથી શું ના હોય મારા વા'લા	૭૫
તમારો ભરોંસો મને ભારી રે	૫૩
તારા દાસના ચરણની રેણ મસ્તક ધરું	૪૩
તારા દાસના દાસની નિત્ય સંગત વિના	૩૬
તાહરા દાસની હાણ તે હાણ છે તાહરી	૭૨

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

પ્રથમ પંક્તિ	પૃષ્ઠાંક
તાહરી મહેરની લહેર જો પલક પામું	૭૦
તુમ વિના કોને ન જાચું, જાદવરાય	૭૪
તું તારા બિરુદ સામું જોજે શામળા	૨૯
તું તો ગોકુળ માંહે રહેતો	૭૮
તું શાનો કાકોર? હું શાનો સેવક?	૩૧
તે કેમ મૂકયો જાય, ભગવા	૮૦
દયા આણ દયાળજી શીઘ્ર સેવક તણી	૬૯
દિવાળી, દિવાળી, આજ મારે દિવાળી	૪૦
દૂરમતિયા ડાહ્યા થઈ આવે	૬૨
દેવા ટેવ પડી તુજને	૭૫
દેવા ભકતનો ઈશ તું વિષ્ણુ કહાવે સદા	૫૧
દેવા ભકિત આપો મને	૪૫
દોષ દરિયાવ છે, ભકિતમાં ભાવ છે	૯૦
દ્વારિકાના વાસી રે અવસરે વહેલા આવજો રે	૨૧
દ્વારિકા પહોંચ્યા કમળાપતિ	૭૯
ધન્ય તું ધન્ય તું એમ કહે શ્રીહરિ	૯૫
ધન્ય તું ધન્ય તું રાય રણછોડજી	૮૭
ધન્ય ધન્ય રે જીવતર વૈષ્ણવનું	૫૨
ધન્ય રે ધન્ય મહાપુણ્ય જસોદા તણું	૪૮
ધ્યાન ધર, ધ્યાન ધર, નંદના કુંવરનું	૩૬
ધ્યાન ધર, ધ્યાન ધર, નેત્રમાં નાથ છે	૩૭
ધ્યાન ધર હરિતણું, અલ્પમતિ આળસુ	૪૩
નહિ આપું લો નંદના લાલ	૩૯
નંદના નંદ કાં વાર લાગે ઘણી	૬૯
નંદના નંદશું નેહ જેને નહીં	૩૧
નાનું સરખું ગોકળિયું મારે	૧૬
નારાયણનું નામ જ લેતાં	૨૦
નિર્ધન પુરુષ તે નકી હરિ જાણવો	૭૨
નીરખને ગગનમાં કોણ ધૂમી રહ્યો	૫૪
નીરખી લોક નગરના હરખ્યા	૯૫
પઢો રે પોપટ રાજા રામના	૭૧
પરણીને પારકે હાથ શું ભાળવ્યાં	૬૯

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

પ્રથમ પંક્તિ

પૃષ્ઠાંક

પારકી હુંશે મહત્તા કરે પ્રાણિયા ૪૪
પૂરું ના પડે નાથજી તમારી કૃપા વિના ૬૧
પ્રથમ પ્રીત માંડી હવે સૂઈ રહ્યો શામળા ૭૨
પ્રભુ મને તારો, પાર ઉતારો ૫૭
પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા ૩૦
પ્રાતઃ સમે સૂર ઊગ્યા પહેલાં ... ... ,,
પ્રીત કરી પારકે હાથ શું ભાળવે ૮૧
પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર ૪૬
બચવા ભવસિંધુમાં અતિશે મહાભય થકી ... ... ,,
બળિતણે દ્વારે હરિ, વિપ્ર વામન હુવા ૨૭
બાનાની પત રાખ ૨૨
બાપજી! પાપ મેં કવણ કીધાં હશે ૩૫
બાલા રે વરની પાલખી ૬૬
બોલ્યને શામળા, આવડા શા આમળા ૫૦
ભકિત વિના જે જન જીવે ૬૩
ભજનનો વેપાર, હરિ તારા ૯૨
ભાગ્ય જો જો બાઈ કૃપણ ભિક્ષુક તણું ૮૬
ભાંગ્ય ભોગળ શામળિયા સાથી ૮૮
ભૂતળ ભકિત પદારથ મોટું ૨૬
ભોગળ ભાંગીએ રાય દામોદરા ૩૨
ભોળી રે ભરવાડણ, હરિને વેચવાને ચાલી રે ૩૩
મન માન્યું મારું મોહન શું ૬૬
મને હરિગુણ ગાવાની ટેવ પડી ૬૫
મહા હઠીલો મુખથી નહિ બોલે ૭૪
મહેતાજી અમે માધવજીના ૯૦
મારા ઠાકોર દામોદરે ૯૩
મારા નાથજી મુજને, ભકિત દેજો સદા ૪૨
મારા વા'લાજી તું તારા બિરદ સામું જોજે ૧૯
મારા હરિજી શું હેત ન દીસે ૫૬
મારી હૂંડી સ્વીકારો મહારાજ રે ૯૧
મારો ઠાકોર શ્રી દામોદર ૨૪
મારો વા'લોજી રાગ મુકાવીને આવ્યા ૮૮

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

પ્રથમ પંક્તિ	પૃષ્ઠાંક
માહરે તો તારા નામનો આશરો	૮૧
મૂકને લીધો વાદ ભૂંડા	૮૦
મોકલો જશોદાજી કુંવર તમારો	૭૬
મોગરામાળે શું મોહી રહ્યો મોહના	૩૮
મોહન મોરલી વાગી રે	૬૪
રઝળતી રાંડનાં રડવડતાં છોકરાં	૫૯
રાખ્ય ભવસિંધુમાં અતિશે મહા ભય થકી	૬૦
રાત રહે જાહરે. પાછલી ખટ ઘડ	૩૪
રામકૃષ્ણ રામકૃષ્ણ બોલો રે બાવા	૬૬
રામસભામાં અમે રમવાને ગ્યાં'તાં	૬૫
લગારેક નંદના છોરા	૭૬
લુંટાણો રે લોભિયા, માયાનો વળૂંધ્યો	૮૨
વર્ણના ધર્મ તે, કર્મ કરવાં ટળ્યાં	૪૯
વહાલાના ગુણ શા શા કહું રે	૯૪
વહાલો પ્રેમને વશ થયા રાજી રે	૫૪
વહાલા રે મુને વૈષ્ણવ વહાલા	૭૫
વાત વિચારો, મહેતા વાત વિચારો રે	૭૨
વાસ નહિ જ્યાં વૈષ્ણવ કેરો	૬૩
વિનંતિ વળી કહું ભેટ લાવી દઉં	૮૫
વિપ્ર ચાલ્યો વળી કૃષ્ણ સાથે મળી	૮૭
વિવિધ વિચારી પ્રીતડી	૭૪
વૈકંઠ ઢૂંકડું રે, મારા હરિજન હૃદે હજૂર	૫૭
વૈષ્ણવવજન તો તેને કહીએ	૧૫
વૈષ્ણવજનને વિરોધ ન કોઈ શું	૮૩
વૈષ્ણવજનને વિષયથી ટળવું	,,
વૈષ્ણવને ઘેરબેઠાં ગંગા	૮૨
શરીર શોધ્યા વિના સાર નહિ સાંપડે	૫૧
શા સુખે સૂતો, સંભાર શ્રીનાથને	૫૯
શું રે કરું શામળા, લજ્યા મોરી રાખો રે	૬૩
શ્રવણે સૂનો થયો શામળા શ્રીહરિ	૬૯

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

પ્રથમ પંક્તિ **પૃષ્ઠાંક**

શ્રીકૃષ્ણ કૃપાનિધિ કેશવા શ્રીહરિ	૩૭
શ્રી દામોદર દયા કરીને	૯૦
શ્રી દામોદરના ગુણ ગાતાં	૯૩
શ્રીહરિ નરહરિ, કૃષ્ણ કૃપા કરી	૪૫
સદા તું દયાળ, હું દીન દામોદરા	૫૧
સમરને શ્રીહરિ, મેલ મમતા પરી	૪૪
સંતકરુણા થકી, સકલ કારજ સરે	૭૭
સંતો અમે રે વે'વારિયા શ્રી રામનામના	૩૪
સંસારનો ભય નિકટ ન આવે	૭૦
સાધુ સાચે ભજો ચરણ ગોવિંદના	૩૧
સામું જુઓ હરિ શામળા	૨૨
સાર કર શ્રીહરિ દીન જાણી કરી	૩૭
સારમાં સાર અવતાર અબળાતણો	૨૬
સાસરે પધારો રે મારી કુંવરી રે	૭૮
સાંભર સૈયર સૂરતા ધરીને	૪૭
સાંભળો ભામિની કાન ધરી કામિની	૮૪
સુખદુઃખ મનમાં ને આણિયે	૧૫
સ્વામી સાચું કહ્યું બોલવું નવ રહ્યું	૮૪
હરિતણું હેત તને કયમ ગયું વીસરી?	૪૧
હરિનામ વિના નર સૂતકી	૪૮
હરિભકિત વિના જે જન જીવે	૨૪
હરિહરિ રટણ કર	૩૫
હારને કાજે શું હઠ કરો શામળા?	૩૮
હારને કાજ શું વિલંબ કરવો ઘણો?	,,
હાર મધુસૂદન આજ વ્હાલો થયો	૭૩
હાર હૈયા વચ્ચે શું રે રાખી રહ્યો	,,
હાં રે દાણ માગે રે દાણ માગે	૨૦
હાં હાં રે પાંડવ જૂગટે રમવાને રે બેઠા	૫૮
હું રે જાચક તું દાતાર દામોદરા	૭૩
હું વાણોતર તારો શામળિયો	૯૦
હું સદા દીન, તું દયાળ દામોદરા	૪૫

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

નરસિંહ મહેતાનાં ભજનો

૧

[રાગ આશાવરી]

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે. વૈષ્ણવ૦
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ, કાછ, મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે. વૈષ્ણવ૦
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. વૈષ્ણવ૦
મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે. વૈષ્ણવ૦
વણલોભી ને કપટરહિત છે, કામ, ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ ઇકોતેર તાર્યાં રે. વૈષ્ણવ૦

૨

[રાગ વેરાવળ]

સુખદુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં. સુખદુઃખ૦
નળરાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી. સુખદુઃખ૦
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયને નિદ્રા ન આણી. સુખદુઃખ૦
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી. સુખદુઃખ૦
રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લૂંટાણી. સુખદુઃખ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

હરિશ્ચંદ્ર રાય સતવાદિયો, તારાલોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી. સુખદુઃખ૦
શિવજી સરખા સતા નહીં, જેની પાર્વતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી. સુખદુઃખ૦
સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંયાના સ્વામી. સુખદુઃખ૦

૩

[રાગ પ્રભાત]

નાનું સરખું ગોકળિયું, મારે વિઠ્ઠલે વૈકુંઠ કીધું રે;
બ્રહ્માદિકને સ્વપ્ને ન આવે, આહીરને દર્શન દીધું રે. નાનું૦
ખટ્‌દર્શને ખોળયો ન લાધે, વેદ પુરાણ એમ ગાયે રે;
અવનવી લીલા વૃંદાવનમાં, વન વન ધેન ચરાવે રે. નાનું૦
પુરુષોત્તમ લીલા અવતારી, દેહ ધર્યા અવિનાશી રે;
કર જોડીને કહે નરસૈંયો, ગોવાળિયા વૈકુંઠવાસી રે. નાનું૦

૪

[રાગ કેદારો ચરચરી]

આવડી રઢ શી વિઠ્ઠલા તુજને, ગગનથી ઇંદુ કેમ આણ્યું આણી ?
કુંવર કાંઈ નવ લહે, વાત અભિનવી કહે, નોહે કોય ટોપરું ગોળધાણી. આ૦
આંખે આંસુ ઢળે, ઇંદુ[1] દેખી ચળે, ટળવળે માતા ને માન માગે;
રેહે રેહે રોતો, શું રે જોતો ઘણું, રમવા રમકડાં છે રે બોહ આગે.[2] આ૦
ઇંદુ થયો અસ્ત ને રહે નહીં રાખતાં, દધિસુત[3] પ્રકટ કરી આણી આપે;
નરસૈંયાનો સ્વામી માખણે ભોળવ્યો, સકળ વૈભવતણો બંધ કાપે. આ૦

૫

[રાગ પ્રભાત]

જસોદા તારા કાનુડાને, સાદ કરીને વાર રે;
આવડી ધૂમ મચાવે વ્રજમાં, નહીં કોઈ પૂછણહાર રે. જસોદા૦
શીકું તોડયું ગોરસ ઢોળ્યું, ઉઘાડીને બાર રે;
માખણ ખાધું, ઢોળી નાખ્યું, જાન[4] કીધું આ વાર રે. જસોદા૦

---

૧. ચંદ્ર, ૨. પાસ—મોઢા આગળ, ૩. ચંદ્ર, ૪. નુકસાન.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

ખાંખાખોળા કરતો હીંડે, બીહે નહીં લગાર રે;
મહી મથવાની[1] ગોળી ફોડી, આ શાં કહીએ લાડ રે? જસોદા૦

વારે વારે કહું છું તમને, હવે ન રાખું ભાર રે;
નિત ઊઠીને એક કયમ સહીએ, વસી નગર મોઝાર રે? જસોદા૦

મારો કાનજી ઘરમાં હતો, કયારે દીઠો બહાર રે;
દહીં—દૂધનાં માટ ભર્યાં છે, બીજે ચાખે ન લગાર રે. જસોદા૦

શાને કાજે મળીને આવી, ટોળી વળી દશબાર રે;
નરસૈંયાનો સ્વામી સાચો; જૂઠી વ્રજની નાર રે. જસોદા૦

૬

જસોદાજી જમવાને તેડે, નાચંતા હરિ આવે રે;
બોલે મીઠડા બોલડિયા ને અંગોઅંગ નચાવે રે. જસોદા૦

મુખની શોભા શી કહું જાણે, પૂનમ ચદ બિરાજે રે;
નેત્રકમળના ચાળા જોઈ જોઈ, મન્મથ મનમાં લાજે રે. જસોદા૦

અંજન બેઉએ નયણે સાર્યાં, ઉર લટકે ગજમોતી રે;
તિલકતણી રેખા, અતિ સુંદર, માતા હરખે જોતી રે. જસોદા૦

સ્નેહ જણાવીને પુત્રને માર્યો, આવીને કોટે વળગ્યો રે;
લાડકડો અતિ લાડ કરે છે, ક્ષણ ના મેલું અળગો રે. જસોદા૦

ખોળે બેસાડીને ભોજન કરતાં, માતા આનંદ પામી રે;
ભકતવત્સલ ભૂધરજી મળ્યા, મહેતા નરસૈંયાનો સ્વામી રે. જસોદા૦

૭

[પ્રભાતિયું]

જલકમલ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે. જલ૦ (ટેક)

કહે રે બાળક તું મારગ ભૂલ્યો, કે તારા વેરીએ વળાવિયો?
નિશ્ચય તારો કાળ જ ખૂટયો, અહીંયાં તે શીદ આવિયો? જલ૦

નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરાનગરીમાં જૂગટું રમતાં, નાગનું શીશ હું હારિયો. જલ૦

---

૧ વલોવવાની.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જન્મ્યા ? તેમાં તું ઓળખામણો. જલ૦
મારી માતાએ બેઉ જન્મ્યા, તેમાં હું નટવર નહાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો. જલ૦
લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરીઓ;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચોરીઓ. જલ૦
શું કરું નાગણ હાર તારો ? શું કરું તારો દોરીઓ ?
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીઓ ? જલ૦
ચરણ ચાંપી મૂછ મરડી, નાગણે નાગ જગાવીઓ;
ઊઠોને બળવંત, કોઈ બારણે બાળક આવીઓ. જલ૦
બેઉ બળિયા બાથે વળગિયા, કૃષ્ણે કાલિનાગ નાથિયો;
સહસ્ર ફેણા ફૂંફવે, જેમ ગગન ગાજે હાથિયો. જલ૦
નાગણ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરાનગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે. જલ૦
બેઉ કર જોડીને વિનવે, સ્વામી મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને. જલ૦
થાળ ભરી નાગણી સર્વે, મોતીએ શ્રીકૃષ્ણને વધાવીઓ;
નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાથ છોડાવીઓ. જલ૦

૮

જેને ઘેર હરિજન હરિજશ ગાય, તે તો નિત્ય ગંગામાં ન્હાય.
અડસઠ તીરથ ગુરુને આંગણે, દૂર ગયે શું થાય ? (ટેક)
ધ્રુવ નાહ્યા, પ્રહ્લાદ નાહ્યા, હેતે નાહ્યા હનુમાન;
પ્રીત કરી પરીક્ષિત નાહ્યા, જોગી શુકદેવ ગાય. જેને૦
સહુ સંત મળી ધારણ બાંધ્યું, જ્ઞાનગંગા તોળાય;
જપ તપ તીરથ જોડે મળ્યાં, તેમાં સર્વ સાધન મળી જાય. જેને૦
જ્ઞાનગંગાનો મહિમા મોટો, મુખે કહ્યો નવ જાય;
ભલે મળ્યા મહેતા નરસૈંના સ્વામી, હેતે હરિના ગુણ ગાય. જેને૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૯

મારા વા'લાજી, તું તારા બિરદ સામું જોજે શામળા.
અને ન જોઈશ કરણી અમારી રે.

અજામેળ અપરાધી ઓધાર્યો, ગજગણિકાને તારી રે;
ત્રાગડે ત્રાગડે ચીર જ પૂર્યાં, તો પત રાખી પાંડવા તારી રે. તું૦
ઇંદ્રતણે અપરાધ રે અહલ્યા, તે શાપે શલ્યા થઈ ભારી રે;
ચરણ છળ્યા રઘુનંદન કેરા, તો ભર રે જોબન ભઈ નારી રે. તું૦
પ્રહ્લાદ કારણ થંભ ધગાવ્યો, માંય પ્રગટ્યા છે દેવ મુરારિ રે;
હરિએ હિરણ્યાકંસ નખે વધાર્યો, પ્રહ્લાદ પોતાનો જાણી રે. તું૦
અનેક ભકત તમે આગે ઓધાર્યા ને ઓધાર્યા અધિકારી રે;
ભણે નરસૈંયો બેઉ કર જોડી, તો અમને છે આશ તમારી રે. તું૦

૧૦

[ગરબો]

જી રે આજની ઘડી તે રળિયામણી રે;
મારો વા'લોજી આવ્યાની વધામણી રે; જી રે આજની૦
જી રે તરિયાં તોરણ તે બાંધાવિયાં રે;
મારા વા'લાજીને મોતીડે વધાવિયા રે. જી રે આજની૦
જી રે કંકુ કેસરની ગાર કરાવી મેં રે;
ઝીણી કસ્તૂરીની ચોકડી પડાવિયે રે. જી રે આજની૦
જી રે લીલા—પીળા તે વાંસ વઢાવિયે રે;
મારા વા'લાજીનો મંડપ રચાવિયે રે. જી રે આજની૦
જી રે પૂર્યો પૂર્યો સુહાગણ સાથિયો રે;
વા'લો આવે મલપતો હાથિયો રે. જી રે આજની૦
જી રે ગંગા—જમુનાનાં નીર મંગાવિયે રે;
મારા વા'લાજીના ચરણ પખાળિયે રે. જી રે આજની૦
જી રે સોનારૂપાની થાળી મંગાવિયે રે;
માંહે ચમકતો દીવડો મેલાવિયે રે. જી રે આજની૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

જી રે તન મન ધન ઓવારિયે રે;
મારા વા'લાજીની આરતી ઉતારિયે રે. જી રે આજની૦
જી રે રસ વાધ્યો જે અતિ મીઠડો રે;
મેં'તા નરસૈંયાનો સ્વામી દીઠડો રે. જી રે આજની૦

૧૧

[ગરબી]

હાં રે દાણ માગે રે દાણ માગે.
હાં રે તારી મોરલીના બોલ વાગે રે, દાણ માગે, હાં રે૦
હાં રે કાન કિયા મુલકનો સૂબો, હાં રે મારા મારગ વચ્ચે ઊભો રે૦
દાણ માગે, હાં રે૦
હાં રે કાન કિયા મુલકનો રસિયો, હાં રે મારા મારગ વચ્ચે વસિયો રે૦
દાણ માગે, હાં રે૦
હાં રે કાન કિયા મુલકનો દાણી, હાં રે મારી નવરંગ ચૂંદડી તાણી રે૦
દાણ માગે, હાં રે૦
હાં રે કાન કિયા મુલકનો મહેતો, હાં રે મારા મારગ વચ્ચે રહેતો રે૦
દાણ માગે, હાં રે૦
હાં રે કાન જળ જમુનાને આરે, હાં રે એમાં કોણ જીતે કોણ હારે રે૦
દાણ માગે, હાં રે૦
હાં રે કાન નથી સાકર, નથી મેવા, હાં રે ખાટી છાશમાં શું આવ્યો લેવા રે૦
દાણ માગે, હાં રે૦
હાં રે મેં'તા નરસૈંયાના સ્વામી મુરારિ, હાં રે તમે લૂંટો મા દા'ડી દા'ડી રે૦
દાણ માગે, હાં રે૦

૧૨

[રાગ જંગલો]

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજિયે રે;
મનસા વાચા, કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજિયે રે. નારા૦
કુળને તજિયે, કુટુંબને તજિયે, તજિયે મા ને બાપ રે;
ભગિની, સુત, દારાને તજિયે, જેમ તજે કંચુકી સાપ રે. નારા૦

સ. સા.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

પ્રથમ પિતા પ્રહ્લાદે તજ્યો, નવ તજ્યું હરિનું નામ રે;
ભરત—શત્રુઘ્ને તજી જનેતા, નવ તજ્યા શ્રીરામ રે. નારા૦
ઋષિપત્ની શ્રીહરિને કાજે, નિજ તજ્યા ભરથાર રે;
તેમાં તેનું કાંઈયે ન ગયું, પામી પદારથ ચાર રે. નારા૦
વ્રજવનિતા વિઠ્ઠલને કાજે, સર્વ તજી વન ચાલી રે;
ભણે નરસૈંયો વૃંદાવનમાં, મોહનવરશું મા'લી રે. નારા૦

૧૩

દ્વારિકાના વાસી રે, અવસરે વહેલા આવજો રે;
રાણી રુક્મિણી કેરા કંથ. (ટેક)

દુષ્ટ દુર્યોધન રે લાગ્યો મને પીડવા રે,
પ્રભુ મારા ચૌદિશ ન્યાળું તારો પંથ. દ્વારિકાના૦

સોડ તાણી રે શું સૂતો શામળા રે,
આળસ મોડીને ઊઠો આજ;
લક્ષ્મીજી તળાંસે રે પાવન તારાં પાવલાં રે,
અમ પર મહેર કરો મહારાજ. દ્વારિકાના૦

ગ્રાહ થકી રે ગજને મુકાવિયો રે,
કીધી તમે સુધન્વાની સહાય;
નરસિંહરૂપે રે હિરણ્યકશ્યપુ હણ્યો રે,
પ્રહ્લાદ ઉગાર્યો લાગ્યો પાય. દ્વારિકાના૦

છપ્પન કરોડ રે જાદવ તાહરા રે,
સાથ બળિભદ્ર સરીખા ભ્રાત;
કાળિનાગ નાથ્યો રે, જરાસંધ જીતિયો રે,
તે બળ ક્યાં ગયું મારા નાથ? દ્વારિકાના૦

વસમી વેળા મારે રે વહારે ચડો વિઠ્ઠલા રે;
ધાજો તમે છત્રપતિ નિરધાર;
અસવારી કરજો રે ગરુડની ઉપર રે,
નરસૈંયો વિનવે વારંવાર. દ્વારિકાના૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૪

[રાગ બિહાગ]

બાનાની પત રાખ, પ્રભુ, તારા બાનાની પત રાખ;
બાના રે માટે જો દુઃખ દેશે તો, કોણ પૂરે તારી શાખ? (ટેક)
રોહિદાસની રે તમે રાબડી લીધી, ને નવ જોઈ જાત કે ભાત;
શાને માટે સન્મુખ રહીને, તમે નાઈ કહેવાયા હો નાથ? પ્રભુ૦
પ્રહ્લાદની તે પ્રતિપાલણ પાળીને, સ્તંભમાં પૂર્યો વાસ;
તાતી કઢા તમે શીતળ કીધી, સુધન્વાને પાસ. પ્રભુ૦
પંચાળીનાં પટકુળ પૂર્યાં, ને રાખી સભામાં લાજ.
સાયરમાંથી બૂડતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ. પ્રભુ૦
ઝેર હતાં તેનાં અમૃત કીધાં, ને આપ્યાં મીરાંને હાથ;
મેંતાને મંડળિક મારવા આવ્યો, ત્યારે કેદારો લાવ્યા મધરાત. પ્રભુ૦
ભકતોનાં તમે સંકટ ભાંગ્યાં, ત્યારે દૃઢ આવ્યો વિશ્વાસ;
નરસિંહના સ્વામીને કહું કર જોડી જે, પૂરો અંતરની આશ. પ્રભુ૦

૧૫

સામું જુઓ હરિ શામળા આવો મેલી ન જાઓ; (ટેક)
ઘણા દિવસની પ્રીતડી તોડી, અળગા ન થાઓ. સામું૦
ગગન અષાડી ગાજિયો, વરસે મેઘની ધારા,
તેણે સમે હરિ સાંભળ્યા, મીઠી મોરલીવાળા. સામું૦
શ્રાવણ સામે સુંદરી, ભજી લ્યો ભગવાના;
શ્રાવણ માસે સરવડે, ઘરે આવોને કા'ના. સામું૦
ભાદરવો ભલો મદમચ્યો, મેહુલી મદમાતી;
ગોરીએ ગોરસ રેડિયાં, પીવા આવો સંગાતી. સામું૦
આસો માસે આશા ઘણી, પૂરે અંતરજામી;
રિદ્ધિ સિદ્ધિ નવ નિધિ લઈ કરી, મળ્યો નરસૈંનો સ્વામી. સામું૦

૧૬

[રાગ ધોળ]

જમો. તો જમાડું, રે જીવન મારા,
વા'લા મારા, સોવ્રણ થાળ ભરી લાવું;
કાંઈ મોતીડે વધાવું રે. જીવન મારા૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

વા'લાજી મારા, ખાજાં, જલેબી ને મેવા;
કાંઈ ધીરેધીરે લેવા રે. જીવન મારા૦
વા'લાજી મારા, શીરો પૂરી ને કંસાર;
કાંઈ ઉપર ઘીની ધાર રે. જીવન મારા૦
વા'લાજી મારા, જમનાજળ ભરી લાવું;
કાંઈ આચમન લેવરાવું રે. જીવન મારા૦
વા'લાજી મારા, પાનની બીડીઓ આપું;
માંહી લવિંગ—સોપારી નાખું રે. જીવન મારા૦
વા'લાજી મારા, આવો તો આસન આપું;
વીંજણીએ ઢોળું વાયુ રે. જીવન મારા૦
વા'લાજી મારા, સુંદર સેજ સમારું;
કાંઈ રંગભેર રમાડું રે; જીવન મારા૦
વા'લાજી મારા, નરસૈંયાના સ્વામી, સંગ રંગ કીધો;
કાંઈ ભોગ ધરીને લીધો રે. જીવન મારા૦

૧૭

[આરતી]

જય જય નટવર વેશા, આરતી ઉતારું જદુવર જગદીશા. જયદેવ જય૦
મોરમુકુટ મસ્તક પર રાજે, કંઠે વનમાળા; (૨)
શ્રવણે કુંડળ લળકે, સંગ લીએ બ્રજબાલા. જયદેવ૦
નૃત્ય કરે નારાયણ વૃંદાવન, ઘૂઘરડી ઘમકે; (૨)
નાચે રાધા માધવ, પાયલ ઠમડમકે. જયદેવ૦
ઘમઘર (ઘમ) ઘૂઘરડી ઘમકે, તાળ પખાળ વાજે; (૨)
સુંદર સ્વર અતિ સારો, ઊંચે સ્વર ગાજે. જયદેવ૦
તાતા થેઈ તાતા થેઈ શબ્દ થાય આજે; (૨)
નૂપુર ભ્રકુટી વિરાજિત, કૌસ્તુભમણિ રાજે. જયદેવ૦
ઊંચે સ્વર ગાજે ગિરધારી, ઊંચે સ્વર ગાજે; (૨)
મનમોહનની શોભા, મન્મથ બહુ લાજે ! જયદેવ૦
રાસ રચ્યો વૃંદાવન, જોવાને જઈએ; (૨)
માધવ મુખ નીરખીને, નરસી દીવડીઓ લઈએ. જયદેવ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૮

[પ્રભાતિયું]

અજ્ઞાન અબુદ્ધ તારું મન ચોદિશ ભ્રમે, પ્રીતની રીત તું શું રે જાણે ?
પ્રીત વિના તું વિપરીત મુખ ઓચરે, એમ અજ્ઞાન તું કેમ આણે ? અ૦
વિશ્વવ્યાપક પાળક છે શ્રીહરિ, તે રઘુનાથને તું શું રે જાણે ?
વેદ નેતિ કહે નારદ શારદ સદા જપે, જે હરિ ગોપિકા પ્રેમ આણે. અ૦
જે રઘુવીર રણધીર કહાવે સદા, દશરથવીર રઘુનાથ કહાવે;
અળગો છે સર્વથી, સર્વ મધ્યે સદા, તે અલ્પબુદ્ધિને ઘટ કેમ આવે ? અ૦
અલ્પમતિ ઓચરે, જન્મ વૃથા કરે, હરિજન વિના હરિ હાથ ના'વે;
ભણે નરસૈંયો હું અસત્ય ન ઓચરું, લીન થયા વિના હરિ કેમ આવે ? અ૦

૧૯

[પ્રભાતિયું]

મારો ડાકોર શ્રી દામોદર, મારી સાર કીધી સાંભળી રે;
અંતર નવ રાખ્યો મન સાથે, હાર આપ્યો ઉતારી રે. મારો૦
રમઝમ કરતાં હરિ પધાર્યા, આપ્યો દાસને હાર રે;
સખીઓ સઉકો હરિને વધાવે, બોલે જેજેકાર રે. મારો૦
શ્રીમુખ બોલે દામોદરજી, ધનધન વૈષ્ણવ જાત રે;
અતઃકરણનો સાક્ષી મારો, વેચાઉં તારે હાથ રે. મારો૦
શિવ—સનકાદિક, નારદ—શારદ, દેવતા તેત્રીસ ક્રોડ રે;
અંતરિક્ષ રહીને જે જે બોલે, નરસૈંયો જીત્યો હોડ રે. મારો૦

૨૦

[રાગ આશાવરી]

હરિભકિત વિના જે જન જીવે, તેનો જાયે અફળ અવતાર રે;
તુલસીની માળા તિલક વણ પાળે, બીજા જૂઠા શણગાર રે.
દશ માસ માતા મહા દુઃખ પામી, આકરાજ ખરભાર રે;
દેહ ધરીને હરિનો દાસ ન કહાવ્યો; તેની જનનીને ધિક્કાર રે.
હરિભકત જેને નહિ વહાલા, તેને કૃપા નહિ નિરધાર રે;
નરસૈંયાના સ્વામી વિના બીજા અનેક ધર્મ વ્યભિચાર રે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૨૧

[રાગ સામગ્રી]

આજ મારાં નેણાં રે સફળ થયાં, નાથ જોયા મેં નીરખી. (ટેક)
સુંદર વન નિહાળતાં, મારા હૃદયામાં હરખી. આજ૦
જે મારા મનમાં હતું, તે મારે વા'લેજીએ કીધું;
પ્રેમેથી પિયુજી પધાર્યા, આલિંગન દીધું. આજ૦
જોગી રે જંગમ રે સેવડા, તેના સ્વપ્નામાં ના આવે;
ભાગ ભલાં વ્રજનારનાં, હરિને લાડ લડાવે. આજ૦
ધન ધન ગોકુળ ગામડું, ધન ધન વ્રજનો વાસ;
ધન ધન આ ભૂમિને જ્યાં વહાલો રમિયા છે રાસ. આજ૦
અંતરિક્ષથી સહુ દેવતા, ત્યાં જોવાને આવે;
થાળ ભર્યો સગ મોતીએ, નાગર નરસિંહ વધાવે. આજ૦

૨૨

કોણ એ સમાના કામની, દત્ત ફળિયેલ રામા;
દ્રૌપદીની લજ્જા રાખવા, હરિ ઊભા છે સામા. કોણ એ૦
વા'લોજી, ગયા'તા રે વાડીએ, સરવે સુંદરી સાથે;
શેરડીનો સાંઠો છોલતાં, પારી બેઠી છે હાથે. કોણ એ૦
માનની મંદિર પધારિયાં, ચીંથરડી રે લેવા;
દ્રૌપદીએ ચીર વધેરિયું હરિને પાટો બાંધવા. કોણ એ૦
ત્રિકમે તેના તાંતણા લખી રાખ્યા છે લેખે;
નવસેં નવ્વાણું ચીર પૂરિયાં, સઘળી સભા રે દેખે. કોણ એ૦
ગરુડે ચડીને ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામી;
ભકત ઉદ્ધારણ ભૂધરો, મહેતા નરસૈંનો સ્વામી. કોણ એ૦

૨૩

કૃષ્ણકીર્તન વિના નર સદા સૂતકી વિમળ કીધે વપુ શુદ્ધ ન થાયે;
સકળ તીરથ શ્રીકૃષ્ણ કીર્તન—કથા, હરિતણા દાસ જ્યાં હેતે ગાયે.
કૃષ્ણકીર્તન વિના૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

પૂર્ણ પુરુષોત્તમ, નવલરંગી તજી, અન્ય દેવે જેનું મન મોહે;
કોટિ ચિંતામણિ કામધેનુ તજી, મહિષીના પુત્રનું દૂધ દોહે.
કૃષ્ણકીર્તન વિના૦

ગર્ગ જોષી જશ ગાય જેનો સદા, નારદ નામ મુખથી ન મૂકે;
તે બ્રહ્મદ્વાર આવીને ઊભા રહ્યા, ગોપિકા મુખ જોવાને ઢૂંકે.
કૃષ્ણકીર્તન વિના૦

અજ ભવ સુરપતિ સ્વપ્ને પેખે નહીં, નેતિ નેતિ કહી નિગમ વામે;
નરસૈંયો રંક જશ ગાઈને રીઝવે, સહસ્રમુખે શેષ પાર ન પામે.
કૃષ્ણકીર્તન વિના૦

૨૪

સારમાં સાર અવતાર અબળાતણો, જે બળે બળિભદ્ર વીર રીઝે;
પુરુષ પુરુષાતન શું કરું હે સખિ, જેથી નહીં મારું કાજ સીજે.
સારમાં સાર અવતાર૦

મુક્તિપર્યંત તો પ્રાપ્તિ છે પુરુષને, સત્ય જો સેવકભાવ રાખે;
રસભર્યું રૂસણું નાથ નોહોરા કરે, તે નહીં નાર અવતાર પાખે.
સારમાં સાર અવતાર૦

ઇંદ્ર આદિક અજ ઈશ ને મહામુનિ, ગોપિકા ચરણરજ તેહ વંદે;
ગોપીથી આપનું અધમપણું લેખવે, નરપણું વચ્ચે આપ નિંદે.
સારમાં સાર અવતાર૦

વેદ—વેદાંત, ઉપનિષદો ષટ્ મળી, જે મથીને રસ પ્રગટ કીધો;
તે રસ ભાગ્યનિધિ ભામની ભોગવે, અહોનિશ અનુભવ સંગ લીધો.
સારમાં સાર અવતાર૦

સ્વપ્નું સાચું કરે ગિરિધર શામળો, પ્રણમું હું પ્રાણપતિ પ્રાણ જોડી;
પંથનું જેમ પશુ પૂંઠણ વળગ્યું ફરે, નરસૈંના નાથજી નાથ તોડી.
સારમાં સાર અવતાર૮

૨૫

[રાગ પ્રભાતિયું, ખમાજ—ધુમાળી]

ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહી રે;
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાસી માંહી રે. ભૂતળ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

હરિના જન તો મુકિત ન માગે, જન્મોજન્મ અવતાર રે;
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે. ભૂતળ૦
ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયા રે;
ધન ધન રે એનાં માતપિતાને, સફળ કરી એણે કાયા રે. ભૂતળ૦
ધન વૃંદાવન, ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે;
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુકિત છે એમની દાસી રે. ભૂતળ૦
એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે;
કાંઈ એક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે. ભૂતળ૦

૨૬

[રાગ પ્રભાતિયું]

બળિતણે દ્વારે હરિ, વિપ્ર વામન હુવા, વેદની ધૂન ગઈ ગગન ગાજી;
ઇંદ્રપ્રસ્થથી બળિ આવ્યો ઉતાવળો, જે રે જોઈએ તે દ્વિજ લ્યોને માગી. બ૦
એક પર્ણકુટિ તણો, દામ ભણવા કરું, બોલવું તે મારે મૂળ સાચું;
વિપ્ર ફરે ઘણા લોભના વાહેલા,[1] દાન માટે ઘણો હું ન રાચું. બ૦
લ્યોને દ્વિજજી તમે નવનવાં મંદિરો, ભૂમિ શું માગી રે ત્રણ ડગમાં ?
લ્યોજી ભંડાર બહુ કૂંચીઓ સહિત વળી, માગો હસ્તી મારા રાખો ઘરમાં. બ૦
હસ્તીભંડારને, હું લેઈ શું કરું, લોભિયાની નથી જાત મારી;
આગે વિધાતાએ વામન નીરમ્યો, વ્રતે રહેવું મારે બ્રહ્મચારી. બ૦
ચેતજે તું બળિ, શુક્ર કહે છળ પડયો, વિષ્ણુ એ વામન વેશધારી;
અશ્વજગન સમે, દાન અવનીતણું, પાત્ર એવું ક્યાં મળે મુને મુરારિ ! બ૦
હરિતણા ચરણ ઉપર નીર નામતાં, નાળમાં[2] ભૃગુસુત પેઠે ચાલી;
રીસ હૃદય ધરી, ઘણું ઘણું રાયજી, નેત્રમાં દર્ભની શેર ઘાલી. બ૦
બાપડો બળિરાય, પગ તળે ચાંપિયો, પ્રભુ પાતાળનો કરીને થાપ્યો;
ભણે નરસૈંયો, હરિભકત આધીન છે, ઇંદ્ર અવિચળ અધિકાર આપ્યો. બ૦

૨૭

[રાગ પ્રભાતિયું]

ગિરિતળેટી ને કુંડ દામોદર, ત્યાં મહેતાજી નાહવા જાય;
ઢેઢ વરણમાં દૃઢ હરિભકિત, તે પ્રેમ ધરીને લાગ્યા પાય. ગિરિ૦

---

૧ પ્રેરાયેલા. ૨. ઝારીનું નાળચું.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

કર જોડીને પ્રાર્થના કીધી, વિનતિતણાં બહુ વદ્યા રે વચન;
મહાંત[1] પુરુષ અમારી અરજ એટલી, અમારે આંગણે કરો રે કીર્તન. ગિરિ૦
પ્રેમ પદારથ અમો પામીએ, વામીએ જન્મમરણ જંજાળ;
કર જોડતામાં કરુણા ઊપજી, મહેતાજી વૈષ્ણવ પરમ દયાળ. ગિરિ૦
પક્ષાપક્ષી ત્યાં નહીં પરમેશ્વર, સમદૃષ્ટિ ને સર્વ સમાન;
ગોમૂત્ર તુલસી વૃક્ષ કરી લીંપજો, એવું વૈષ્ણવે આપ્યું વરદાન. ગિરિ૦
મહેતાજી નિશાળે આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ;
ભોર[2] થયા લગી ભજન કીધું, સંતોષ પામ્યા સૌ વૈષ્ણવ. ગિરિ૦
ઘેર પધાર્યા હરિજશ ગાતા, વાતા'[3] તાળ ને શંખ—મૃદંગ;
હસીહસી નાગર તાળીઓ લે છે, આ શા રે બ્રાહ્મણના ઢંગ? ગિરિ૦
મૌન ગ્રહીને મહેતાજી ચાલ્યા, અધવધરાને[4] શો ઉત્તર દેઉં?
જાગ્યા લોક નરનારી પૂછે, મહેતાજી તમે એવા શું? ગિરિ૦
નાત ન જાણો ને જાત ન જાણો, ન જાણો કાંઈ વિવેકવિચાર;
કર જોડીને કહે નરસૈંયો, વૈષ્ણવતણો મને છે આધાર. ગિરિ૦

૨૮

એવા રે અમો એવા રે એવા, તમે કહો છો વળી તેવા રે;
ભકિત કરતાં જો ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવા રે. એવા રે૦
જેનું મન જે સાથે બંધાણું, પહેલું હતું ઘર રાતું[5] રે;
હવે થયું છે હરિરસ માતું, ઘેરઘેર હીંડે છે ગાતું રે. એવા રે૦
સઘળા સાથમાં હું એક ભૂંડો, ભૂંડાથી વળી ભૂંડો રે;
તમારે મન માને તે કહેજો, સ્નેહ લાગ્યો છે મને ઊંડો રે. એવા રે૦
કર્મ—ધર્મની વાત છે જેટલી, તે મુજને નવ ભાવે રે;
સઘળા પદારથ જે થકી પામે, મારા પ્રભુની તોલે ના'વે રે. એવા રે૦
હળવાં કર્મનો હું નરસૈંયો, મુજને તો વૈષ્ણવ વહાલા રે;
હરિજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ઠાલા રે. એવા રે૦

૧. મોટા. ૨. પ્રભાત. ૩. વગાડતા. ૪. અરધું સમજેલા. ૫. રંજન કરનારું.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૨૯

[રાગ પ્રભાતિયું]

તું તારા બિરુદ સામું જોજે શામળા, ન જોઈશ કરણી હમારી રે. (ટેક)
હિરણ્યકશ્યપુને હાથે હણિયો, માસી પૂતના મારી રે;
પ્રહ્લાદ કારણ સ્થંભમાં વસિયા, પ્રગટયા દેવ મોરારિ રે. તું તારા૦
લાખાગૃહમાં જેમ પાંડવ ઉગાર્યા, બ્રહ્માંડ જ્વાળા વ્યાપી રે;
અર્ધ વચને ગજ ગુણકા તારી, જયદેવને પદ્મિની આપી રે. તું તારા૦
દુષ્ટ સભામાં જેમ ચીર જ પૂર્યો, લાજ પંચાળીની પાળી રે;
તેલકઢા જેમ શીતળ કીધી, વેળા સુધન્વાની વાળી રે. તું તારા૦
ઋષીશ્વરે જેમ અહલ્યા શાપી, બ્રહ્મ શલ્યા થઈ ભારી રે;
તે પણ તારે ચરણે રઘુવર, થઈ અનોપમ નારી રે. તું તારા૦
મીરાંબાઈનાં વિખ અમૃત કીધાં, વિદુરની આરોગ્યા ભાજી રે;
શબરીનાં તમે બોર જ પ્રાશ્યાં, તેની પ્રીતે થયા રાજી રે. તું તારા૦
અનેક ભકત આગે ઉગાર્યા, સહાય થયા મોરારિ રે;
નરસૈંયાના સ્વામી લક્ષ્મીવર, મોટી ઓથ તમારી રે. તું તારા૦

૩૦

ઘેલા મન ગોવિંદ ગાની રે, ઘેલા ગાની ગોવિંદ ગાની રે. (ટેક)
શુકલતીર્થને ઉમરે રે, અલ્યા જમણે હાથ;
આલ્યા હશે તો પામશે રે, નહિ આવે રે તારી સાથ;
ગવાય તો ગોવિંદ ગાજો રે, પવાય તો પાઈને પીજો રે. ઘેલા મન૦
ખાઓ પીઓ ધન વાવરો રે, પહેરો કપડાં સાર;
પ્રાણી તે સરખો આત્મા રે, નહિ મળે વારોવાર' ઘેલા મન૦
ભીડ પડયા ભાગ્યા રે, નહિ મા ને બાપ;
ચેતી શકે તો હાંરે ચેતજો રે, ફરી કશાય ન દેય રે જબાપ. ઘેલા મન૦
ચોખ્ખી કરની ચાકરી રે, ખરો મહિનો ખાની,
જ્ઞાનખડ્ગ લે હાથમાં રે, જેમનો શિર લે ન ઘાની. ઘેલા મન૦
બાંધી શકો તો બાંધજો રે, પાણી પહેલી પાળ;
છેલ્લે કયારે જળ વળ્યું રે, ગુણ ગાયે નરસૈંયો દયાળ. ઘેલા મન૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૩૧

પ્રાતઃ સમે સૂર ઊગ્યા પહેલાં, જો રે રસના મુખ રામ કહે;
હાંરે હાંરે કૃષ્ણને તું ભજ નામે, જગતમાં તારું નામ રહે. પ્રાતઃ૦
રામનામનો મહિમા મોટો, શિવસનકાદિક ધ્યાન ધરે;
મેરુ થકી મોટું હોય પ્રાયશ્ચિત્ત, નારાયણના નામે તરે. પ્રાતઃ૦
કેસરી ઘૂરે[1] જ્યમ મૃગ જ ત્રાસે, રવિ ઊગે જ્યમ તિમિર[2] ટળે;
પૂરણબ્રહ્મ અકળ અવિનાશી, કુબુદ્ધિના તાપ તરત હરે. પ્રાતઃ૦
કોટિ કલ્યાણ ફળ ઉદય ભાણે,[3] પાપ બાપડું ક્યાંરે રહે?
અધમ નીર ગંગામાં ભળ્યું ત્યારે, ગંગા સરખું થઈને વહે. પ્રાતઃ૦
એ રસને શુકદેવજી જાણે, કોઈક વિરલા સંત લહે;
ભણે નરસૈંયો તમે પ્રભુ ભજી લો, આવાગમનનો ફેરો ટળે. પ્રાતઃ૦

૩૨

[પ્રભાતિયું]

પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા, અહરનિશ એને ગાઉં રે. (ટેક)
તપ, તીરથ, વૈકુંઠપદ મૂકી, મારા ભકત બોલાવે ત્યાં જાઉં રે. પ્રા૦
અંબરીષ રાજા મને અતિ ઘણો વહાલો, દુર્વાસાએ મન ભંગ કીધું રે;
મેં મારું અભિમાન તજીને ચક્ર સુદર્શન વાળી લીધું રે. પ્રા૦
ગજને કારણ પાળો રે ધાયો, સંતોની કરવા સાર રે;
ઊંચનીચ હું તો કાંઈ નવ જાણું, મને ભજે તે મારાં રે. પ્રા૦
લક્ષ્મીજી અર્ધાંગના મારી, પણ મારા સંતની દાસી રે;
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા, કોટિ કાશી રે. પ્રા૦
સંત ચાલે ત્યાં હું આગળ ચાલું, ને સંત સૂએ તો હું જાગું રે;
મારા સંતની નિંદા કરે તેની, જિહ્વા સદ્ય જ કાપું રે. પ્રા૦
મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવે બાંધ્યા મેં નવ છૂટે રે;
એકવાર વૈષ્ણવ મને બાંધે તો, તે બંધન મેં નવ તૂટે રે. પ્રા૦
બેસી ગાય ત્યાં હું ઊભો સાંભળું; ઊભા ગાય ત્યાં હું નાચું રે;
હું તો વૈષ્ણવથી ક્ષણ નહિ અળગો, ભણે નરસૈંયો સાચું રે. પ્રા૦

---

૧. ઘૂરકવું, બરાડવું. ૨. અંધકાર. ૩. સૂર્ય.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૩૩

નંદના નંદશું નેહ જેને નહીં, તે રેલ માનવ ખર—શ્વાન તોલે,
ભૂતળ ભાર કરવાને અવતર્યા, પ્રેતની પેર સંસાર ડોલે.
નંદના નંદશું૦

દૃષ્ટિ થકી ટળો, ભોગ તેના બળો, શિળા પડો તેના મુખ સાથે;
જીવતા જન તે તો જમ જેવા જાણવા, પ્રીત નહીં જેહને કૃષ્ણ માથે.
નંદના નંદશું૦

કીર્તિ શ્રીકૃષ્ણની, જીભથી નવ ભણે, તેને મુખે દેવરાય તાળું;
ભણે નરસૈંયો જેણે હરિને જાણ્યા નહિ, તેહનું કુટુંબ સદાય કાળું.
નંદના નંદશું૦

૩૪

સાધુ સાચે ભજે ચરણ ગોવિંદના
માનવી દેહ તે તત્ત્વ કહિયે. (ટેક)
કૃષ્ણ કહો કૃષ્ણ કહો વળી વળી કૃષ્ણ કહો,
કૃષ્ણ કહેતાં સહુ સુખ લહિયે. સાધુ સાચે ભજે૦
કૃષ્ણસેવાતણી અમર ઈચ્છા કરે,
મૂઢમતિ માનવી કાંઈ ન જાણે;
કૃષ્ણનું નામ રખે હૃદયેથી વીસરે,
ધન્યમાં ધન્ય કૃષ્ણ પ્રમાણે. સાધુ સાચે ભજે૦
જેને જોવા મહામુનિ જન વન ભમે,
વિઠ્ઠલો વનમાં ગાયો ચારે;
ભણે નરસૈંયો જે ચતુર નર તે ખરો,
અહર્નિશ કૃષ્ણ શ્રીકૃષ્ણ ધારે. સાધુ સાચે ભજે૦

૩૫

તું શાનો ઠાકોર ? હું શાનો સેવક ? કરમના લેખ ભૂસ્યા ન જાયે;
મંડલિક હાર માટે મને બહુ દમે, છબિલાજી હવે કેમ થાયે ?
તું શાનો ઠાકોર૦

મુંને કો કહે લંપટી, કો કહે લોભિયો, કો કહે તાલકૂટિયો રે ખોટો;
સાર કર શ્રીહરિ દીન જાણી કરી, હાર આપો તો કહું નાથ મોટો.
તું શાનો ઠાકોર૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

વેવાઈએ મુજને અતિશે વગોવિયો, ઉષ્ણોદક મૂકી ઉપહાસ્ય કીધું;
દ્વાદશ મેઘ ત્યાં મોકલ્યા શ્રીહરિ, આપના દાસને માન દીધું.
તું શાનો ઠાકોર૦

જ્યાહરે મુજને મહાદેવે કૃપા કરી, ત્યારે મેં લક્ષ્મીનાથ ગાયો;
મામેરા. વેળાએ લાજ જાતી હુતી, ગરુડ મૂકી તું ચરણે ધાયો.
તું શાનો ઠાકોર૦

મારી પાસ સુંદરી બાંહ્ય કંઠે ધરી, કેશવા કીર્તન એમ થાયે;
અબુદ્ધિયા લોક તે અસત્ય વાણી વદે, પુન્યવંત લોક તે પ્રેમે ગાયે.
તું શાનો ઠાકોર૦

હીરની દોરીએ હાર ગૂંથો હરિ, વાણું વાય તો નિજ દાસ મરશે;
દયા કરીને હરિ હાર આલો મુંને, શામળ સાહ્ય તે કૃષ્ણ કરશે.
તું શાનો ઠાકોર૦

સોરઠમાં મુંને સર્વે સાચો કહે, પુત્રીનું મોસાળું સારું કીધું;
નાગરી નાતમાં ઈંડું ચડાવિયું, નરસૈંયાને અભેદાન દીધું.
તું શાનો ઠાકોર૦

૩૬

ભોગળ ભાંગીએ રાય દામોદરા, ઊઠો જદુનાથ દેવાધિદેવા;
રાય મંડલિક મદભર્યો એમ ઓચરે, જાણે નરસૈંયાની જૂઠી સેવા.
ભોગળ ભાંગીએ૦

ભકતપાળક તું દયાળ દામોદરા, દાસ નરસૈંને શરણે રાખો;
પતીજ છે મુજને તારી, નાગર સાથે હરિ નેહ દાખો.
ભોગળ ભાંગીએ૦

નિશદિન નરહરિ નામ હૃદયે વસ્યું, પતિતપાવન તારું બિરદ કહાવો;
ગ્રાહ થકી ગજ મુકાવિયો શ્રીહરિ, તેમ નરસૈંયાને મુકાવો.
ભોગળ ભાંગીએ૦

૩૭

કોઈ સૂધ લાવે દીનાનાથની તેને નવનિધિ આલું;
મોતીડે વધાવું મારા નાથને, મારા રુદિયામાં ઘાલું. કોઈ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

ઉત્તર દિશાથી ઊમડિયો, વરસે ઘોરમઘોર;
ચોદશે ચમકે વીજળી, મીઠા બોલે છે મોર. કોઈ૦
જેની ઋતે બગ પાવસ ઢળે, પંખી ઘાલે છે માળા;
તેણે સમે હરિ સાંભર્યા, મારા રુદયાના પ્યારા. કોઈ૦
ગોકુળ મથુરા બે ગામડાં, લખ આવે ને જાવે;
કઠણ હૈયાના કહાનજી, સમાચાર ન કહાવે. કોઈ૦
પ્રેમાતુર રસ પ્રેમદા, ગોકુળના ગામી;
રિદ્ધિસિદ્ધિ નવ નિધિ લઈ કરી, મળ્યો નરસૈનો સ્વામી. કોઈ૦

૩૮

[રાગ વસંત]

ચાલો સખી જોવાને જઈએ, શ્રીગોકુળ આંબો મોર્યો. (ટેક)
નૌતમરૂપ ધર્યું એણે આંબે, ત્રિભુવન છાઈ રહ્યો મારો વા'લો. ચાલો૦
યદુકુળ વાસુદેવે વાવ્યો, દેવકીને ઉદરે અવતર્યો;
થાણું દઈ બાવાનંદ ઘેર આવ્યો, જસોદાએ પાવસ સેવ્યો મારો વા'લો. ચાલો૦
સહસ્ર શાખ લાગી એણે આંબે મૂળ પાતાળે પરવાર્યો;
શેષનાગની ફેણે સંચર્યો, ઇંદ્ર લગી આંબો વિસ્તાર્યો મારો વા'લો. ચાલો૦
ધ્રુવ, અંબરીષ, રાજા રુકમાંગદ, પ્રહ્લાદે ઘણો સેવ્યો;
ભણે નરસૈંયો પૂજ્યાંનાં ઈ ફળ, વૈષ્ણવજનને હૃદે વસ્યો મારો વા'લો. ચાલો૦

૩૯

ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે. (ટેક)
ગિરિવરધારીને ઉપાડી મટુકીમાં ઘાલી રે. ભોળી૦
શેરીએ શેરીએ સાદ પાડે, કોઈને લેવા મુરારિ રે;
નાથ અનાથનો વેચે ચૌટા વચ્ચે, આહીર નારી રે. ભોળી૦
વ્રજનારી પૂછે શું છે માંહી, મધુરી મોરલી વાગી રે;
મટુકી ઉતારીને જોતાં, મૂર્ચ્છા સૌને લાગી રે. ભોળી૦
બ્રહ્માદિક ઇંદ્રાદિક સરખા, કૌતુક ઊભા પેખે રે:
ચૌદ લોકમાં ન માય તે, મટુકીમાં બેઠેલા દેખે રે. ભોળી૦
ભકતજનોના ભાગ્યે વ્રજમાં, પ્રગટયા અંતરજામી રે;
દાસલડાને લાડ લડાવે, નરસૈંયાનો સ્વામી રે. ભોળી૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૪૦

સંતો અમે રે વેંવારિયા શ્રીરામનામના;
વેપારી આવે છે બધા ગામગામના. સંતો૦
અમારું વસાણું સાધું સઉ કોને ભાવે;
અઢારે વરણ જેને હોરવાને આવે. સંતો૦
અમારું વસાણુ કાળ—દુકાળે ન ખૂટે;
જેને રાજા ન દંડે, જેને ચોર ના લૂંટે. સંતો૦
લાખ વિનાનાં લેખાં નહિ ને પાર વિનાની પૂંજી;
હોરવું હોય તો હોરી લેજો, કસ્તૂરી છે સોંઘી. સંતો૦
રામનામ ધન અમારે, વાજે ને ગાજે;
છપ્પન ઉપર ભેર, ભોરિ ભૂંગળ વાજે. સંતો૦
આવરો ને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ;
ચિઠ્ઠીમાં ચતુરભુજ લખિયા, નરસૈંયાનું કામ. સંતો૦

૪૧

[રાગ પ્રભાતિયું]

જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા, તુજ વિણ ધેનમાં કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળિયો કોણ થાશે ?
દહીં તણાં દૈથરાં ઘી તણાં ઘેબરાં, કઢિયેલાં દૂધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથિયો, કાળિનાગ નાથિયો, ભૂમિનો ભાર તે કોણ લેશે ?
જમુનાને તીરે, ગોધણ ચરાવતાં, મધુરી શી મોરલી કોણ વહાશે ?
ભણે નરસૈંયો તારા ગુણ ગાઈ રીઝિયે, બૂડતાં બાંહેડી કોણ સહાશે ?

૪૨

[રાગ પ્રભાતિયું]

રાત રહે જાહરે, પાછલી ખટ ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી[1] સમરવા શ્રીહરિ, એક તું એક તું એમ કહેવું. રા૦
જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા. રા૦

---

૧ તજીને, છોડીને

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

સુકવિ હોય તેણે સદ્ગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું. રા૦
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંયાંના સ્વામીને, સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નર ને નારી. રા૦

૪૩

[રાગ પ્રભાતિયું]

ઊઠ ઉતાવળો, ચાલ્યને વિકુલા, ગોવિંદ ગાયને વચ્છ[1] ધાવે;
જાગને જાદવા, જનની જસોદા વદે, કહાન કાં ઘણી તને નિદ્રા આવે? ઊઠ૦
દંતધાવન[2] કરો, આળસ પરહરો, રજની તિમિર[3] ગયું પોહો ફાટ્યું;[4]
કરમળો કૂરને શે ન શીરાવતો, દહીં રે દામોદરા થાય ખાટું. ઊઠ૦
બારણાં બહાર બળિભદ્ર ઊભા રહ્યા, જો રે વહાલા તારી વાટ જોયે;
નરસૈંના સ્વામીનું મુખડું દીઠડે, માતાનું મનડું અતિ રે મોહે. ઊઠ૦

૪૪

[રાગ પ્રભાતિયું]

હરિહરિ રટણ કર કરણ કળિકાળમાં, દામ[5] બેસે નહિ કામ સરશે;
ભકત આધીન છે, શ્યામસુંદર સદા, તે તારાં કારજ સિદ્ધ કરશે. હરિ૦
અલ્પ સુખ સારું શું, મૂઢ ફૂલ્યો ફરે, શીશ પર કાળ રહ્યો દંત કરડે;
પામર[6] પલકની, ખબર તુજને નહીં, મૂઢ શું જોઈને મૂછ મરડે? હરિ૦
પ્રૌઢ પાપે કરી, બુદ્ધિ પાછી ફરી, પરહરી થડ શું ડાળે વળગ્યો;
ઈશને ઈર્ષા છે નહીં, જીવ પર, આપણે અવગુણે રહ્યો રે અળગો. હરિ૦
પરપંચ પરહરો,[7] સાર હૃદિયે ધરો, ઊચરો હરિમુખે અચળ વાણી;
નરસૈંયા હરિતણી ભકિત ભૂલીશ મા, ભકિત વિના બીજું ધૂળધાણી. હરિ૦

૪૫

[રાગ પ્રભાતિયું]

બાપજી! પાપ મેં કવણ કીધાં હશે, નામ લેતાં તારું નિદ્રા આવે;
ઊંઘ આલસ્ય, આહાર મેં આદર્યો, લાભ વિના લવ[8] કરવી મનભાવે. બા૦

---

૧. વાછરડાં ૨. દાતણ ૩. રાત્રિનો અંધકાર ૪. પ્રભાત થયું
૫. પૈસો ૬. કંગાલ રંક. ૭. સંસાર તજી દો ૮. લવલવાટ

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

દિન પૂંઠે દિન તો વહી જાય છે, દુરમતિનાં મેં ભર્યાં રે ડાલાં;[1]
ભકિત ભૂતલ[2] વિષે, નવ કરી તાહરી, ખાંડયાં સંસારનાં થોથાં ઠાલાં. ધ્રા૦
દેહ છે જૂઠડી, કરમ છે જૂઠડાં, ભીડભંજન તારું નામ સાચું;
ફરીફરી વરણવું; શ્રીહરિ તુજને, પતિતપાવન તારું નામ જાચું. ધ્રા૦
તારી કરુણા વિના કૃષ્ણ કોડામણા, કળ અને વિકળનું બળ ન ફાવે;
નરસૈંયા રંકને ઝંખના તાહરી, હેડ[3] બેડી ભાંગો શરણ આવે. ધ્રા૦

૪૬

[રાગ પ્રભાતિયું]

તારા દાસના દાસની નિત્ય સંગત વિના, ભ્રષ્ટ થાય ભૂધરા મન મારું;
દુષ્ટની સંગતે, દુષ્ટ મતિ ઊપજે, શ્રવણ—કીર્તન નવ થાય તારું. તારા૦
પૂર્ણ વિષપાનથી, દુરિજન દોહેલા, વિષ પીધું તન તેનું મરશે;
તુજ થકી વેગળા, તેહની સંગતે, જન્મ કોટીતણા સુકૃત હરશે. તારા૦
અમૃતની ઉપમા સાધુને નવ ઘટે, રાહુની દુષ્ટતા ન ટાળી તેણે;
પ્રહ્લાદ, નારદે, ગર્ભસંગત કરી, વશ કર્યા વૈકુંઠનાથ જેણે. તારા૦
ચતુરધા મુકિત છે, જૂજવી જુકિતની, તાહરા તે તેહને નવ રાચે;
બેઉ કર જોડીને નરસૈંયો વીનવે, જન્મોજન્મ તારી ભકિત જાચે. તારા૦

૪૭

[રાગ પ્રભાતિયું]

ધ્યાન ધર, ધ્યાન ધર, નંદના કુંવરનું, જે થકી અખિલ આનંદ પામે;
અષ્ટ મહાસિદ્ધિ તે, દ્વાર ઊભી રહે, દેહનાં દુષ્કૃત તે દૂર વામે. ધ્યાન૦
મોરના પીંછનો મુગટ મસ્તક ધરે, કુંડળ, મકરાકૃત શ્રવણ લટકે;
નીલવટ તિલક, તે, સુભગ કેસરતણું, કંઠ મુકતાફળ હાર ઢળકે. ધ્યાન૦
પીતાંબર પલવટ, કટિતર રુચિર છે, લલિત ત્રિભંગી વહાલો વેણું વાયે;
કદમનાં દ્રુમ તળે, રાધિકા રસ ભરી, હરજીને સંગ આલાપી ગાયે. ધ્યાન૦
મોરલીની ધૂન સુણી, વનિતા વ્યાકુળ થઈ, ગોપિકા કેરડાં વૃંદ આવે;
નરસૈંયાને મન, આનંદ અતિ ઘણો, પુષ્પ મુકતાફળ લેઈ વધાવે. ધ્યાન૦

---

૧. મોટા છાછરા ઘાટના પહોળા ટોપલા, એ ખાજાં ભરવાના કામમાં આવે છે.
૨. પૃથ્વી
૩. ગુનેગારને રાખવા માટેનો કોરેલા લાકડાનો કટકો

સ. સા.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૪૮

[રાગ રામકલી—ભૈરવી અથવા પ્રભાતિયું]

ધ્યાન ધર, ધ્યાન ધર, નેત્રમાં નાથ છે, અંતર ભાળની એક સુરતી;
દેહીમાં દરસશે પ્રેમથી પરસશે, અજબ અનોપમ અધર મૂરતિ. ધ્યાન૦
મોરલીના નાદમાં, શ્રવણના સાદમાં, ઝાંઝરી ઝાલરી ડમક વાજે;
તાલ મૃદંગ ને ચંગ ઉપમા ઘણા, ભેરીનો નાદ બ્રહ્માંડ ગાજે. ધ્યાન૦
મન પરસન થશે, કર્યા કરમ નાસશે. ભાસશે બ્રહ્મ વ્રજ વંન વેલી;
કુંજલલિત માંહે શ્રીકૃષ્ણ લીલા કરે, નીરખની નૌતમ નિત્ય કેલી. ધ્યાન૦
સુરતસંગ્રામમાં વિલસે રંગમાં, દરસશે દેહીનું મન મરતાં;
નરસૈંયાના સ્વામી સર્વ સુખ આપશે, દુષ્કૃત કાપશે ધ્યાન ધરતાં. ધ્યાન૦

૪૯

શ્રીકૃષ્ણ કૃપાનિધિ કેશવા શ્રીહરિ, હું અનાથ તું નાથ કહીએ;
હાર કાજે મને રાયજી પરભવે, છબીલા વિના શરણે કોને જઈએ ?
શ્રીકૃષ્ણ કૃપાનિધિ૦
સંસાર પરહરી નામ તારું જપું, તો પ્રભુ કાં પેરે પીડો ?
અંતરંગ અવલોકીને શામળા, તુજ વિના હૃદયાશું કોણ ભીડે ?
શ્રીકૃષ્ણ કૃપાનિધિ૦
મારા મનમાં હરખ પૂરણ છે, તો મારું દુઃખ પ્રભુ શે ન જાણે ?
ભણે નરસૈંયો પૂરણ પ્રીત જ મારે, મંડલિક મુજને મારે વાણે.
શ્રીકૃષ્ણ કૃપાનિધિ૦

૫૦

સાર કર શ્રીહરિ દીન જાણી કરી, સન્મુખ થઈને જોને આજ;
અમે નાગરા હઠ કરી બોલશું, નહિ રાખું ત્રિકમા તારી લાજ.
સાર કર શ્રીહરિ૦
ગોકુળ માંહી તું ગાળ ખાતો ફરે, નવનીત આહીરનાં લેતો ચોરી.
ચંચળ ચોર તું મુખ નથી બોલતો, હવે અમો લાજ ખોઈશું જ તોરી,
સાર કર શ્રીહરિ૦
બહુ પેરે ગોપીને લાડ લડાવિયાં, અન્ન આહીરનાં લેતો ચાખી;
નટવાની પેરે તું નૃત્યલીલા કરે, નરસૈંયા સંગ શું શેખી રાખી.
સાર કર શ્રીહરિ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૫૧

મોગરામાળે શું મોહી રહ્યો મોહના ? હાર આપે તો તારી ખ્યાત વાધે;
નાગર તાહરું નામ ગાતો હતો, ત્રિકમ તુંને નહિ કોઈ આરાધે.
મોગરામાળે શું૦

સરવ જાતિતણા લોકો ટોળે મળ્યા, સહાય કરશો તેની પાસ થાશે;
મૃત્યુના ભય થકી નરસૈંયો ન બીહે, પણ તારો જશ જગદીશ જાશે.
મોગરામાળે શું૦

રજની તો વહી ગઈ, લાજ રાખી નહિ, જ્યોત ઝાંખી થઈ જાય દીવા;
કેશવા કંઠથી માળ અળગી કરો, પ્રેમે આરોપો નરસૈંની ગ્રીવા.
મોગરામાળે શું૦

૫૨

હારને કાજે શું હઠ કરો શામળા ? જાચવાને તારી પાસ આવ્યો;
રાધિકાસંગ તું વાત બેઠો કરે, કહે રે વૈકુંઠથી તું શું રે લાવ્યો ?
હારને કાજ શું૦

તારું નામ વિશ્વંભર ધર્યું તે વરાંસિયે, નંદનો છોકરો છાશ પીતો;
ઓઢતો કામળી, હાથમાં લાકડી, ગાવડી ચારતો વન રે'તો.
હારને કાજ શું૦

માત તું તાત તું ભ્રાત તું ભૂધરા, તુજ વિના દુઃખ કોને કહીએ ?
ભણે નરસૈંયો તારા ગુણ ગાઈ જીવીએ, એકલા ભૂતળમાં કેમ રહીએ ?
હારને કાજ શું૦

૫૩

હારને કાજ શું વિલંબ કરવો ઘણો ? ન્હોયે કૌસ્તુભ વિદ્રુમમાલા;
ઊજળાં પુષ્પ ને સૂત્રનો તાંતણો, તેને શું મોહી રહ્યો નંદલાલા ?
હારને કાજ શું વિલંબ૦

ઊંચને મૂકીને નીચને અનુસર્યો, જોઈ નહીં જાદવા જાત દાસી;
રાજાની દીકરી રુકિમણી પરહરી, કુબ્જાને મંદિર થયો નિવાસી.
હારને કાજ શું વિલંબ૦

રત્ન ગુંજા વચ્ચે ભેદ નહીં ભૂધરા, સાયરા છીલરાં સમ વખાણો;
મંડલિક હારને કાજ મને પરભવે, દોહ્યલાં દાસનાં શે ન જાણો ?
હારને કાજ શું વિલંબ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

લોક કૌતુક જુએ લાજ તારી ખુએ, સુખે શું સૂતો દેવાધિદેવા ?
કેશવા માળ કંઠેથી ઉતારિયે, પ્રેમે શણગાર નરસૈંની ગ્રીવા.
હારને કાજ શું વિલંબ૦

૫૪

આપને હાર સુત નંદ—વસુદેવના, આદિ—અનાદિ તુંને લાજ થોડી;
કંસના ભય થકી નાસી ગોકુળ ગયો, રહ્યો આહીર શું પ્રીત જોડી,
આપને હાર સુત૦
તારી ગરજ માટે માબાપ તેં બેં કર્યાં, સુર ને અસુર, મુનિ સર્વ જોતા;
કંસનો વધ કર્યો, અર્થ તારો સર્યો, ગોપીજન મૂકિયાં વને રોતાં.
આપને હાર સુત૦
ભકિત કરતાં તું આહીરનો નવ થયો, તે મુંને હાર તું કેમ આપે ?
ભણે નરસૈંયો રજની રે થોડી રહી, અલ્યા તસ્કર મુંને શું સંતાપે ?
આપને હાર સુત૦

૫૫

ઊઠને શામળા મૂકો મન આમળા, બોલે નહિ શું જ અભિમાન માટે ?
આલ્યને હાર કાં પ્રગટ હમણાં કરું, જે કામ કીધું બાંસીવટ ઘાટે.
ઊઠને શામળા૦
અણવરી નાર તેં ભોગવી ભૂધરા, પરણતાં ગરથ શું બેસે તારે ?
હારને વાર થઈ ભાર ભાંગી ગયો, શું કહું નાથજી વારે વારે ?
ઊઠને શામળા૦
કળિજુગ માંહે કલંક જો લાગશે, વૈષ્ણવની ગત તે કોણ થાશે ?
ભણે નરસૈંયો હુંય હળવો પડયો, તાહરા ગુણ હય કોણ ગાશે ?
ઊઠને શામળા૦

૫૬

[દાણલીલા]

નહિ આપું હો નંદના લાલ, મહીડાં મારાં રે;
તું પૂંઠેપૂંઠે મા ચાલ, અમે નથી તારાં રે.
તારી જીભલડીના બોલ, હૈયે વાગે રે;
નિત્ય લેવા આવે દાણ, શું મોહન માગે રે !

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

અમે રહીએ ગોકુળિયે ગામ, મથુરા જઈએ રે;
કેમ રોકે વાટમાં ચોર? દાણ નહિ દઈએ રે.
તું નિર્લજ્જ ચાલના બાળ, હું નથી એવી રે;
કાન તારે ને મારે આજ, થશે જોવા જેવી રે.
વહાલે ફોડયાં મહીનાં માટ, વસ્ત્રો તાણી રે.
લૂંટી વનમાં સહિયર સાથ, રાધા રાણી રે.
જીત્યા જીત્યા જુગદાધાર ગોપીઓ હારી રે.
મળ્યો નરસૈંયાનો નાથ, બટુક બ્રહ્મચારી રે.

૫૭

ગોકુલ વહેલા પધારજો રે;
મથુરા જાવ તો મારા સમ હો લાલ. ગોકુલ૦
રથ જોડીને અક્રૂર આવિયા રે;
એ તો મને દુઃખડાંના દેનાર હો લાલ. ગોકુલ૦
ઓ જાય, ઓ જાય, રથ મારા નાથનો રે;
માંહે બેઠા હળધર વીર હો લાલ. ગોકુલ૦
આગળ રાધાજી ઊભાં રહ્યાં રે;
મારા હૃદિયા પર રથ ખેડ હો લાલ. ગોકુલ૦
મહેતા નરસિંહનો સ્વામી શામળો રે;
વહાલે મારે રમાડયાં છે રાસ હો લાલ. ગોકુલ૦

૫૮

દિવાળી દિવાળી આજ મારે દિવાળી દિવાળી. (ટેક)
હાં રે ઘરે આવ્યા શ્રીવનમાળી. આજ૦
ઝળહળઝળહળ ઝગે દીવડા મોતીએ ચોક પુરાવું રે;
માનુની મળી મંગળ ગીત ગાવો, દુંદુભિ વગડાવું. આજ૦
અનાથને કીધાં સનાથ હવે, વિનતિ એટલી કહીએ રે;
નરસૈંયાના સ્વામી માગું, મુજ મંદિરથી નવ જઈએ રે. આજ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૫૯

કૃષ્ણ ગોપાલ તુજ ભકિત વિણ ભવ વિષે, ભટકતો મુજને કોણ રાખે? (ટેક)
અનેક યોનિ ભમ્યો, તાપ તોય ના શમ્યો, ક્ષણ નથી સુખ તુજ શરણ પાખે,
કૃષ્ણ ગોપાલ૦

ક્ષીણ પુણ્યે કરી દેહ જગમાં ધરી, દુષ્કૃતોથી હજી ના વિરામ્યો;
લોભ લહેરે ભમ્યો, નીચ જનને નમ્યો, દેહદુઃખમાં રમ્યો, વિષય પામ્યો.
કૃષ્ણ ગોપાલ૦

રતન જતને જડ્યું, છીપ માંહે પડ્યું, કાળ અચાનકે કંઠ સહાયો;
કામરુ દેશની કુટિલ માયા મળી, કારમું કુટુંબ દેખી લોભાયો.
કૃષ્ણ ગોપાલ૦

સાચો સગો ખરો, તું તે રહ્યો પરો, અણછતું દુઃખ મેં શિર લીધું;
મારું મારુ કરી, મોહ મમતા ભરી, અમૃત ઢોળીને વિખ પીધું.
કૃષ્ણ ગોપાલ૦

જનમ ને મરણ, જોબન જરાએ દમ્યો, આહારવિહાર નિદ્રામાં મોહ્યો;
કલ્પના કોટ ભવમોટપ મટી નહીં, કૃષ્ણકીર્તન વિના કાળ ખોયો.
કૃષ્ણ ગોપાલ૦

એક ક્ષણ પણ ન રહે, મન મુજ આવર્યું, પ્રીત ધરી ચિત્ત ભકિતમાં મ્હાલે;
નરસૈંયા રંકને દંખ ભોરંગ ડસ્યો, એ દુઃખ તુજ વિના કોણ ટાળે?
કૃષ્ણ ગોપાલ૦

૬૦

[રાગ પ્રભાતિયું]

હરિતણું હેત તને, કયમ ગયું વીસરી? પશુ રે કેડીને નરરૂપ કીધું;
હાડ ને છેડ[1] કરી, સહુ તને હાંકતું, આજ વધારીને માન દીધું. હરિ૦
ઘાંચીનું ગાળિયું, કંઠથી ટાળિયું, નેત્રના પાટા શ્રીનાથે છોડયા;
તે તણા ચરણને, નવ ભજ્યો કૃતઘ્ની, તેં ન ગુણ પાડના હાથ જોડયા. હરિ૦
પગ ઠોકી કરી, માગતો મૂઢમતિ, ઘાસ—પાણી કરી શબ્દ ઝીણા;
આજ ગોવિંદગુણ ગાઈને નાચતાં, લાજ આવે તને કર્મહીણા! હરિ૦

---

૧. હાડછેડ. ધુતકારવું; શરીર ઉપર મારવું.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

લાંબી શી ડોક ને કાંકોલ[૧] ચાવતો, ઊંટ જાણી ઘણો ભાર લાદે;
આજ અમૃત જમે, હરખે હળવો ભમે, વૈકુંઠનાથને નવ આરાધે. હરિ૦
પીઠ અંબાડી ને અંકુશ માર સહી, રેણુ[૨] ઉડાડતો ધરણી[૩] હેઠો;
આજ ચુવા ચંદન, આભ્રણ[૪] અંગ ધરી, વેગે જાય તું વેંલે બેઠો. હરિ૦
અન્ન ને વસ્ત્ર ને ભૂષણ સર્વ જે, તેહનો તુજને હતો ઉધારો;
નરસૈંયાના સ્વામીએ, સર્વ સારુ કર્યું, તે પ્રભુને તમે કાં વિસારો? હરિ૦

૬૧

[રાગ પ્રભાતિયું]

મારા નાથજી મુજને, ભકિત દેજો, સદા, દીન જાણીને સંભાળ લેજો;
ભકિત આપી ભલા ભાવથી ભૂધરા, અંતે આવી અહોનિશ રહેજો. મારા૦
ભકિત કારણ મારો દેહ દુર્બળ હજો, દેહ કારણ રખે સ્નેહ જાયે;
આજ મન સાથે જદુનાથ જો વીસરે, વળતી વલે[૫] મારી કુણ થાયે? મારા૦
કર્મ કૂડાં કરી, ખાણ ચારે ભરી, નાસવા નીસર્યો નામ ખારી;
કૃષ્ણ કીર્તન વિના જામ[૬] જાયે વૃથા, જેમ રહે જુગટે સિદ્ધિ હારી. મારા૦
હું ગર્ભ નાના ફર્યો, નિત્ય ઉજાગરો, નવ ડર્યો નાથજી શરણ પાખે;
ભવ[૭] વિષે બૂડતાં, વાહર ને બૂમ નહિ, બાંહ્ય ગ્રહી[૮] મુજને કોણ રાખે? મારા૦
અલ્પ આયુષ્યમાં, કલ્પના મનુષ્યને, આજ કીધું વળી કાલ કરવું;
શ્વાસનો શો વિશ્વાસ, નહિ નિમિષનો, આશ અધૂરી અને એમ મરવું. મારા૦
ઉત્તમ મધ્યમ વરણ તું વિઠ્ઠલા, પ્રકટ થઈને દરશન પમાડો:
નરસૈંયા રંકને, ટંક[૯] કરુણા કરો, દીનબંધુ વળ્યો આંક આડો. મારા૦

૬૨

[રાગ પ્રભાતિયું]

જે ગમે જગતગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો[૧૦] ફોક કરવો; (ટેક)
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો.
હું કરું હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો[૧૧] ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે! જે૦

---

૧. એક જાતના કાંટાનો છોડ. ૨. ધૂળ ૩. પૃથ્વી ૪. ઘરેણાં. ૫. સ્થિતિ. ૬. પહોર ૭. સંસારરૂપી સાગર. ૮. હાથ પકડી ૯. થોડી ટાંક જેટલી ૧૦. શોક. દુઃખ. ૧૧. ગાડાનો.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

નીપજે નરથી તો કોઈ ન રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે,
રાય ને રંક કોઈ દૃષ્ટે આવે નહિ, ભવન પર[1] ભવન પર છત્ર દાખે. જે૦
ઋતુ લતા પત્ર ફળફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં, જે સમે જે લખ્યું,[2] તેહને તે સમે તે જ પહોંચે. જે૦
ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તે જ પૂજે;
મન વચન કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે. જે૦.
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી નરસૈંયો એમ કહે, જન્મ પ્રતી જન્મ હરિને જ જાચું. જે૦

૬૩

[રાગ પ્રભાતિયું]

ધ્યાન ધર હરિતણુ અલ્પમતિ, આળસુ, જે થકી જન્મનાં દુઃખ જાયે;
અવર ધંધો કરે, અરથ કાંઈ નવ સરે, માયા દેખાડીને મૃત્યુ વહાયે.[3]
સકળ કલ્યાણ શ્રીકૃષ્ણના ચરણમાં, શરણ આવે સુખ પાર હોયે;
અવર[4] વેપાર તું, મેલ મિથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ મોંએ.
પટક[5] માયા પરી, અટક ચરણે હરિ, વટક મા[6] વાત સુણતાં જ સાચી;
આશનું[7] ભવન આકાશ સુધી રચ્યું, મૂઢ એ મૂળથી ભીંત કાચી.
અંગ જોબન ગયું, પલિત પિંજર[8] થયું, તોય નથી લેતો શ્રીકૃષ્ણ કહેવું;
ચેત રે ચેત દિન ચાર છે લાભના, લીંબુ લહેકાવતાં[9] રાજ લેવું.
સરસ ગુણ હરિતણા, જે જને અનુસર્યા, તે તણા સુજશ તો જગત બોલે;
નરસૈંયા રંકને પ્રીત પ્રભુ શું ઘણી, અવર વેપાર નહિ ભજન તોલે.

૬૪

[રાગ પ્રભાતિયું]

તારા દાસના ચરણની રેણ મસ્તક ધરું, જે થકી કોટી કલ્યાણ પામું;
નીરખતાં નેહશું નેત્ર-અમૃત ઠરે, ભવતણાં પાપ તે ક્ષણમાં વામું. (ટેક)

---

૧. ઘર ૨. પાઠભેદ—'જેહના ભાગ્યમાં જેહને જે લખ્યું.' બીજી પ્રતમાં નીચેની કડી વિશેષ જોવામાં આવે છે અને તે ત્રીજી કડી પછી આવે છે:

'કાષ્ઠની પૂતળી કોટી લટકાં કરે, મરકટ માનવી ચાહી નચાવો;
અખિલ બ્રહ્માંડમાં એક છે નાથ તું, પુણ્ય ને પાપ નામ કહાવો.'

૩. છેતરે ૪. બીજો ૫. તરછોડી નાખ ૬. મનમાં શંકા ઉત્પન્ન ન કર ૭. આશાનું ૮. પળિયાં આવેલું શરીર (पलितं मुंडम्) ૯. ઉછાળતાં.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

ભકત ભેટતાં કિલ્બિષ[1] નવ રહે, જ્ઞાનદીપક થકી તિમિર નાસે;
ધન્ય ધન્ય ભાગ્ય જે સાધુસંગત કરે, શ્રીકૃષ્ણકીર્તન થકી તિમિર ભાસે; તારા૦
એક ક્ષણવાર જે સંતસંગત કરે, ધન્ય ઘડી જંતુની[2] તે જ જાણો;
ભણે નરસૈંયો ભવસાગર બૂડતાં, હરિજન નાવ નિશ્ચે પ્રમાણો, તારા૦

૬૫

[રાગ પ્રભાતિયું આસામાંડ—ઝપતાલ]

સમરને શ્રીહરિ, મેલ મમતા પરી, જોને વિચારીને મૂળ તારું;
તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો? વગર સમજે કહે મારું મારું. સમર૦
દેહ તારી નથી, જો તું જુગતે કરી, રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહસંબંધ તજે, નવનવા બહુ થશે, પુત્ર કલત્ર[3] પરિવાર વહાયે.[4] સમર૦
ધન તણું ધ્યાન તું, અહોનિશ આદરે, એ જ તારે અંતરાય મોટી;
પાસે છે પિયુ અલ્યા કેમ ગયો વીસરી, હાથથી બાજી ગઈ થયો રે ખોટી. સમર૦
ભરનિદ્રા ભર્યો, રંધી[5] ઘેર્યો ઘણો, સંતના શબ્દ સુણી કાં ન જાગે?
ન જાગતા નરસૈંયા છે લાજ અતિ ઘણી, જનમોજનમ તારી ખાંત ભાંગે. સમર૦

૬૬

[રાગ પ્રભાતિયું]

પારકી હૂંશે[6] મહતા કરે પ્રાણિયા, પુણ્ય પાખી સર્વ વાત ખોટી;
કે તેં તો કર્ષણ કોદરા વાવિયા, ક્યાંથી જમે તું તો દાળરોટી? પા૦
કે તેં દાન કદી આપ્યું અજાતણું?[7] ક્યાંથી દૂહે તું તો ઘેર ઓટી?[8]
કે તેં તો કથિર સોનારને આપિયું, ક્યાંથી પહેરે તું તો કનક કોટી?[9] પા૦
પુણ્યથી રિદ્ધિ છે, પુણ્યથી સિદ્ધિ છે, પુણ્યથી પહેરશો ડગલો ડોટી;[10]
ભણે નરસૈંયો તું પુણ્ય કર પ્રાણિયા, પુણ્યથી પામશે પદવી મોટી. પા૦

---

૧. પાપ ૨. જંતુ એટલે નાનું જીવડું—મનુષ્ય ૩. સ્ત્રી ૪. છેતરે ૫. રૂંધવું ૬. હૂંશે (હોંશનું અપભ્રંશ), આશા, કુમક, મદદ ૭. બકરાનું ૮. ગાય ૯. કાનમાં પહેરવાનું એક ઘરેણું. ૧૦. એક જાતનું વસ્ત્ર.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૬૭

હું સદા દીન, તું દયાળ દામોદરા, હે દીનાનાથ જો વિચારી;
ચરણને શરણ આવ્યો કૃપાનાથ હું, તું લે સંભાળ ગોપાળ મારી.
હું સદા દીન૦

દેવના દેવ સુણ ભકતવત્સલ હરિ, વિશ્વપાલક એવું બિરદ તારે;
એમ જાણુ, ગમે તેમ કર ત્રિકમા, અવર સ્વામી ન કોઈ શિર મારે.
હું સદા દીન૦

જો મારાં કરમ સામું ભાળે ભૂધરા, પતિતપાવન તારું નામ જાશે;
છોડતાં છૂટતું નથી હવે શ્યામ તું, છોડે તો નિશ્ચે ઉપહાસ થાશે.
હું સદા દીન૦

આવીને દ્રૌપદી સામે ઊભો રહ્યો, નામ પોકારીને સહાય માગે,
તેમ તુજ નામનો નરસૈંયો જપ કરે, રાખ શરણે તુજ ચરણ આગે.
હુ સદા દીન૦

૬૮

શ્રીહરિ, નરહરિ, કૃષ્ણ કૃપા કરી, રાખો લક્ષ્મીવર ચરણ શરણે;
શોક–મોહે ગયા, જન્મ સઘળા વૃથા, દુષ્ટ ચિંતા કરી ઉદર ભરણે.
શ્રીહરિ, નરહરિ

માત તું, તાત તું, ભ્રાત તું, ભૂધરા, તુજ વિના અવર કો'ને ન જાણું;
દાસ હું, નાથ તું, એમ સમજી સદા, દ્વારમાં બેસી તુજ ગુણ વખાણું.
શ્રીહરિ, નરહરિ૦

શરણ દ્યો શ્રીહરિ, દીન જાણી કરી, સર્વદા દાસને ચરણે રાખો;
બેઉ કર જોડીને નરસૈંયો વીનવે, નિત્ય, પ્રતિ નિત્ય કરુણાએ દાખો.
શ્રીહરિ, નરહરિ૦

૬૯

દેવા, ભકિત આપો મને, ભકિત આપો મને;
વિષયના સુખથી મન ઉથાપો.
કૃષ્ણ કરુણા કરો, કર મારો ગ્રહો,
મોહમાયા તણી જાળ કાપો. દેવા ભકિત૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

સુરનર, મુનિવર, સ્તુતિ નિશદિન કરે,
વેદવાણીથી બ્રહ્મા વખાણે. દેવા ભક્તિ૦
ભણે નરસૈંયો તે ધન્ય છે ધન્ય,
જે ભક્તિરસ પૂર્ણ પ્રેમે પ્રમાણે. દેવા ભક્તિ૦

૭૦

પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર,
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે. (ટેક)
દૂબળા ઢોરનું કુશકે મન ચળે,
ચતુરધા મુક્તિ તેઓ ન માગે. પ્રેમરસ૦
પ્રેમની વાત પરીક્ષિત પ્રીછ્યો નહીં,
શુકજીએ સમજીને રસ સંતાડયો;
જ્ઞાન—વૈરાગ્ય કથી ગ્રંથ પૂરો કર્યો;
મુક્તિનો માર્ગ એવો દેખાયો. પ્રેમરસ૦
મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને,
જ્ઞાની—વિજ્ઞાની, બહુ મુનિ રે જોગી;
પ્રેમને જોગવ્યો વ્રજતણી ગોપિકા,
અવર વિરલા તુજ ભક્ત ભોગી. પ્રેમરસ૦
પ્રેતને મુક્તિ તો પરમ વલ્લભ સદા,
હેતના જીવ તે હેત તૂટે;
જન્મોજન્મ લીલારસ ગાવતાં,
લહાણનાં વહાણ જેમ દ્વાર છૂટે. પ્રેમરસ૦
મેં ગ્રહ્યો હાથ ગોપીનાથ ગરવાતણો,
અવર બીજું હવે કંઈ ન ભાવે;
નરસૈંયો મૂઢમતિ ગાય એમ ગુણ કથી,
જતિ—સતીને તો સ્વપ્ને ના'વે. પ્રેમરસ૦

૭૧

બચવા ભવસિંધુમાં અતિશે, મહાભય થકી,
રાખ્ય હરિનામનું નાવ મેલી;
ઘોર ઘૂઘવાટ જલવેલની રેલ પર,
મહેરના પવનમાં મેલ ઠેલી. બચવા૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

વિષયતૃષ્ણા પરે મોહ મન ના ધરો;
હું ને મારું તેમાં જગત ડૂબે;
શરણે રહ્યા તેને ભવભય ના નડે;
અળગા ટળ્યા થયા અસુર સહુએ. બચવા૦

સુખ તો અલ્પ ને દુઃખ ડુંગર સમાં,
જન્મ્યો છે જંતુ આ જન્મરોગી;
એકનિશ્ચે, પ્રભુ નામના આશરે,
રહે કોઈ વિરલા ભકિતભોગી. બચવા૦

જન્મોજન્મના તાપ નિવારવા,
નામ મંગળ શ્રીહરિનાં ઉચ્ચરે;
બેય કર જોડીને નરસૈંયો વીનવે,
ભવજળે બૂડતાં એ જ તારે. બચવા૦

૭૨

સાંભળ સૈયર, સૂરતા ધરીને, આજ મેં એને દીઠો રે;
જે દીઠો તે દીઠા જેવો, અમૃત પે અતિ મીઠો રે. સાં૦

દૃષ્ટે ન આવે, નિગમ જે ગાવે, વાણીરહિત વિચાર્યો રે;
સત્ય અનંત અગોચર કહીએ, નવધાથી પણ ન્યારો રે. સાં૦

નવધામાં તો નથી નિવેડો, દશધામાં દેખાશે રે;
અજર અમર સુખના રસ એવા, પ્રેમીજનને પાશે રે. સાં૦

જ્યાં લગી જેમ છે તેમનો તેમ છે, વધેઘટે નહિ વા'લો રે;
આવે-ન જાય, ન જાય-ન આવે, નથી ભર્યો નથી ઠાલો રે. સાં૦

અદ્વૈત બ્રહ્મ અનુપમ લીલા, અસંખ્ય જુગનો એવો રે;
જોગ જગન જપથી દુર્લભ, વળી જેવો માને તેવો રે. સાં૦

પરાત્પર પૂર્ણાનંદ પોતે, અપરમ ગત છે એની રે;
એ પદ ક્ષર-અક્ષરની ઉપર, ચિત્તામાં જો તું ચેતી રે. સાં૦

હું તું મટશે, દુઃખા ટળશે, નિર્ભય થાશે નીરખી રે;
નરસૈંયાનો સ્વામી પામી, હૈડામાં હું હરખી રે. સાં૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૭૩

અનુભવિયા રસ માણે મારી સજની, જે જાણે તે જાણે રે. (ટેક)
એ અનુભવ દેવોને દુર્લભ, સનક સનંદન ભોગી રે;
એ રસ શિવ કૈલાસે માણે, જાણે શુકદેવ જોગી રે. અનુ૦
ચૌદ લોકથી અપાર જે કહીએ, તે આનંદ સુખરાશી રે;
જ્યાં પરમાનંદ ત્યાં હોય આનંદ, અનંત અચળ અવિનાશી રે. અનુ૦
એ આનંદરસ જે પીએ તે, પાયે પરમ સુખધામ રે;
નરસૈંયાનો સ્વામી એવો, આનંદપૂરણ કામ રે. અનુ૦

૭૪

હરિનામ વિના નર સૂતકી, એને અડવાનો અધિકાર નહિ !
પ્રભુ તજી અવર ઉપાસે જે, ધિક્ ધિક્ તેનો અવતાર સહી હરિ૦
હરિરંગે રાતો, રહે ગુણ ગાતો, કરતો ગોવિંદ ગુણગાન રે;
પ્રેમભકિત રસમગ્ન શ્યામનું, નિશદિન ધરતો ધ્યાન રે. હરિ૦
તપ કરે, તીરથ કોટિ કરે, કોઈ, નહિ આવે તે તોલે રે;
ભણે નરસૈંયો ધન્ય ધન્ય શ્રીરામકૃષ્ણ, મુખ બોલે રે. હરિ૦

૭૫

[પ્રભાતિયું]

ધન્ય રે ધન્ય મહાપુણ્ય જશોદા તણું, પુત્રભાવે પરિબ્રહ્મ રાજે;
નંદનો નંદ આનંદ થઈ અવતર્યો, શેષ બળિભદ્ર સંગે બિરાજે. ધન્ય૦
અમર આહીર,[1] અરધાંગ[2] ગોપાંગના, વૃક્ષવેલી સર્વ ઋષિરાણી;
ભકિત તે રાધિકા, મુકિત જસોમતી, વ્રજ વૈકુંઠ તે વેદવાણી. ધન્ય૦
નિગમ વસુદેવજી, ગાય ગોપી ઋચા,[3] દેવકી બ્રહ્મવિવાદ કહાવે;
બ્રહ્મ કર લાકડી, વેણુ મહાદેવજી, પંચવદન કરી ગાન ગાવે. ધન્ય૦
ઇંદ્ર અર્જુન અહંકાર દુર્યોધન, દેવતા સર્વે અવતાર લીધો;
ધર્મ તે રાય યુધિષ્ઠિર જાણજો, દાસનો દાસ નરસૈંને કીધો. ધન્ય૦

---

૧. ગોવાળ, ભરવાડ ૨. અર્ધાંગના—ધણિયાણી, અમર દેવો, કૃષ્ણાવતારમાં દેવો આહીર અર્થાત્ ગોવાળિયા થયા તથા અર્ધાંગ એટલે દેવોની સ્ત્રીઓ તે ગોપિકારૂપે થઈ. ૩. ગાય ને ગોપી તે વેદના મંત્રો

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૭૬

[રાગ રામકલી—ભૈરવ અથવા પ્રભાતિયું]

વર્ણનાં ધર્મ તે, કર્મ કરવાં ટળ્યાં, મર્મ જાણ્યો ત્યારે ભર્મ ભાંગ્યો;
શ્રીરાધિકા કૃષ્ણ, ભજ સચ્ચિદાનંદને, તેથી નથી કાંઈ ધર્મ આઘો. વ૦
મનુષ્યને કર્મ કરવાં ઘટે જ્યાં લગી, ત્યાં લગી ભકિતનો ભેદ અળગો;
ભાવ ગોવિંદમાં ભજન ભેદી રહો, એક ઉપાસના જઈને વળગો. વ૦
જાગ ને જોગ જગત નરથી ટળ્યા, ભૂખ વેઠી શીદ વ્રત કરતો ?
તીર્થની સોચના મેલ મનથી પરી, દેહ દમીને કાં જંજાળ કરતો ? વ૦
સકળ સાધનાનું શ્રીહરિ નામ છે, પાર પામ્યા કોઈ સંત પૂરા;
શાસ્ત્રરૂપી એ સમુદ્ર તરે જેટલા, જાળ કાપી ગયા જન શૂરા. વ૦
મારે તો આશરો એક હરિનામનો, છેક[1] આવ્યો હવે ક્યારે જઈએ ?
ભણે નરસૈંયો એ નામને આશરે, નામ ને મૂર્તિમાં લીન રહીએ. વ૦

૭૭

[રાગ રામકલી—ભૈરવ અથવા પ્રભાતિયું]

અલ્યા ભૂલ મા, ભૂલ મા, ભકિત ભૂધરતણી, કારમી માયા જોઈ કાં રે હરખો ?
સ્વપ્નની વાર્તામાં, શું રે રાચી રહ્યો ? પ્રેમદૃષ્ટે કરી હરિને નીરખો. અ૦
શાને તેં દેહ ધરી ? સમરને શ્રીહરિ, આવ્યો સંસારમાં શું રે કરવા ?
માયાની જાળમાં મોહ પામી રહ્યો, અવનિ પર અવતર્યો ભાર ભરવા. અ૦
ભકિત કારણ જોને ભૂધરે દેહ ધરી, ભાવે ભરવાડની છાશ પીધી;
શંકર ઉગારીને ભસ્માંગદ મારિયો, આપી કૈલાસ ઉમિયા રે દીધી. અ૦
લોકની લાજ, મરજાદ તે પરહરો, નરભે થઈને હરિગુણ ગાવો;
મનના મનોરથ પૂરશે માવજી, તજી સંસાર વૈકુંઠ જાવો. અ૦
દેહદમન ષટ્કર્મથી વેગળો, સાધનવાળો જો જગત જાગે;
નરસૈંયાના સ્વામી, સબળવશ ભકિતને અવર ઉપાય નહીં દેહ તાગે.[3] અ૦

૧. પાઠભેદ—'છેડો આવ્યો' છેક—છેડો, અંત ૨. પાઠભેદ—'ભાગ કરવા'
૩. ત્રાગાં કરવાં, દેહને સંકટ આપવું અથવા દેહના ત્યાગ—મરણથી.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૭૮

[રાગ રામકલી—ભૈરવ અથવા પ્રભાતિયું]

અલ્યા, નામ પામ્યો, પણ રામને નવ લહ્યા, વૈષ્ણવપદ કેરું બિરુદ ઝાલે;
પુત્ર વિના જેમ ઘર મધ્યે પારણું,[૧] વર વિના તે જેમ જાન મહાલે.
વ્યાધિની વેદના વિશ્વની ના ટળે, હાલો ગગનમાં મેઘ ગાજે;[૨]
હરિને જાણ્યા વિના હરિ કેરો જન થયો, વાત પકવાનથી ભૂખ ન ભાંગે.
તું એમ જાણે જે હરિજન હું થયો;[૩] વિષ્ણુપદ ગાઈ થયો ભકત ભવમાં;
કરણી તો કાગની હોડ[૪] કરે હંસની, હંસને તો હસી કાઢે લવમાં.[૫]
પિંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહિ, કોકટ ભમે તે દૂર ભાળે;
અગણિત બ્રહ્મનું ગણિત લેખું કરે, દુષ્ટ ભાવે કરી માળ ઝાલે.
જો નિરાકારમાં જેહનું મન ગળે, ભિન્ન સંસારની ભ્રાંતિ ભાગે;
દાસ નરસૈંયો કહે તેને ચરણે નમું, જ્ઞાનવિજ્ઞાનની[૬] જોત જાગે.

૭૯

બોલ્યને શામળા, આવડા શા આમળા, કામળામાં મન કેમ રાખે? (ટેક)
કોટિ બ્રહ્માંડપતિ, ઝાઝું શું કહું કથી? વા'લા, વિસારી મને કેમ નાખે?
બોલ્યને શામળા૦
ગજને ઉગારિયો, ધ્રુવને પહોંચાડિયો, મારિયો રાવણો લંક ભૂપ;
હમણાં શું હારિયો, કોણે તુંને વારિયો? નારીઓ મોહી રહી નિજ રૂપ.
બોલ્યને શામળા૦
અલ્યા, મૂકય મરકડા, કોકટ ફરકડા, હરકડા મૂકય વારું રે વા'લા!
નરસૈંયા વિના તને આપ કોણ પ્રીછવે, નગણા ન થઈએ મારા નંદલાલા.
બોલ્યને શામળા૦

૮૦

ખરેખર કાનુડા તારું મન ચોદશ ભમે, જાણે નાગર કંઈ દાન આપે;
અલ્યા નામ લક્ષ્મીવરા, કરો લાલચા, રંકને લોભિયા શું સંતાપે?
ખરેખર કાનુડા૦

---

૧. પા૦ 'ઘર વચ્ચે પુત્ર વિના જેવું પારણું' ૨. પા૦ વિરહની વેદના ભેખ ધરે નવ સમે, વરસાદ વિના જેમ ગાજે નભે; અરથ સર્યા કંઈ જીવ ઓધર્યા, વસ્તુ વિના નહિ ભૂખ ભાંગે.' ૩. પા૦ 'મને એમ જાણ્યું જે હરિજન હું થયો, વૈષ્ણવપદ ગાયાં તે ભકિતભાવે.' ૪. સ્પર્ધા, હરીફાઈ ૫. જરા, લગાર, સહેજ અથવા બકવાદમાં ૬. જ્ઞાન તે જાણવું, વિજ્ઞાન તે અનુભવ સાથે જાણવું.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

તાંદુલ લઈ રિદ્ધ વિપ્રને મોકલી, ભવન કીધું વૈકુંઠ સરખું;
માહરે તો દાન તું, જ્ઞાન તું ભૂધરા, નિત્ય પ્રત્યે તારા ચર્ણ નીરખું.
ખરેખર કાનુડા૦

મન મોટું કરો, હાર કંઠે ધરો, હરખીને વહેલા મંડપ આવો;
ભણે નરસૈંયો રજની બહુ વહી ગઈ, દુષ્ટને હાથથી મને મુકાવો.
ખરેખર કાનુડા૦

૮૧

સદા તું દયાળ, હું દીન દામોદરા, હે દીનાનાથ જોને વિચારી;
ચરણને શરણ આવ્યો કૃપાનાથ હું, કરો સંભાળ ગોપાળ મારી.
સદા તું દયાળ૦

દેવના દેવ સુણ દેવકી બાળકા, વિશ્વપાલક એવું બિરુદ તારે;
એવું જાણી ઘટે તેમ કરો ત્રિક્રમા, અવર કો અધિપતિ નહિ રે મારે.
સદા તું દયાળ૦

જોઈ મારાં કરમને ભૂલીશ તું ભૂધરા, પતિતપાવન તારું નામ જાશે;
છાંડતાં તો નથી છૂટવું શામળા, છાંડતાં તારું ઉપહાસ્ય થાશે.
સદા તું દયાળ૦

દુષ્ટ ભાવે થકી તેં હણી પૂતના, જમદૂતના પંથથી તેં નિવારી;
મામકી નાર કીરતન કરી આંધળી, તું વિના કોણ તારે મુરારિ?
સદા તું દયાળ૦

દ્રૌપદીને તેં પટકૂળ પૂરિયાં, થાપિયો ધ્રુવ અવિચલ આગે;
તેમ તારા નામનો નરસૈંયો જપ કરે, રાખ શરણે તુંને લાજ લાગે.
સદા તું દયાળ૦

૮૨

દેવા, ભક્તનો ઈશ તું વિષ્ણુ કહાવે સદા, કાગવાસનું દાન તુંને કેમ ભાવે?
વિપ્ર સુદામાને નવનિધ આપી તેં, માહરી આગળ કેમ ના'વે? દેવા૦
કૃષ્ણ કૃપાળ કૃપણ થયા શ્રીહરિ, સદા સેવક જન પ્રતિ રે પાળ;
નાસી કરીને ગિરિ મધ્યે જઈ રહ્યા, કાળયવનનો આણ્યો કાળ. દેવા૦
શિશુપાળ, જરાસંધ, કંસ, નરકાસુર, તેહ તણા રે, અહંકાર મોડયા;
પૂતના, અઘાસુર, કેશી, બકાસુંર, વેરભાવે તેના બંધ છોડયા. દેવા૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

ભાવે કભાવે જેણે આરાધિયો, ગર્ભનિવાસ નહિ આવે વળતો;
ભણે નરસૈંયો હું ભાવથી વરણવું, રખે ત્રિકમ મુંને રાખે ટળતો ! દેવા૦

૮૩

ઓ ભાઈ રે શાંતિ પમાડે, તેને તો સંત કહીએ;
એના દાસના દાસ થઈ રહીએ રે. (ટેક)
વિદ્યાનું મૂળ મારા ગુરુએ બતાવ્યું, ત્યારે મહેતાનો માર શીદ ખાઈએ ?
કીધા ગુરુજી ને બોધ નવ આપે, ત્યારે તેના ચેલા તે શીદ થઈએ ?
ઓ ભાઈ રે૦
વૈદની ગોળી ખાતાં દુઃખ નવ જાય, ત્યારે તેની ગોળી કેમ ખાઈએ ?
લીધા વળાવા ને ચોર જ્યારે લૂંટે, ત્યારે તેની સોબતે શીદ જઈએ ?
ઓ ભાઈ રે૦
કલ્પવૃક્ષ સેવીએ ને દારિદ્રય ઊભો, ત્યારે તેની છાયામાં નવ રહીએ;
રાજાની નોકરીમાં ભૂખ નવ ભાંગે, ત્યારે તેની વેઠે તે શીદ જઈએ ?
ઓ ભાઈ રે૦
નામ અમૂલ્ય મારા ગુરુએ બતાવ્યું છે, ને તે તો ચોંટ્યું છે મારા હૈયે;
મહેતા નરસૈંયાની વાણી છે સારી, તો શામળાને શરણે જઈએ.
ઓ ભાઈ રે૦

૮૪

જન્મ ધરી શું કીધું રે, મનુષા, જન્મ ધરી શું કીધું ? (ટેક)
ક્યાંથી આવ્યો ને ક્યાં તું જાશે ? એકે કામ ન સીધું રે. જન્મ૦
અમૃતનો રસ ઢળતો મૂકી, વિષ હળાહળ પીધું રે. જન્મ૦
નરસૈંનો સ્વામી પતિતપાવન, નામ તેનું નવ લીધું રે. જન્મ૦

૮૫

[રાગ રામકલી]

ધન્ય ધન્ય રે જીવતર વૈષ્ણવનું, જ્યાં જોઈએ ત્યાં હરિગુણ ગાય રે;
ચૌદ લોકમાં પહેલી પૂજા, નરનારી તે વૈકુંઠ જાય રે. ધન્ય૦
વૈષ્ણવ કેરાં કહું ગુણલક્ષણ, તિલક, છાપ ને તુળસીમાળ ર;
વૈષ્ણવ કેરો વેશ દેખીને, જમ—કિંકર નાસે તત્કાળ રે. ધન્ય૦

સ. સા.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

જન્મમરણના ફેરા છૂટે, જમ જોખમથી રાખે અંગ રે;
સંસાર માંહે તે નર જીત્યા, જેને વૈષ્ણવ નિશદિન સંગ રે. ધન્ય૦
ધ્રુવની દૃઢ ભકિતને જાણી, અવિચળ પદવી આપી રે;
ભકત પ્રહ્લાદ ઉગારી લીધો, જન્મ જડાજડ કાપી રે. ધન્ય૦
જે જન સાચો ભાવે જ રાખી, જપે શ્રીજગદીશ રે;
શરણાગત રાખે શામળિયો, કાપે સૌનાં કિલ્બિષ રે. ધન્ય૦
શ્રીદામોદર જેવો દાતા, જગમાં ન મળે કોય રે;
નરસૈંયો કે' નિશદિન જપીએ, સકળ કારજ સિદ્ધ હોય રે. ધન્ય૦

૮૬

તમારો ભરોંસો મને ભારી રે, સીતાના સ્વામી,
તમારો ભરોંસો મને ભારી. (ટેક).
રંક ઉપર વા'લો ચમર ઢોળાવે, ભૂપને કીધા ભિખારી રે. તમારો૦
નખ વધારી હિરણ્યકશ્યપ માર્યો, પ્રહ્લાદ લીધો ઉગારી રે. તમારો૦
પાંડવોની વા'લે સહાય જ કીધી, લાખા ભુવનમાં મેલી બારી રે. તમારો૦
ભલે મળ્યો મહેતા નરસૈંયાનો સ્વામી, નામ ઉપર જાઉં વારી રે. તમારો૦

૮૭

કોઈનો ભાર ન રાખે મુરારિ, આપે વ્યાજ શીખે ગર્થ વાળી;
સુદામાજીના તાંદુલ લીધા, તેના મહેલ કનકના કીધા રે. કોઈ૦
દ્રૌપદીજીનું આવ્યું રે ટાણું, ચીર પૂર્યાં તે નવસેં નવાણું;
પાટો બાંધ્યો છે પીડા જાણી, ચીર પૂર્યાંની એ રે એંધાણી. કોઈ૦
થોડું ચંદન કુબ્જાનું લીધું, એને રૂપ અનુપમ દીધું;
ગોવાળિયે ઓચ્છવ કીધો, વા'લે કર પર ગોવર્ધન લીધો. કોઈ૦
જેનું લીધું હતું તેનું દીધું, તેમાં પરમારથ શું કીધું ?
ધન્ય ધન્ય નરસિંહ તારી વાણી, એમ બોલ્યા છે સારંગપાણી. કોઈ૦

૮૮

વહાલો પ્રેમને વશ થયા રાજી રે, એમાં શું કરે પંડિત ને કાજી રે? (ટેક)
કરમાબાઈનો આરોગ્યો ખીચડો, ને વિદુરની ખાધી ભાજી;
જૂઠાં બોર શબરીનાં ખાધાં વહાલે છપ્પન ભોગ મેલ્યા ત્યાગી રે.
વહાલો પ્રેમને૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

વિદુરને ઘેર શ્રીકૃષ્ણ પધાર્યા, ને કેળાં આણ્યાં તાં માગી;
ગર્ભ કાઢી નાખીને છાલ ખવડાવી, વહાલે તોયે ન જોયું જાગી રે.
વહાલો પ્રેમને૦

ગણિકા હતી તે પોપટને પઢાવતી, ને તેમાંથી લેહ લાગી;
ભગવાન હતા તે સહેજમાં મળ્યા, એની સંસારની ભ્રમણા ભાંગી રે
વહાલો પ્રેમને૦

ભક્તની લોક નિંદા કરે, ને જગત થયું છે પાજી;
ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી, માથે ગિરિધર રહ્યો છે ગાજી રે.
વહાલો પ્રેમને૦

૮૯

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે;
શ્યામના ચરણમાં ઇચ્છું છું મરણ રે, અહીંયાં કોઈ નથી કૃષ્ણ તોલે. ની૦
શ્યામ શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી, અનંત ઓચ્છવમાં પંથ ભૂલી;
જડ ને ચૈતન્ય રસ કરી જાણવો, પકડી પ્રેમ સજીવન મૂળી. ની૦
ઝળહળ જ્યોત ઉદ્યોત રવિકોટમાં,[1] હેમની કોર[2] જ્યાં નીસરે તોલે;
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે, સોનાનાં પારણાંમાં ઝૂલે૦. ની૦
બત્તી વિણ, તેલ વિણ, સૂત્રવિણ જો વળી, અચળ ઝળકે સદા અનળ[3] દીવો;
નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો, જિહ્વાએ રસ સરસ પીવો. ની૦
અકળ અવિનાશી એ, નવ જ જાયે કળ્યો, અરધ ઉરધ[4]ની માંહે મહાલે;
નરસૈંયાનો સ્વામી, સકળ વ્યાપી રહ્યો, પ્રેમના તંતમાં સંત ઝાલે. ની૦

૯૦

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપ અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. (ટેક)
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે. અ૦
વેદ તો એમ વદે, શ્રુતિ—સ્મૃતિ શાખ દે, કનક કુંડળ વિષે ભેદ ન હોયે;
ઘાટ ઘડિયા પછી, નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે. અ૦

---

૧. રવિ—સૂર્ય; ઉદ્યોત—પ્રકાશ; કોટ—કરોડો ૨. હેમ—સુવર્ણ; કોર—કોરણ
૩. અગ્નિ, અહીં ઈશ્વર અથવા સૂર્ય. ૪, અરધ ઉરધ—અધ: ઊર્ધ્વ—નીચે અને ઊંચે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન—કર્મ—વચનથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂજે.[૧] અ૦
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો[૨] એ જ પાસે;
ભણે નરસૈંયો એ, મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે. અ૦

૯૧

શરીર શોધ્યા વિના સાર[૩] નહિ સાંપડે,[૪] પંડિતો પાર નહિ પામે પોથે;
તાંદુલ[૫] મેલીને, તુષને[૬] વળગી રહ્યો, ભૂખ નહિ ભાંગે એમ ઠાલે થોથે.
રસના સ્વાદમાં સર્વ રૂંધાઈ રહ્યા, વિગતિ[૭] ગુરુ જ્ઞાન વિના રે ગૂંથે;[૮]
વાણીવિલાસમાં, વિવિધ વાણી વડે, પરહરી વસ્ત્રને વળગે ચૂંથે.
શબ્દ શીખે ખરો, સકલ વિદ્યા ભણે, અધ્યાત્મ ઊચરે આવી ઓથે;
પ્રપંચ પિંડમાં રહ્યો, અહંકાર નવ ગયો, આથડયો એમ અનંત કોઠે.[૯]
શાસ્ત્રકથા કહે, રજનીમાં આથડે, એમ અજ્ઞાનમાં શીશ ગોઠે.[૧૦]
ભણે નરસૈંયો જે, ભેદ જાણી જુઓ, મેં તો રચી કહ્યું પદ ચોથે. શ૦

૯૨

[રાસ આશામાંડ : ઝપતાલ]

જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા[૧૧] ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય[૧૨] વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. (ટેક)
પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઊપજ્યાં, અણુઅણુમાંહી રહ્યા રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડથકી ડાળ તે નહિ રે અળગી. જા૦
વેદ તો એમ વદે, શ્રુતિ—સ્મૃતિ શાખ દે, કનકકુંડળ વિષે ભેદ નોયે;
ઘાટ ઘડયા પછી, નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે. જા૦
જીવ ને શિવ તો, આપ ઇચ્છાયે થયા, રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે નરસૈંયો એ, તે જ તું, તે જ તું, એને સમર્યાથી કંઈ સંત સીધ્યા.[૧૩] જા૦

૧. કેટલીક પ્રતમાં આ તુક 'જે ગમે જગતગુરુદેવ જગદીશને' તેની ચોથી તુક તરીકે દાખલ થયેલી જોવામાં આવે છે. ૨. પટંતર—પડદો, આંતરો. ૩. સત્ય વસ્તુ—જ્ઞાનનો સાચો ભેદ ૪. જડવું, મરવું. ૫. ચોખા. ૬. છાલાં. ૭. યુકિત, બારીકી. ૮. ગોઠવે. ૯. પેટ, પણ અહીં ગર્ભસ્થાન. ૧૦. અકાળે સ્થિર થાય. ૧૧. જાતજાતના, તરેહતરેહના. ૧૨. બ્રહ્મની જુદી જુદી લીલા. ૧૩. મુકત થયા, સંસાર તરી ગયા.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૯૩

કેટલાએક મળી વાત એવી કરે, દુષ્ટ બોલે મુખે એવી વાણી;
કામણ મોહન મોહની છે એમાં, મંત્રબળે એણે આણ્યું પાણી. કેટ૦
મંત્ર ને જંત્રની વાત જાણું નહિ, કેવળ કૃષ્ણ મારે હૃદયે ભાસ્યો;
પ્રહ્લાદ કારણે સ્થંભમાં પ્રગટિયા, બાળક ધ્રુવને અવિચળ રાખ્યો. કેટ૦
ચાર પદારથ સુદામાને આપિયા, તિમિર કોડી ત્રિલોચન કીધો;
અમરીખ રામ ઉગારિયો શાપથી, ચક્ર ધરીને હરિ શરણે લીધો. કેટ૦
વેવાઈએ મન વિચાર એવો કરી; મામેરાની ટીપ આપી માંડી;
ત્રણ સહસ્ર સાડલા, ત્રણ સહસ્ર કાપડાં, ત્રણ સહસ્ર ચૂંદડી ચીર સાડી. કેટ૦
ત્રણ સહસ્ર ચોળી કસબ કિનખાબની, રંગ જુદા ને શોભિત તાજા;
સાળુ, ચણિયા બેઉ ખટ સહસ્રો મળી, નહિ નુકસાન કંઈ સર્વ સસ્રો. કેટ૦
તેણે સમયે વેવાઈએ એવું કહ્યું, તમ પુત્રીએ સહુ ટીપ માંડી;
સહસ્ર બે સહસ્ર લો ઉછીના આમ કને, નહીં તો રાત રહી જાવો દોડી. કેટ૦
દીકરીનું લે તે તો કુંભીપાકે પડે, હોંશે હળાહળ કોણ ખાય?
લક્ષ્મીનો નાથ તે લજ્જા મારી રાખશે, મામેરું કર્યા વિના નહિ રે જાય. કેટ૦
તે વેળા નાથજી લક્ષ્મીજી લેઈને, પ્રીતે પ્રભુજી મારી લાજ રાખી;
નરસૈંયો વીનવે હાર આપો હરિ, દાસનાં દુઃખ કેમ રહો છો સાંખી? કેટ૦

૯૪

આનંદની હેલી, આજે મારે આનંદની હેલી.
ધન્ય રે ઘડી ઘેર પ્રભુ પધાર્યા, દુઃખ મેલ્યાં ઠેલી. આજે૦
દ્વારે દ્વારે હું તો તોરણ બંધાવું, પૂજવા જાઉં પહેલી. આજે૦
ભલે મળ્યો મહેતા નરસૈંયાનો સ્વામી, પ્રીત હતી પહેલી. આજે૦

૯૫

મારા હરિજી શું હેત ન દીસે. તેને ઘેર શીદ જઈએ? (ટેક)
હેત વિના હુંકારો ન દઈએ, હરખે હૈયું ન હીસે રે;
આગળ જઈ વાતો વિસ્તારે, જેની આંખમાં પ્રેમ ન દીસે. મારા૦
નામ તણો વિશ્વાસ ન ધારે, ઊંડું ઊંડું શોધે રે;
જાહ્નવી કેરા તરંગ તજી, કૂપતટ પર બેસી ખોદે. મારા૦
હરિ હરિજન પર ભાવ ન રાખે, ભૂરાયો થઈ ભાળે રે;
નરસૈંયા તેનું મુખ ના જોઈએ, ઉલેચી અંધારું ટાળે. મારા૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૯૬

વૈકુંઠ ઢૂંકડું રે, મારા હરિજન હૃદે હજૂર;
દુરિજનિયાને દૂર દીસે છે, પ્રેમી જનને ઉર. વૈકુંઠ૦
કામ ક્રોધ મદ લોભ નિવારી, કાઢે પાપનું મૂળ,
પુણ્યપંથે પગ ધરે, દૂર કરી માયા મમતા શૂળ. વૈકુંઠ૦
રટે જિહ્વાએ નામ રામનું, ભૂખ્યાને દે અન્ન;
પરનારી માતા લેખે, પથ્થર સખે પરધન. વૈકુંઠ૦
પીડે નહિ કદી પર આત્માને, મારે નિજનું મન;
ભણે નરસૈંયા પ્રિય કરી માને, હરિ એવા હરિજન. વૈકુંઠ૦

૯૭

પ્રભુ મને તારો, પાર ઉતારો.....
વિકટ વમળ ભવસાગરમાં ભય, ભમતાં ન આવે આરો;
વક્ર વદનના મગર પ્રપંચ પૂંઠે, કેડો મૂકે નહિ મારો. પ્રભુ૦
તમ વિણ એકે આધાર ન દીસે, આવી નાવર નાવ ઉતારો;
વા'લમ વિનતિ છે નરસૈંયાની દીનની, પ્રીત કરી ચિત્ત ધારો. પ્રભુ૦

૯૮

હાં હાં રે પાંડવ જૂગટે રમવાને રે બેઠા;
વ્હાલા રે મારા શકુનિ થઈ પાસામાં પેઠા.
હાં હાં રે પાંડવે ભણી રે ગણી નવ જોયું;
વ્હાલા રે પાંડવે જૂગટે રમીને રાજ ખોયું.
હાં હાં રે પાંડવ હાર્યા છે કણના કોઠાર;
વ્હાલા રે પાંડવ હાર્યા છે ગરથ ભંડાર.
હાં હાં રે પાંડવ હાર્યા ઘોડાની ઘોડાર;
વ્હાલા રે પાંડવ હાર્યા છે ઘર કેરી નાર.
હાં હાં રે મને ભરી સભામાં રોતી આણી;
વ્હાલા રે પટ ખેંચ્યાં દુઃશાસને તાણી.
હાં હાં રે કઠિયારો કઠિયારીને પાળે;
વ્હાલા રે રંક તોપણ રળીને ખવરાવે.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

હાં હાં રે સર્વે નારીને એક જ પતિ;
વ્હાલા રે મને પાંચે ભરથારે વિપત્તિ.
હાં હાં રે પાંચ પતિમાં ન કોઈએ પ્રમાણી;
વ્હાલા રે મને ભરી સભામાં રોતી આણી.
હાં હાં રે દ્રૌપદીનાં ધ્રૂજ્યાં છે તન;
વ્હાલા રે મારી વારે આવજો ભગવંત.
હાં હાં રે દૂર પંથ છે દારામતી;
વ્હાલા રે વ્હારે ચડજો શ્રીવૈકુંઠપતિ.
હાં હાં રે ગોવિંદ ગરુડને થઈ છે જાણ;
વ્હાલા રે સહાય કરવા ઊઠયા ભગવાન.
હાં હાં રે ગરુડ જાવું છે હસ્તિનાપુર;
વ્હાલા રે વેગે ચાલોને પંથ ઘણો દૂર.
હાં હાં રે ગોવિંદ ગરુડે ચડીને રે આવ્યા;
વ્હાલા રે સાથે નવસેં નવ્વાણું ચીર લાવ્યા.
વ્હાલા રે બે'ની તમને પંડયાં છે રે દુઃખ;
હાં હાં રે તે જોઈ પેહું છે અમને શૂળ.
હાં હાં રે એક એક સૌને સંહારું;
હાં હાં રે રવડતાં તે માથાં રઝળાવું.
હાં હાં રે જેની નારી સૂરજ નથી જોતી;
હાં હાં રે તેને રણમાં હીંડાળું રોતીરોતી.
હાં હાં રે નરસિંહ મહેતાની વાણી;
વ્હાલા રે સુખ પામ્યાં પાંડવ કેરી રાણી.

૯૯

[રાગ આશામાંડ—ઝપતાલ]

જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો[1] નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી:
માનુષી દેહ તારો એમ એળે ગયો, માવઠાંની[2] જેમ વૃષ્ટિ વૂઠી. જ્યાં૦
શું થયું સ્નાન, સેવા ને પૂજાથકી, શું થયું ઘેર રહી દાન દીધે ?
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું વાળ લોચન કીધે ? જ્યાં૦

૧. ઓળખ્યો. ૨. કમોસમનો વરસાદ.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Trust Donations

શું થયું તપ ને તીર્થ કીધાથકી, શું થયું માળ[1] ગ્રહી નામ લીધે ?
શું થયું તિલક ને તુળસી ધાર્યાથકી, શું થયું ગંગજળ પાન કીધે ? જ્યાં૦

શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગ ને રંગ જાણે ?
શું થયું ખટદર્શન સેવાથકી, શું થયું વરણના ભેદ આણે ? જ્યાં૦

એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈયો કે તત્ત્વદર્શન વિના રત્નચિંતામણિ જન્મ ખોયો. જ્યાં૦

૧૦૦

[રાગ પ્રભાતિયું]

શા સુખે સૂતો, સંભાર શ્રીનાથને, હાથ તે હરિ વિના કોણ સ્હાયે ?
તાત ને માત સુત, ભ્રાત ટોળે મળ્યાં, દોહલી[2] વેળા સૌ દૂર જાયે. શા૦

ઊંધે મસ્તક હતો, ઉગ્ર તપ આચરી, ભકિત કીધી ભગવાન કેરી,
અવતરી પાશ બંધાયો માયાતણે, લંપટી લાલચે લીધો ઘેરી. શા૦

દિવસે ચોદશ ભમ્યો, રાત નિદ્રા વિશે, સ્વપ્નમાં સાંભરે મોટી માયા;
પલક પરવાર નહિ, હરિને ભજવાતણો, જ્યાં લગી જીવ સંજોગ કાયા. શા૦

ધન ધામે કરી, મોહી રહ્યો લોભિયો, વેદના વીસરી ગર્ભ કેરી;
નાથ ત્રિલોકના, હરિ ન સંભારિયા, જ્યાહરે રાખ્યો'તો જઠરામાં ઘેરી. શા૦

જાગ રે જીવડા, વાજ[3] આવ્યો ઘણું, કેટલોએક પ્રતિબોધ[4] દીજે;
નરસૈંયાના સ્વામીને નિત્ય સંભારતાં, દેહનાં દુકૃત[5] દૂર કીજે. શા૦

૧૦૧

[રાગ રામકલી—ભૈરવ અથવા પ્રભાતિયું]

રઝળતી રાંડનાં, રડવડતાં છોકરાં, કોણ શિક્ષા દઈ ઠોર[6] આણે ?
અંધ ગુરુએ વળી, નિરંધ ચેલા કર્યા, બ્રહ્મની વાત તે શું રે જાણે? રઝ૦

ભરમે ભૂલા ફરે, આનંદે આથડે, પૂર્ણ બ્રહ્મ પોતે ન જાણે;
સ્વપ્નાનું સુખ સાચું કરી લેખવે, પાસેથી પ્રભુને દૂર વખાણે. રઝ૦

મૂરખ મમતા કરે, ભૂતળ ભમતા ફરે, જોને રિઝાય તે કર્મકાંડે;
શ્રીમંતનું સુખ નિર્ધનને ન મળે, વાદ કરે ને વિષે[7] વખાણે. રઝ૦

---

૧. માળા ૨. કઠણ, અંતકાળને સમે ૩. હેરાન, પીડા ૪, ઉપદેશ ૫. (દુષ્કૃત) નકારાં કર્મ ૬. ઠેકાણે ૭. વિષયો.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

નિરગુણ નાથને , નીરખી તે નવ શકે, સિરગુણને[1] સરતે[2] ન જાણે;
ચેતન નિંદા કરે, જડની વંદના કરે, અચેત ભૂલ્યો ફરે ભિન્ન ભાવ આણે. રઝ૦
અગમ ગુરુથી નિગમ શિષ્ય નીપન્યા, તે બ્રહ્મની વાતોનો ભેદ જાણે.
પાસેથી અન્ય અળગો રે દેખે નહિ, નરસૈંયો પાસું તે કોણ તાણે? રઝ૦

૧૦૨

એક તું એક તું એમ સૌ કો સ્તવે, કોણ હું તે નહિ કો વિચારે;
કોણ છું ક્યાં થકી આવિયો જગ વિષે જઈશ ક્યાં છૂટશે દેહ ત્યારે. એક૦
પ્રતિદિને જડ કને જઈ કરી માંગતો, ઈશ તું સાહ્ય થાજે સદા રે;
તોય પણ દુઃખ તો લેશ ટળતું નથી, થાકતો નથી તું કદા રે. એક૦
કોઈ તો ઉદધિ—ગગનમાં તાકતા, ભાખતા જોઉં હું નમ્ર વાણી;
કોણ હું કોની કને, માગું શા હક થકી, તે નથી જાણતા મૂર્ખ પ્રાણી. એક૦
એમ કરતાં કદી લાભ જો પામિયો, તો કહે હરિતણી સાહ્ય થઈ રે;
કામ કથળ્યા થકી ભવિષ્યને ભાંડતો, પૂર્વનાં કર્મનું નામ લઈને રે. એક૦
પૂર્વનાં કર્મ જો હરિ ભજે નવ ટળે, તો કહો, કોણ તે કામ કરશે?
સત્ય સમજી કદી પરમ પદ પરખશે, ભવભય ભ્રમને તે જ હરશે. એક૦
આકના વૃક્ષથી અમૃતફળ તોડવા, મૂર્ખો જો કદી આશ ધરશે;
શ્રમ વૃથા તેહનો તો જઈ જગ વિષે, જ્ઞાનહીનો સદા તે જ ઠરશે. એક૦
જીવ, ઈશ્વર અને બ્રહ્મના ભેદમાં, સત્ય વસ્તુ નહિ સદ્ય જડશે;
હું અને તુંપણું તજીશ નરસૈંયા તો, ગુરુ તને હર્ષથી પાર પાડશે. એક૦

૧૦૩

રાખ્ય ભવસિંધુમાં અતિ મહા ભય થકી, નામ નારાયણ નાવ મેલી;
ઘોર ભવસિંધુની વેલની રેલમાં, મેહેરના પવનને મેલ ઠેલી.
વિષયતૃષ્ણા પરો મોહ મન ના ધરો, હું ને મારુ જગત તેમાં બૂડો;
તું થકી વેગળા આસુરીમાં ભળ્યા, શરણ આવ્યા તે તો અખંડ ચૂડો.
સુખડું અલ્પ ને દુઃખ સાગર જશું, જનમિયો જંતુ તે જન્મ રોગી;
એક નિશ્ચે તારા નામને આશરે, રહે કોઈ જે વિરલો તે જ ભોગી.
કલેં દશ વીશના તાપ નિવારવા, મંગલ શ્રીકૃષ્ણજીનું નામ જાણો;
બેઉ કર જોડી નરસૈંયો વીનવે, ભવજળ બૂડતાં બાહ્ય તાણો.

---

૧. સગુણને ૨. ઓંખે

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૦૪

[રાગ સિંધુડો]

(દેવા) આદ્ય તું, મધ્ય તું, અંત્ય તું ત્રિકમા, એક તું એક તું એક પોતે;
અખિલ ચો બ્રહ્મ બ્રહ્માદિક નવ લહે, ભૂરચા માનવી અન્ય ગોતે. દેવા૦
રવિ શશી કોટિ નખ ચંદ્રિકામાં વસે, દૃષ્ટિ પહોંચે નહિ ખોજ ખોળે;
અર્ક ઉદ્યોત જ્યમ તિમિર ભાસે નહિ, નેતિનેતિ કહી નિગમ ડોળે. દેવા૦
કોટિ બ્રહ્માંડના ઈશ ધરણીધરા, કોટિ બ્રહ્માંડ એક રોમ જેનું;
મર્મ સમજ્યા વિના ભર્મ ભાંગે નહિ, સગુણ સ્વરૂપ નિર્ગુણ એનું. દેવા૦
એ નથી એકલો વિશ્વથી વેગળો, સર્વવ્યાપિક છે શકિત સ્તુત્ય જેની;
અખિલ શિવ આદ્ય આનંદમય, કૃષ્ણજી, સુંદરી રાધિકા ભકિત તેની. દેવા૦
વેદની વાતનો ભેદ લાધે નહીં, તેનું હારદ તે કોક જાણે;
શિવ સનકાદિક દેવમુનિ નારદ, પૂરણ બ્રહ્મનું ધ્યાન આણે. દેવા૦
તે પૂર્ણ પુરુષોત્તમ પ્રેમદા શું રમે, ભાવે શું ભામની અંક લીધો;
જે રસ વ્રજ તણી નાર વિલસે સદા, સખીરૂપ તે નરસૈંયે પીધો. દેવા૦

૧૦૫

પૂરું ના પડે નાથજી તમારી કૃપા વિના, એક આણું ત્યારે અનેક ખૂટે;
પાપ દૃષ્ટે કરી દ્રવ્ય સંચય મળી, અગ્નિ દગ્ધે કે રાજા ચોર લૂંટે. પૂ૦
મન તણા મનસૂબા મનમાં રહી ગયા, સાત સાંધું ત્યાર તેર તૂટે;
નરસૈંયાના સ્વામી તમારી કૃપા વિના, રંક મનાવું ત્યારે રાય રૂઠે. પૂ૦

૧૦૬

જુવાની દહાડે રે, હરિને જાણ્યા નહિ રે, મોહ્યું પરદારા[1] સાથે મંન;
કાંઈક તે મોહ્યો રે, કામિનીના કલ્પમાં રે, કાંઈ એક જોડવા ધાયો ધંન.
પચીસ ને પચાસ રે, પરપંચમાં ગયાં રે, દોહિલા આવ્યા સાઠ વર્ષના દંન;
સિતેરને સુધી રે, કાંઈ સમજ્યો નહિ રે, પછે ચાલ્યો સાધન કરવા વંન.
આંખડીએ ન સૂઝે રે, ગળે બહુ નાસિકા રે, બોલે તે તો સંભળાય નહિ કરણ;
માયા તો ન મૂકે રે, તૂટે નહિ તૃષ્ણા રે, ઓળખ્યા નહિ અશરણશરણ.
હાથમાં લાકડી રે, ચરણ ચાલે નહિ રે, તૂટીને શિથિલ થયું છે તંન;
મુખમાંહી દંત રે, એકે દીસે નહિ રે, તોય પાપિયું ઉદર માગે અંન.

૧. પારકી સ્ત્રી.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

ભાગ્ય જેનું ભલું રે, આ અવસરને ઓળખ્યો રે, તે તો પ્રાણી કહેવાય હરિના જંત,
નરસૈંયાના સ્વામીને રે, સુખમાં સંભારજો રે, જો હોય પેલા ભવનું પુન્ય.

૧૦૭

[રાગ સામેરી]

ગુમાનના ઘેલા રે, આવરદા તો વહી ગઈ રે, હવે તારે ચેતવું હોય તો ચેત;
પ્રથમ પાપિયા રે, પ્રભુ ઓળખ્યા નહીં રે, હવે કયમ આવે હરિશું હેત?
કાળાને ફીટી રે ધોળા કેશ થયા રે, શરીર થયું શીતળ, પગે ન ચલાય;
આંખે નવ સૂઝે રે, શ્રવણે સુણે નહિ રે, તોયે લઈ રે તૃષ્ણા નવ મુકાય.
સગાં સ્નેહી ને વા'લાં રે, તેં તો બહુ કર્યાં રે, તેને કાજે કીધાં કૂડાં કામ;
વસ્તીને વવાયો રે, વચન વિનતાતણે રે, મુખથી ભજ્યા ન કેશવરામ.
વિખનો વીંટયો રે, કરમ બહુ કર્યાં રે, તોયે તારો ન આવ્યો પાર.
એમને કરતાં રે, કાળ આવી પહોંચશે, રે, પછી તારા મુખમાં પડશે માર.
ભણ્યા તે ભૂલ્યા રે, ભવમાં આથડે રે, ભણી ભૂલ્યા પંડિતે ન પાડયો ઉજાસ;
શિખામણ માનશો રે, મહા સુખ પામશો રે, એમ કહે છે નરસૈંયો દાસ.

૧૦૮

[રાગ પભાતિયું]

દૂરમતિયા ડાહ્યા થઈ આવે, શાણા થઈ સમજાવે રે;
પ્રેમભકિતમાં ભંગ પડાવે, અજ્ઞાન આગળ લાવે રે. દૂર૦
આપણા કૂળમાં કોઈએ ન કીધું, તે આપણ કેમ કરીએ રે?
વેરાગી થઈ નાટક નાચીએ, તુલસી તિલક કેમ ધરીએ રે? દૂર૦
જેવા તેવાં હોય તે હરિગુણ ગાયે, તે આપણ કેમ ગાઈએ રે?
કૃષ્ણનામની કથા થાય જ્યાં, ત્યાં આપણ નવ જાઈએ રે. દૂર૦
આપ કલેશ ને ક્રોધના ભરિયા, સઘળાને ઊંધું સમજાવે રે;
જમકિંકરના માર જ પડશે ત્યારે, આડે કોઈ નહિ આવે રે. દૂર૦
કુળને તજશે ને હરિને ભજશે, સહેશે સંસારનું મહેણું રે;
ભણે નરસૈંયો હરિ તેને મળશે, બીજી વાતે વાહશે વોહણું રે. દૂર૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૦૯

ભકિત વિના જે જન જીવે, તે કયમ કહીએ માનવ દેહ રે?
મન કર્મ વચન હરિ નવ સેવ્યા, ભૂલ્યા ભવમાં ભટકે તેહ રે. ભકિત૦

દશ માસ ઉદર દુઃખ પામ્યો, કરતો ખરને ભાર રે;
દેહ ધરી હરિનો દાસ ન કહાવ્યો, તેની જનનીને ધિક્કાર રે. ભકિત૦

વૈષ્ણવજન જેને નહીં વહાલા, તેહને ન હોય કૃપા નિર્ધાર રે;
નરસૈંયાના સ્વામીની નિશ્ચય લીલા, બીજા વિવિધ ધર્મ વ્યભિચાર રે. ભકિત૦

૧૧૦

વાસ નહિ જ્યાં વૈષ્ણવ કેરો, ત્યાં નવ વસીએ વાસડિયાં,
શ્વાસોશ્વાસ હરિસ્મરણ ન કરે જો, શ્વાસ ધમણ કેરી શ્વાસડિયાં. વાસ૦

જીભલડી જપમાળા નજપે તો, જીભલડી નહિ ખાસડિયાં;
જનમ જેનો નહિ લેખામાં, જે ન કહેવાય હરિ દાસડિયાં. વાસ૦

મોહનજીની માયા પાખે, અવર માયા જેમ ફાંસડિયાં;
ભણે નરસૈંયો ભારે મરી માવલડી દશ માસડિયાં. વાસ૦

૧૧૧

શું રે કરું શામળા, લજ્યા મોરી રાખો રે, પૂર્વની પ્રીત બંધાણી રે જી.
રતનબાઈનાં વહાલે રૂપ ધરીને, (૨) પાયાં મહેતાજીને પાણી રે જી. શું૦

શામળશાની જ્યારે સગાઈ કરાવી ત્યારે, માંડવે કોઈ નવ આવ્યા રે જી;
જાનૈયા થઈને વહેલા આવો જગજીવન, (૨) લાજ મહેતાજીની રાખો રે જી. શું૦

વડીરે વેવાણે જ્યારે નરસિંહ વગોવ્યો ત્યારે, ન્યાતમાં નમેરા કહેવાણા રે જી;
ચઈતર સુદી ને બારસ બુધી, (૨) ગિરધરે મેહુલા વરસાવ્યા રે જી. શું૦

કુંવરબાઈનાં જ્યારે મામેરાં પૂર્યાં ત્યારે, દોશીડા થઈને વહેલા આવો રે જી;
નાગરી ન્યાતની સભા મળી છે, (૨) રેશમની ગાંઠડી છોડાવો રે જી. શું૦

રાજા રે કૂડા એની પ્રજા રે કૂડી ને, કૂડિયા દોહ્યલા કહેવાણા રે જી;
દોય કરજોડી મહેતા નરસિંહ બોલ્યા, (૨) હાર હૈયાનો આપો રે જી. શું૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૧૨

જેણે રે ગોવિંદરામ તમને વીસર્યા રે,
તમને વીસર્યા તે તો ભવોભવ હાર્યા રે. (ટેક)
તમને વિસારીને કોઈએ ન સુખ લીધાં રે,
અમૃત ઢોળી ઝેર હળાહળ પીધાં રે. જેણે રે૦
જેણે રે ગોવિંદરામ તમને ન ગાયા રે,
એ તો નર અંતે પછી પૂરણ પસ્તાયા રે. જેણે રે૦
તમને વિસારીને લાગ્યા જે બીજે કામે રે,
એ તો જન ન બેઠાં કદી ઠરીને ઠામ રે. જેણે રે૦
જેણે રે ગોવિંદરામ તમને ન જાણ્યા રે,
એ તો નરે સાચાં સુખ સ્વપ્ને ન માણ્યાં રે. જેણે રે૦
તમને વિસારીને માયામાં પ્રાણી મોહ્યા રે,
મોંઘો નરદેહ ખોઈ ભવોભવ રોયા રે. જેણે રે૦
જે નર ગોવિંદરામ તમને તો ભૂલ્યા રે;
એ તો લખ ચોરાશીનાં દુઃખડાંમાં હૂલ્યાં રે. જેણે રે૦
તમને વિસારીને અવર રંગે રીઝ્યા રે,
ભણે નરસૈંયો તેનાં કારજ ન સીધ્યાં રે. જેણે રે૦

૧૧૩

જેણે રે શ્રીરામચરણ રસ ચાખ્યો,
તેણે તે સંસારીડો તુચ્છ કરી નાખ્યો. (ટેક)
જે રસ શુક–સનકાદિકે પીધો, જે રસ પ્રેમથી પ્રહ્લાદે પીધો. જેણે રે૦
જે રસ ધ્રુવ–વિદુરજીએ ચાખ્યો, જે રસ અંબરીષે રુદિયામાં રાખ્યો. જેણે રે૦
જે રસ શંકરે શિરે ચડાવ્યો, જે રસ નારદે વીણામાં ગાયો. જેણે રે૦
જે રસ જાણે કોઈ કોઈ જોગી, તે રસનો છે નિત્ય નરસૈંયો ભોગી. જેણે રે૦

૧૧૪

મોહન મોરલી વાગી રે, (૨)
મોહનવરની મોહક મોરલી વાગી. (ટેક)
સૂતી'તી શાંત બનીને, નિદ્રામાં નાદ સુણીને,
રજનીએ ઝબકી જાગી જાગી રે. મોહનવરની૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

સૂનાં ઘરબાર છોડી, મોરલી સાંભળવા દોડી,
લગની વહાલાની લાગી લાગી રે. મોહનવરની૦
આધારે ચાલી સ્વરને, ભેટી હું ભૂધરવરને,
આ ભવની ભાવટ ભાંગી ભાંગી રે. મોહનવરની૦
નરસૈંનો સ્વામી મળિયો, મનનો મનોરથ ફળિયો,
થઈ છું હવે હું સદ્‌ભાગી રે. મોહનવરની૦

૧૧૫

રામસભામાં અમે રમવાને ગ્યાં'તાં, (૨)
પસલી ભરીને રસ પીધો, હરિનો રસ પૂરણ પાયો. (ટેક)
પહેલો પિયાલો મારા સદ્‌ગુરુએ પાયો, (૨)
બીજે પિયાલે રંગની રેલી. હરિનો રસ૦
ત્રીજો પ્યાલો મારાં રોમે રોમે વ્યાપ્યો, (૨)
ચોથે પિયાલે થઈ છું ઘેલી. હરિનો રસ૦
રસબસ એકરૂપ થઈ રસિયા સાથે, (૨)
વાત ન સૂઝે બીજી વાટે. હરિનો રસ૦
મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે. (૨)
તે મારા મંદિરિયામાં મહાલે. હરિનો રસ૦
અખંડ હેવાતણુ મારા સદ્‌ગુરુએ દીધાં, (૨)
અખંડ સૌભાગી અમને કીધાં. હરિનો રસ૦
ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી, (૨)
દાસી પરમ સુખ પામી. હરિનો રસ૦

૧૧૬

[નરસિંહ મહેતા ભાઈને કહે છે :]

મને હરિગુણ ગાવાની ટેવ પડી.
મારા નાથને મૂકું ના એક ઘડી, મને હરિગુણ ગાવાની ટેવ પડી. મને૦
વીંધાયું મન મુજ ના રહે અળગું, પ્રભુ સાથે મારે પ્રીત જડી. મને૦
એ વિણ અન્ય હવે નવ રુચે, ચિંતામણિ મુજ હાથે ચડી. મને૦
ભણે નરસૈંયો પ્રભુ ભજતાં એમ, ભવમય ભ્રમણા સઘળી ટળી. મને૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૧૭

[નરસિંહ મહેતા ભાભીને કહે છે :]

મન માન્યું મારું મોહન શું, વશ કરી લીધો શાને રે? (ટેક)
બોલ્યું ન ગમે બીજાનું હવે, કામણ કીધાં કહાને રે. મન૦
મૃગ સઘન વનનાં વીંધાયે, મોરલી નાદ સુણી કાને રે;
તેમ વીંધાય રહ્યું મન મારું, ગોવિંદજીના ગાને રે. મન૦
જે જે રાગ જેને હોય વહાલો, તે રીઝે તે તાને રે;
નરસૈંયો રસભર મન રીઝે, હરિરસ અમૃત પાને રે. મન૦

૧૧૮

[નરસિંહ મહેતા પોતાની સાધુમંડળી પ્રત્યે :]

રામકૃષ્ણ રામકૃષ્ણ બોલો રે ખાવા,
દુર્લભ આ નરતન જન્મના લ્યો લ્હાવા. રામ૦
પૂરણ પુન્યે દેહ પામ્યા મનુષ્યની,
દૂર કરો દિલમાંથી દુનિયાના દાવા. રામ૦
કર આપ્યા સેવા કરવા શ્રીહરિએ,
ચરણ આપ્યા પુણ્યતીરથમાં નહાવા. રામ૦
નેત્ર આપ્યાં છે નીરખવા સંતવૃંદને,
જીભ આપી છે ગોવિંદગુણ ગાવા. રામ૦
કાન આપ્યા કથા—કીર્તન સાંભળવા,
મુખ છે પ્રભુ તણી પ્રસાદી ખાવા. રામ૦
નરસૈંયાનો ભજો નાથ દયાળુ,
ફરીફરી અવસર મળશે નહિ આવા. રામ૦

૧૧૯

[રાગ ધોળ]

બાલા રે વરની પાલખી, જોતાં વનિતાને થાય ઉલ્લાસ. (ટેક)
નાહી ધોઈને પોઢિયા રે, તિલક કીધો ભાલ;
વરના જાનૈયા શોભી રહ્યા રે, માથે નાખ્યાં છે અબીલગુલાલ. બાલા૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

લીલા તે વાંસની પાલખી રે, તેના ઊંચકનારા ચાર;
માથે તે બાંધ્યાં ભીનાં પોતિયાં રે, મોઢે રામરામના પોકાર;
ચોરી તે બાંધી ચોકમાં રે, છાણાં તે લાવ્યા બેચાર. બાલા૦
ગોળપાપડી દેખે કૂતરાં રે, તે તો મનમાં ઘણું મલકાય;
બાલા રે (વરને) આગળ ચાલે લાકડાં રે, પાછળ ચાલે લાય;[1]
જમાઈ તો ચાલ્યા સાસરે રે, એની સાસુને હરખ ના માય. બાલા૦
તોરણે તણખા ઊડિયા રે, માંડવે લાગી લાર;
ઊઠ રે સાસુ શંખણી રે, તારો જમાઈ આવ્યો બા'ર. બાલા૦
પંદરસે પે'રામણી[2] રે, મસાણા ગામનું નામ;
લાલબાઈની દીકરી રે, ચિતાકુંવરી એનું નામ. બાલા૦
જમાઈ તો રહ્યા સાસરે રે, જાનૈયા આવ્યા દોર;
ટકો પૈસો સર્વે ખાઈ ગયા રે, વિવાહ કીધો છે રૂડી પેર. બાલા૦
બાર ઘડા બાર કોડિયાં રે, ઉપર પૈસો મેલો રોક;
જઈને કહો એના બાપને રે, હવે તાણીને મેલો પોક. બાલા૦
જીવને જમડા લઈ ગયા રે, દેહીનો કીધો એ હવાલ;
નરસૈંયાનો સ્વામી મળ્યો રે, તે તો ઉતરિયો ભવ પાર. બાલા૦

૧૨૦

[રાગ ધોળ]

ઘડપણ કેણે મોકલ્યું?—જાણ્યું, જોબન રહે સૌ કાળ. (ટેક)
ઊમરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ;
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઊજળા થયા છે કેશ. ઘડપણ૦
નહોતું જોઈતું ને શીદ આવિયું રે, નહોતી જોઈ તારી વાટ;
ઘરમાંથી હળવા થયા રે, એની ખૂણે ઢળાવોને ખાટ. ઘડપણ૦
નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે સેવ;
રોજ ને રોજ જોઈએ એ રાબડી રે, એવી બળી રે ઘડપણની ટેવ. ઘડપણ૦

---

૧. અગ્નિ ૨. પંદરસે પહેરામણી તે. ૧૧ માસિયા, ઉન્માસિક, ત્રિમાસિક, છ માસિક ને સંવત્સરી (છમછરી)

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

પ્રાત:કાળે પ્રાણ માહરા રે, અન્ન વિના અકળાય;
ઘરના કહે મરતો નથી રે, તને બેસી રહેતાં શું થાય? ઘડપણ૦
દીકરા તો જૂજવા થયા રે, વહુઓ દે છે ગાળ;
દીકરીઓ જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શા રે હાલ? ઘડપણ૦
નવ નાડો જૂજવી પડે ને આવી પહોંચ્યો કાળ;
બૈરાં છોકરાં ફટફટ કરે રે, નાનાં દે છે ગાળ. ઘડપણ૦
અંતકાળે વળી આવિયા રે, દીકરા પધાર્યા દ્વાર;
પાંસળીએથી વાંસળી રે, પછી છોડીને આપી બા'ર. ઘડપણ૦
એવું સાંભળી પ્રભુ ભજો રે, સંભારજો જગનાથ;
પર ઉપકાર કીધે પામશો રે, ગુણ ગાય નરસૈંયો દાસ. ઘડપણ૦

૧૨૧

જે કુળ હરિની ભકિત ન સાધી, તે અપરાધી જીવ કશા રે;
ભૂતળ ભાર ભરે શબ સરખા, જીવતડાં નર નરક વસ્યા રે.
જે જન હરિને રંગે રાતો, લેશે હરિનું નામ રે;
સકળ પદારથ હોય તે તે, પામે વૈકુંઠ ધામ રે.
કૃષ્ણ ભજી ભજે ભૂધરને, લંપટ લોભ વિસારી રે;
પૂરણ રૂપ પુરુષોત્તમ પામે, ધન તે નર ને નારી રે.
મનનો મેલ તજી મળિયે તો, કૃષ્ણતણો રસ માણે રે;
ભણે નરસૈંયો ભૂલ્યાં હીંડે, કૃષ્ણ વના નવ જાણે રે.

૧૨૨

કોણ આગળ જઈ વીનવું વિઠ્ઠલા? શ્રીપતિ લાજ રાખોને મારી;
દ્રૌપદી લાજને કાજ આવ્યા હરિ, દુ:ખ પામી નહિ દાસી તારી. કોણ૦
પ્રગટ થયા પ્રભુ ભૂતળે ભૂધરા, નરસૈંના નાથ એવું બિરદ કહાવો;
સેવકનું સંકટ ટાળિયે ત્રિકમા, તમે તો કાનજી ભલા રે ભાવો. કોણ૦
લોક દુખે સહુ થાયે કૌતુક બહુ, મંડલિક મદભર્યો મૂઢ પાપી;
નરસૈંયાના સ્વામી જેમ તેમ કરો, લાજ રાખી નાખો બંધ કાપી. કોણ૦

સ. સા.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૨૩

શ્રવણે સૂના થયો શામળા શ્રીહરિ, લક્ષ્મીનાથ શું નિદ્રા આવી;
બિરદ મોટું ધર્યું પતિતપાવનતણું, શરણ આવે તેની બાંહ્ય સ્હાવી. શ્રવણે૦
દુષ્ટના દુઃખની રાખ્ય રમાપતિ, તમ વિના મારો નહિ કોણ સ્વામી;
દુરિજન લોક ને મન આનંદ બહુ, અવર કોને કહું શીર્ષ નામી ? શ્રવણે૦
પુષ્પની માળ શું મન અટકી રહ્યું, વીસર્યો નાથ હું મન તારે;
નરસૈંયાના સ્વામી વિલંબ ન કીજિયે, હાર આરોપીએ કંઠ મારે. શ્રવણે૦

૧૨૪

દયા આણ દયાળજી શીઘ્ર સેવક તણી, તુ રે મારો ધણી વિશ્વ જાણે;
પ્રગટ થયું નામ તે તું થકી શામળા, વિઠ્ઠલા વિનતિ મન ના'ણે. દયા૦
મારે મંત્રનું જંત્રનું ધ્યાન ધરણીધરા, મિત્ર મોહન વિના નહિ રે બીજો;
હાર આપ્યા વિના લાજ કો' કયમ રહે, દીન દેખી પ્રભુ શેં ન રીઝે ? દયા૦
સાહે કીધા વિના નેટ નહિ છૂટકો, જો તારા ચરણની આશ આપી;
નરસૈંયાના સ્વામી માન મૂકી કહું, દેહ દામોદરા તુજને સોંપી. દયા૦

૧૨૫

પરણીને પારકે હાથ શું ભાળવ્યાં, લાજ ના'વે રે કેમ કંથ તુજને ?
કોટિ અબજ અપરાધ ક્ષમા કરી, મ્હેર કરી માફ રાખો મુજને—પરણીને૦
દાસ ને દાસીનાં દુઃખડાં કાપવા, ધાઈને જાઓ છો એકશ્વાસે;
આજ અલબેલડા અરજ સુણતા નથી, છૂટકો નથી છબીલાજી નાસે—પરણીને૦
જેવી તેવી દાસીની લાજ તો નાથને, પ્રીતમજી, કેમ પ્રીત તોડી ?
પ્રાણ જાશે તોય અવરને નહિ ભજું, હઠીલાને કહું હાથ જોડી—પરણીને૦
સોળ સહસ્ર એકસો અઠ્યાસી તાહરે, તેમાં એક અધિક હું દાસી તારી;
નરસૈંયાના સ્વામી શું કહું તુજને, હાર આપી સહાય કરને મારી—પરણીને૦

૧૨૬

નંદના નંદ કાં વાર લાગે ઘણી, દુરજન લોકને શું હસાવે ?
અપકીર્તિ થશે મારી ને તાહરી, લક્ષ્મીવર તુંને લાજ ના'વે. નંદના૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

પેરેપેરે પરણમું માન માગી કરી, કઠણ કાં થઈ રહ્યો કૃષ્ણકામી?
કપટભાવે ભજ્યો તોય તુજને હરિ, સારસંભાળ જગતસ્વામી. નંદના૦
કોણ વેળા થઈ હાર આપે નહિ, સાંભળો શામળા વાત મારી.
નરસૈંયાના સ્વામી મારે દુઃખ નથી, મરતાં લાજ જાશે જ તારી. નંદના૦

૧૨૭

જાય છે જુવાની, તારી જાય છે જુવાની;
હરિના ભજન વિના જાય છે જુવાની. (ટેક)
કાયા તારી કંચન જેવી, મોતી જેવાં પાણી;
મૂવા કેડે બાળી મૂકશે, ઊડી જાશે કા'ની. જાય છે૦
જાતી રે'શે જુવાની ને પછી થાશે હાનિ;
છાનામાના જમડા આવશે, લેઈ જાશે તાણી. જાય છે૦
માટે તમે માયા તજી થાઓને જ્ઞાની;
નરસૈંયાનો સ્વામી સાચો, દુનિયા દીવાની. જાય છે૦

૧૨૮

[રાગ દેશાખ]

સંસારનો ભય નિકટ ન આવે, શ્રીકૃષ્ણ ગોવિંદ ગોપાળ ગાતાં;
ઊગર્યો પરીક્ષત શ્રવણે સુણતાં, તાલ વેણા વિષ્ણુના ગુણ ગાતાં.[1] સં૦
બાલક ધ્રુવ દૃઢ ભકિત જાણી, અવિચળ પદવી આપી;
અસુર પ્રહ્લાદને ઉગારી લીધો, જનમજનમની જડતા કાપી.[2] સં૦
દેવના દેવ તું કૃષ્ણ આદિ દેવા, તારુ નામ લેતાં અભેપદ દાતા;
તે(મ) તારા નામને નરસૈંયા નિત્ય જપે, સારકર સારકર વિશ્વખ્યાતા! સં૦

૧૨૯

તાહરી મહેરની લહેર જો પલક પામું, તો ત્રિવિધના તાપ તે જાય નાસી.
અષ્ટમા સિદ્ધિ નવનિધિ જે મહામતિ, દ્વાર ઊભી રહે થૈને દાસી.

૧. પાઠભેદ—'ત્રિવિધ તાપ ટળે સૌ તનના, મોહમાયા તજતાં રે.'
૨. પાઠભેદ—'ભકત અસુર પ્રહ્લાદને અમર પદવી આપી.'

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

રસિકશિરોમણિ રાજીવલોચન, વદન પ્રસન્ન શ્રીકૃષ્ણ તારું.
કરોને કૃપા હરિ દૃષ્ટ કરુણા ભરી, જે થકી કારજ થાય મારું.
શરણ આવ્યા તેને નથી તમે પરહર્યા, પતિતપાવન એવું વ્રત[1] રાખી.
ઊંચ ને નીચ કે અધમ ન ધારિયા, ભકતવછળ તેના વેદ સાખી.
દીનબંધુ દીનાનાથ કૃષ્ણજી નાથ અનાથનો તું રે સ્વામી;
નરસૈંયાના સ્વામી ભકત છું તાહરો, ભકતને વશ સદા અંતરજામી.

૧૩૦

પઢો રે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસે બાંધી પાંજરું, મુખે રામ જપાવે. પઢો રે૦

પોપટ તારે કારણે, લીલા વાંસ વઢાવું;
તેનું ઘડાવું પોપટ પાંજરું, હીરે રતને જડાવું. પઢો રે૦

પોપટ તારે કારણે શી શી રસોઈ બનાવું?
સાકરનાં કરી ચૂરમાં, ઉપર ઘી પિરસાવું. પઢો રે૦

પાંખ પીળી ને પગ પાંડુરા, કોટે કાંઠલો કાળો;
નરસૈંયાના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો, પઢો રે૦

૧૩૧

કૃષ્ણ કહો કૃષ્ણ કહો, આ અવસર છે કેવાનું;
પાણી તો સર્વે વરસી જાશે, રામનામ છે રેવાનું. કૃષ્ણ૦

રાવણ સરખા ઝટ ચાલ્યા, અંતકાળની આંટીમાં;
પલકવારમાં પકડી લીધા, જાણો જમની ઘાંટીમાં. કૃષ્ણ૦

લખેસરી લાખો લૂંટાયા, કાળે તે નાખ્યા કૂટીને;
ક્રોડપતિનું જોર ન ચાલ્યું, તે નર ગયા ઊડીને. કૃષ્ણ૦

એ કહેવાનું સૌને કહીએ, અંતર તાળી લાગી રે;
ભણે નરસૈંયો ભજતાં પ્રભુને, ભવની ભાવટ ભાંગી રે. કૃષ્ણ૦

૧. પાઠભેદ—'બિરુદ'

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૩૨

[રાગ પ્રભાત]

નિર્ધન પુરુષ તે નકી હરિ જાણવો, કૃષ્ણના ગુણ તજી અન્ય ભાખે,
મંત્ર ને જંત્ર, અવર આરાધના, દુષ્ટની સંગત નિત્ય રાખે. નિર્ધન૦
તારા ભકતની સંગતે આવે નહિ, કામ ને ક્રોધ માટે રાતો;
કૃષ્ણકથા થકી રહે અતિ વેગળો, વિષય રસપાન તે નિત્ય પીતો. નિર્ધન૦
કૃષ્ણ નામનો આશરો જેહને, તેહને દોહલાં દુઃખ ન હોયે;
ભણે નરસૈંયો કૃષ્ણ ગુણ ગાતાં, જન્મ જન્મ હરિભકિત હોયે. નિર્ધન૦

૧૩૩

તાહરા દાસની હાણ તે હાણ છે તાહરી, ચતુરશિરોમણિ જો વિચારી;
ભકત કારણ અવતરી શત્રુ ઉધારિયા, અધમ જન ગુણકાને ટપક તારી.
શર લાવ્યા તેની લાજ તમને ખરી, દ્રુપદસુતાનું દુઃખ આણી;
દુષ્ટ કૌરવ કૃત્તાંત કરાવિયું, ભકત પાંડવ તણો પક્ષ તાણી.
ભકતનાં કષ્ટ તે ક્ષણું એક નવ સહો, ધામ વૈકુંઠથી આવ્યા ત્રાડી;
નામ લેતાં ગજ અધમ ઓધારિયો, પ્રગટ ત્યારે થયા હરિ થંભ ફાડી.

× × ×

૧૩૪

[રાગ મારુ]

વાન વિચારો, મહેતા, વાત વિચારો રે.
બાવન અક્ષર બાહેરો રે, સગુણ થઈ ન્યારો રે. મહેતા૦
તે હરિને તમે નયણે નીરખો, મનની મમતા મારો રે. મહેતા૦
સોહમ્ બ્રહ્મ સઘળે છે વ્યાપક, તે તણા સૌ પ્રકાશ રે. મહેતા૦
અનંતાશ્રમ કહે નરસૈંયા, તેની નહિ ઉત્પત ને નાશ રે. મહેતા૦

૧૩૫

પ્રથમ પ્રીત માંડી હવે સૂઈ રહ્યો શામળા, ન્યૂન તારે હરિ શું છે આજે ?
કંઠમાં કુસુમની માળ તું ગ્રહી રહ્યો, તે કહો કૃષ્ણજી શાને કાજે ? પ્ર૦
સાચી ભકિત કરું લોક જૂઠો કહે, તેમ તજી કાનજી નાસી જાઓ;
નઠોર કાં થઈ રહ્યો, મંડળિક મદે ચડયો, વ્હારે વિશ્વંભર વ્હેલા ધાઓ. પ્ર૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

મેલ માયા હવે પુષ્પના હારની, વાર લાગે ઘણી વિશ્વનાથ;
નરસૈંયાના સ્વામી આશ તારી ઘણી, મૂકશો નહિ હરિ ગ્રહ્યો રે હાથ. પ્ર૦

૧૩૬

હાર મધુસૂદન આજ વ્હાલો થયો, રાખી હૃદયા માંહી થયો રે સાંસો;
હાર માંહે હીરા હસે રે સુણ્ય શામળા, લોભી લક્ષ્મીવરા તો વિમાસો. હા૦
મંડળિક ઉપર કૃપા કીધી ઘણી, દાસ પરથી તે ઉતારી;
સંકટનો સાથી નહિ તુજ વિના શામળા, હે દીનાનાથ મૂક ના વિસારી. હા૦
ભકતવત્સલ એવું બિરદ છે તાહરું, હું રે વળગી રહ્યો તેની આશે;
પતિતપાવન હરિ નામ છે તાહરું, વિપત્ત પડે હવે શું વિમાસે? હા૦
વાંક નહિ વિઠ્ઠલા તમતણો તો રતી, પીડ પામું હરિ મુજ પાપે;
ભણે નરસૈંયો મુને મંડળિક મારશે, જીવતો રહું જો હરિ હાર આપે. હા૦

૧૩૭

હાર હૈયા વચ્ચે શું રે રાખી રહ્યો, કૃષ્ણ થયો રે તું કૃષ્ણ કાળા,
થોડીક વારનો પરુણો પ્રભુ તારો, રૂડું ગમે તે કરો નંદલાલા. હા૦
તારા બળ તણી હિંમત માહરે તું રે આપીશ ને મારે લેવો;
તાહરા ઉરમાં વાત કેવી હશે, દાસનો દાસ છું જેવો તેવો. હા૦
મરણથી માવજી હું તો ડરતો નથી, નેટ નિવારણ આ દેહ પડશે;
હાર આપ્યા વિના મંડળિક મારશે, તે આપજશ તારે શિર ચડશે. હા૦
કેટલી વેળા થઈ કરગરું, કૃષ્ણજી,? શું કહું શામળા, વારે વારે?
નરસૈંયાના સ્વામી આવો ઉતાવળા, તુજ વિના ભકતને કોણ ઉગારે હા૦

૧૩૮

હું રે જાચક દાતાર દામોદરા, મારે મન એ બિરદ સાચું;
આપે ન આપે તોય તું ધણી ત્રિકમા, તુજ વિના બીજા કોને જાચું? હું૦
ભકત સુદામાની સાર કરી શામળા, નવ નિધિ આપી ગૂઠયા મુરારિ;
ચત્રભુજ રાય તેં ચંદ્રહાસ ઉગારિયો, તેમ કૃપા કરો હાવાં મારી. હું૦
ગુરુ બાળક યમસદનથી લાવિયા, અર્જુનની પ્રતિજ્ઞા તેં રે પાળી;
બ્રાહ્મણના દસ પુત્ર હર્યા હતા, વૈકુંઠનાથ તું લાવ્યો વાળી. હું૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

એવાં ઘણાં બિરુદ છે તાહરાં, મારું દુઃખ હાવાં કહું રે તુજને;
હાર નહિ આપે તો મંડળિક મારશે, નરસૈંયો કહે હરિ રાખ મુજને. હું૦

૧૩૯

[રાગ મેઘમલાર]

વિવિધ વિચારી પ્રીતડી, જોને સ્ત્રીરંગ રાતો;
હાર નહિ આપો તો મારશે, મંડળિક મદમાતો. વિવિધ૦
કામી થયો તું કેશવા મુને પરભવે પાપી;
લોભી થયો લક્ષ્મીવરા, પૂતના તેં સંતાપી. વિવિધ૦
મારી વાર ચડોને વિઠ્ઠલા, નહિ તો આ દેહ જાશે!
નરસૈંયાને મંડળિક મારશે, તારા ગુણ કોણ ગાશે? વિવિધ૦

૧૪૮

[રાગ રામગ્રી]

મહા હઠીલો મુખથી નહિ બોલે, જોતાં જૂઠો જદુનાથ રે;
ધુતારો ધરણીધર જાણ્યો, હઠીલો ન મૂકે વાત રે. મહા૦
ગોકુલમાં ગોવાળિયો થઈને ચાર્યાં વનમાં ઢોર રે;
જાણ્યું બળ જીવણજી તારું, નવનીત કેરો ચોર રે. મહા૦
ચંચળ લંપટ ચડિયો, સઘળે તે કરતો શોર રે;
ગોકુળ માંહે હેરતો, એણે અજીઠાં ચાખ્યાં બોર રે. મહા૦
પરાધીન થઈને પેટ જ ભરતો, જેમ કોઈ નઠોર નાદાન રે;
નરસૈંયા સાથે હારને કાજે, આવડું શું અભિમાન રે? મહા૦

૧૪૧

[રાગ બિલાગડો]

તુમ વિના કોંને ન જાચું, જાદવરાય, તુમ વિના કોંને નવ જાચું;
ફરી ફરી કરમે ભરમે ઘણું ભૂલ્યો, તારી ભકિત વિના સૌ કાચું. જાદવ૦
અનેક બ્રહ્માદિક મોટમોટેરા, તે માટે નવ રાચું;
મન–વચન–કર્મ ગોવિંદજીને ચરણે, તે નરહરિ આગળ નાચું. જાદવ૦
યજ્ઞ યાગ તપ તીરથ વ્રત, વેદ કહે તે સાચું;
નરસૈંયાના નાથ મંદિર પધારો, તો ભવજશ હરિ જાચું. જાદવ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૪૨

[રાગ આશાવરી]

વહાલા રે મુને વૈષ્ણવ વહાલા, તેના દાસતણો હું દાસ રે;
હું કોટી બ્રહ્માંડતણો સ્વામી, મેં રુદયા કીધો વાસ રે. વહાલા૦

વૈષ્ણવજનનું એ લક્ષણ છે, તિલક છાપા ને માળા રે;
શરણ આવે તેને સુખ આપે, દીસંતા દયાળા રે. વહાલા૦

ઊંચાં મંદિર સુંદર ભૂમિ છે, ચીતર ગોખ રંગ રેલ રે;
વૈષ્ણવજન વિશ્રામ નહિ તે, એ મંદિર વહેલ મે'લ રે. વહાલા૦

વૈષ્ણવજનની જીર્ણ ઝૂંપડી, મારે તે વૈકુંઠ ક્રોડ રે;
નરસૈંયાના સ્વામી ભકતવત્સલ હરિ, ભવનાં બંધન છોડ રે. વહાલા૦

૧૪૩

[રાગ આશાવરી]

તમારી કૃપાથી શું ના હોય મારા વા'લા, જે ના આપો તે થોડું રે;
તન, મન, ધન તુંને અર્પણ કીધું, દાસ થઈ કર જોડું રે. ત૦

આગે જયદેવને કૃપા કીધી, તે કલિજુગ માંહે જાણી રે;
સોઈ[1] નામદેવનું દેવળ ફેરવ્યું, તે તમારી કૃપા ગણાણી રે. ત૦

ધન્ય સોરઠ ને ધન્ય શામળિયો, ધન્ય આશાવરી રાગ રે;
ભણે નરસૈંયો ભલે અવતરિયો, શ્રીકૃષ્ણ ભજ્યાનો લાગ રે. ત૦

૧૪૪

દેવા ટેવ પડી તુજને, દીન પ્રતિપાળવા, કંથ કમલા રહો સંત સામે;
લાડ પાળો તેનો પાંડ શો માનીએ? હાથ જમણો વળે મુખ સામે.

ગજ તણી વહારે, તું ગરુડ ચડી ધસ્યો, ગ્રાહના મુખ થકી તેં ઉગાર્યો;
ધાયો નારાયણ નામ લેતાં વિષે, અધમ ગુણકા અજામેલ તાર્યો.

દ્રૌપદી કેરી લાજને કારણે, દૂત થઈને ગયો દુષ્ટ પાસે;
પાંચ પાંડવ તણી લાજને કારણે, દ્વારકાંથી આવ્યાં એક શ્વાસે;

ઇંદ્રની કામધેનુ કોડ કરતી રહી, ગોપીનું ગોરસ ચોરી પીધું;
શબરીનાં બોરમાં સ્વાદ ઝાઝો જડ્યો, ઋષિતણા વૃંદમાં માન દીધું.

---

૧. દરજી.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

ભૂપનું નોતરું ભાવ વિનાનું રહ્યુ, પ્રેમનું પારખું પ્રઘલ[1] કહાયો;
એક પત્રે કરી જગત ધરપત કર્યું, ભાજીને ભોજન તું ધરાયો.

ભકતની ઝૂંપડી જગતની ચાકરી, દાસ ચંદ્રહાસને સદ્ય ઉગાર્યો;
સુતદેવનું સન્માન રાખ્યું ઘણું, જનકના ભુવનથી સદ્ય સધાર્યો.

એવા વરદાતા હરિ, બહુ સંત ગાયે ફરી, સહુનાં વચન વિઠ્ઠલા વેદ વાણી;
નરસૈંયા રંકને, ઝંખના તાહરી, કૃપા કરોને મુંને દીન જાણી.

૧૪૫

મોકલો જસોદાજી કુંવર તમારો, અમ ઘેર મહીડાં વલોવવા રે જો;
તમારા કાનજીને ઘૂમતાં રે આવડે, તેડવાને મસે આવી હુંય રે જો.
સાત સમુદ્રની ગોળી રે કીધી, મેરુ કીધો રવૈયો રે જો;
વાસુકિ નાગનાં નેતરાં રે કીધાં, ચાંદા સૂરજ બે સખૈયા રે જો.

સાસુ અમારાં ગામ સધાર્યાં, નણંદી નાર ધુતારી રે જો;
તે માટે બાઈ કુંવર તમારાને, તેડવા માટે હું તો આવી રે જો.

એક પાસ કાનજી કાળો રે ઘૂમે, બીજી પાસે રાધિકા ગોરી રે જો;
ખળકે છે કંકણી, લળકે છે વેલિયાં, લટકે તે નેતરાંની દોરી રે જો.

કાનજી રે કાનજી સહુ કોઈ કહે છે, અમો ગોવાળિયો કહીશું રે જો;
રાધિકા રાધિકા સૌ કોઈ કહે છે, અમે ગોવાળણી કહીશું રે જો.

હળવે હળવે ઘૂમો રે કાનજી, નંદાશે મારી ગોળી રે જો;
ગોળી નંદાશે ને મહી ઢોળાશે, મારે તે મંદિર ખાવા રે જો.

મહીડાં વલોવતાં માખણ પ્રગટ્યું, મોહનને હું આલીશ રે જો;
આવજો રે માધવ ખોતર મારે, બાચકો આપીશ બોરાં રે જો.

આપણે બંને બોરાં રે ખાઈશું, છૈયાં તે ચારશે ઢોરાં રે જો;
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, ઊલટ અંગ ન માય રે જો.

૧૪૬

લગારેક નંદના છોરા, આવની મારી ગાવડી દો'વા. (ટેક)

ગાવડી મારી તુજને હેરી,[2] તુજને દોહવા દે;
મહિનો ટકો જે જોઈએ તે, પહેલો હાથમાં લે. લગારેક૦

---

૧. પ્રૌઢ, મહાન ૨. ટીકીટીકીને જોવું અથવા હળી જવું.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

આવડું કહેવું ન પડે, પોતાનાં જાણી, જોઈ;
ગામમાં મારે સહુ સગું છે, તુજ સરખું નહિ કોઈ. લગારેક૦
ઘેર મારાં છોકરાં સાથે, તુજને ખાવાનું આલું;
મોહનમાળા જો ગમે તો, કાનજી ગળે ઘાલું. લગારેક૦
આવડી વાર શું કરે વસમી, વસવું ગોકુળગામ;
આજ મારે એટલું પડયું, તજ સરીખડું કામ. લગારેક૦
મનમાં છે તે મનડું જાણે, મોઢ કહે શું થાય?
નરસૈંયાના સ્વામી વિના, રખે વહાણલડું વાય! લગારેક૦

૧૪૭

અહો ભાઈ રે, શાંતિ પમાડે તેને સંત કહીએ. (ટેક)
એના દાસના દાસ થઈને રહીએ, ઓ ભાઈ રે, શાંતિ પમાડે તેને સંત કહીએ.
વિદ્યાનું મૂળ જ્યારે ગુરુજી ના બતાવે, ત્યારે મહેતાનો માર શીદ ખાઈએ?
મળ્યો ગુરુ ને બોધ ન દીધો, ત્યારે તેના ચેલા તે શીદ થઈએ? અહો૦
કલ્પવૃક્ષ સેવે જ્યારે દારિદ્ર ઊભું, ત્યારે તેને છાંયે તે શીદ રહીએ?
મોટાની ચાકરીમાં ભૂખ ન ભાગે, ત્યારે તેની વેઠે તે શીદ જઈએ? અહો૦
વૈદ્યની ગોળી ખાધે દુઃખ ઊભુ રહ્યું, ત્યારે તેની ગોળી શીદ ખાઈએ?
લીધા વળાવા ને ચોર જ્યારે લૂંટે, ત્યારે તેની સંગે શીદ જઈએ? અહો૦
નામ અમૃત મારા ગુરુજીએ બતાવ્યું, ત્યારે તે તો ચોંટયો છે મારે હૈયે;
મહેતા નરસૈંયાની વાણી મધુરી, શોધીને શરણે રહીએ. અહો૦

૧૪૮

[રાગ બિભાસ]

સંતકરુણા થકી, સકળ કારજ સરે, કૃષ્ણકરુણા થકી કૃષ્ણ ભાસે;
જગત્કરુણા થકી, યોનિ નિત્ય નવી ધરે, પેરેપેરે દેહ ગર્ભવાસે. સં૦
સંત સુખિયા સદા, દુઃખ નવ ધરે કદા, જીવ જંજાળ ભરપૂર માતાં;
જગત ઉન્મત્ત ફરે, વિષેવાસના[1] ધરે, ભકત ભગવંત સંઘ[2] રંગ રાતા. સં૦
જગત ગતિ પરહરી, ભકિત લે દૃઢ કરી, અખિલ અઘ થર[3] હરિ દૂધ ન જાશે;
ભણે નરસૈંયો સંત સંતને સેવતાં, પેરેપેરે પરમ આનંદ થાશે. સં૦

૧. વિષયવાસના ૨. ટોળું ૩. પાપનાં પડો

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૪૯

[રાગ મારુ]

તું તો ગોકુળ માંહે રહેતો, તવ નવનીત ચોરી લેતો;
તું તો ગુજરને ઘેર જતો, તેનો ટાઢો ઠુમરો ખાતો.
જસોદાજી બાંધતાં તાણી, હું મુકાવતો સારંગપાણિ;
તમે તે દહાડા સંભારો, એવું જાણીને ઉગારો;
માંહેમાંહે મોટાઈ ન આણો, મને પોતાનો કરી જાણો;
મારે રૂડે તમારે રૂડું, મહારે ભૂંડે તમારું ભૂંડું.
મારી પત જાતાં તારી જાશે, ત્યારે ગોકુળ કેમ રહેવાશે?
લોક વરવાં બોલે છે મારાં, ઢાંક મારાં ઉઘાડીશ તારાં,
નાગર બટકડા બોલા કહીએ, તું તો કાંઈ ન આણે હૈયે;
એવું જાણીને ઓરા આવો, હાર આપી મુજને મનાવો.
તને ભ્રણુભાનસુતા રહી રાખી, તેણે આનંદથી જોતો ઝાંખી;
તારો નરસૈંયો રીસે ભરાય, મુજ વિના જશ કોણ ગાય?

૧૫૦

(નરસિંહ મહેતા પોતાની પુત્રી કુંવરબાઈને કહે છે:)

[રાગ દેશી, ફેર પ્રભાત]

સાસરે પધારો રે મારી કુંવરી રે, વિપરીત વેદના રે વિસાર;
પિયર તમારું રે, પુત્રી ઢૂંકડું રે, છે શ્રીગોકુળમાં પરિવાર. સા૦
હરિગુણ ગાતાં રે ઘડપણ ગાળજો રે, સત્સંગે કરજો વળી સુવિચાર;
રુદન ન કરશો રે રુદિયાફાટ તે રે, નથી કોઈ આંસુનું લોનાર. સા૦
મારે તો નિરધનને પેટે તું પડી રે, કાંઈ નથી પામી તું તો સુખ:
નઠોર ને નાત્ય રે નટ નાગરતણી રે, ઠામઠામ દીધાં છે બહુ દુ:ખ. સા૦
એમ ન કીજે મારા તાતજી રે, રાખો શ્રીનાથજી શું નેહ;
સાર ઘણી કીધી રે એણે શામળે રે, કેમ દેશું છબીલોજી છેહ? સા૦
જેણે તે મામેરું રે હરિએ પહેલાં કર્યું રે, રાખી જ્ઞાત માંહે વળી લાજ;
હૂંડીને સિકારી રે હરિએ હેતશું રે, તે હાર આપશે શ્રીમહારાજ. સા૦
સાસરીએ જઈને રે હવે શું કરું રે, જ્યારે રૂઠયા સારંગપાણ;
તમને જ્યારે રે મંડળિક મારશે રે, ત્યારે અમે તજશું અમારા પ્રાણ. સા૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૫૧

[રાગ કેદારો]

કેદારો મૂકવવાને ચાલ્યા, તે ભકતવત્સલ ભગવત સ્વરૂપ;
ધરણીધર મહેતાને મંદિર આવ્યા, નરહરિ નરસૈંનું ધરી રૂપ. કે૦
ધન આપી ખત માગી રે લીધું, વ્યાજ સુદ્ધાં પહોંચાડયું સહુ;
ધરણીધર નાગરને ઘેરે, એક પાંગળી હુતી રે વહુ. કે૦
તેને ઘેલી કહીને સહુ કો બોલાવે, તેને મંદિર પધાર્યા ભગવાન;
મસ્તક હાથ મૂકીને ઉઠાડી, રૂપ કીધું તેનું લક્ષ્મી સમાન. કે૦
એકપંથ બે કારજ કરીને, હરિ આવ્યા જૂનાગઢ મોઝાર;
મહેતાજીને ખોળે ખત નાખ્યું, અંત્રીક્ષ રહીને દેવ મોરાર. કે૦
તે રે શ્રીપતિ સરવે દીહું, મંડળિક પાસે માગે માન;
નરસૈંયો ઈશ્વરનો સેવક, કહ્યું કરો હહીલા રાજન. કે૦
અન્યોઅન્ય સહુ વાત કરે છે, ખત આપ્યું દામોદર રાય;
નરસૈંયાને મંદિરે મોકલો, નુહ તો આપણો મહિમા જાય. કે૦
તળાજેથી તતક્ષણ આવ્યો. કહે ધરણીધર સાંભળો રાય;
હરિના જન હરિ સરખા જાણો, મહેતાજીને લાગો પાય. કે૦

૧૫૨

[રાગ સારંગ]

દ્વારકા પહોંચ્યા કમળાપતિ, રામાનંદ પ્રત્યે કહે વિનતિ;
તમે જૂનાગઢ લગી વેગે જાઓ, નરસૈંયો નાગરને કરો પસાયો. દ્વા૦
આવ્યા રામાનંદ સભા મોઝાર, એવે ધરણીધર કરે છે વિચાર;
મહેતાને રૂપે આવ્યા ભગવાન, અપંગ વહુ કીધી લક્ષ્મી સમાન. દ્વા૦
ગરથ આપી ખત લીધું હરિ, ધરણીધરે વાણી ઓચારી;
શ્રીપતિ સાંભળીને દિલગીર થયા, મંડળિક રાય વિચારી રહ્યા. દ્વા૦
અન્યોન્ય વાતો ગોચરે, વૈષ્ણવ સાથે દ્વેષ કોણ કરે ?
દક્ષિણાવર્તી ગંગોદક ભર્યો, નરસૈંયો નાગર વૈષ્ણવ ખરો. દ્વા૦
ગાયે રત્ન ગળાણું રાય, રત્ન જડે ને જીવે જાય;
એવી પ્રીત દામોદર ક્યાંથી કરે ? ભાંગી ભોગળ હાર કંઠે ધરે. દ્વા૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

તે માટે મહેતાને મોકલો દોર, બ્રાહ્મણ શું નવ કીજે વેર:
વેર કીધે નવ થાયે ભલું, તે માટે કહીએ એટલું. દ્વા૦
એમ સભાજન સરવે કહે, તે તો મંડળિક સરવે લહે;
પ્રલંબ પ્રધાન વિચારે પેર, નરસૈંયાને મોકલો દોર. દ્વા૦

૧૫૩

જીવને સાટે રે, માળા જીવને સાટે રે,
શું મૂકું મૃત્યુભય માટે, માળા જીવને સાટે રે. જીવને૦
ઉગ્ર તપે હું માળા પામ્યો, તે કેમ મૂકી જાય?
જો નરસૈંયો માળા મૂકે તો ત્રણ લોક પ્રલય થાય. જીવને૦
નવસેં નવાણું નદી અવળી ચાલે, સાતે સમંદર સૂકે;
મેરુ ચળે, રવિ પશ્ચિમ ઊગે, પણ નરસૈંયો માળા ન મૂકે. જીવને૦
તમે જોગી સર્વે વૈષ્ણવ થાઓ, મુજ પેઠે તાલ વગાડો;
ભણે નરસૈંયો યોગ ધરીને, શીદને જનમ વણસાડો? જીવને૦

૧૫૪

મૂકને લીધો વાદ ભૂંડા, મૂકને લીધો વાદ;
બહુ કીધો બકવાદ ભૂંડા, મૂકને લીધો વાદ. મૂકને૦
નૃત્ય કરી કરી ચરણ થાકયા, તાલ વગાડી હાથ;
ગાઈ ગાઈને ઘાંટો બેઠો, કયાં છે ગોકુળનાથ? મૂકને૦
ખોટે પાયે ભીંત ચડે ના, જૂઠું સાચ ન હોય;
નાચે કૂદે હરિ મળે તો, શાસ્ત્ર ભણે ના કોય. મૂકને૦
ખૂણાળી પાઘડી બાંધે, પહેરે ઝીણા જામા પટકા;
સ્નેહ તારો અમે જોયો સઘળો, કરતો લટકા મટકા. મૂકને૦
માળા તિલક પાખંડ કરી, વણસાડયું આખું ગામ;
મૌન ગ્રહી હવે ખૂણે બેસી, અંતરમાં રટ રામ. મૂકને૦
જન્મનો જોગી કુટુંબ વિરોધી, ખોઈ બેઠો ધણિયાણી;
નરસૈંયા તજ દંભ તું, નિર્ગુણનાથ શકયો નથી જાણી! મૂકને૦

૧૫૫

તે કેમ મૂકયો જાય, ભગવા તે કેમ મૂકયો જાય?
જેને શુકસનકાદિક ગાય, ભગવા તે કેમ મૂકયો જાય? તે કેમ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

નાચ્યા બ્રહ્મા, નાચ્યા નારદ, નાચ્યા નિગમ ચાર;
શાસ્ત્ર તારાં લઈ બાંધી મૂકને, નાચ્યા શિવ ત્રિપુરાર. તે કેમ૦
મુનિવ્રત ગ્રહી મૂંગો રહું શાને? પ્રગટ હરિગુણ ગાઉં;
ચોરીનો શું માલ છે, જે એમ ખૂણે બેસી ખાઉં? તે કેમ૦
કોઈ ઉપાસે નિર્ગુણ બ્રહ્મને, કોઈ સગુણ ગુણ ગાય;
જેને જેવો ભાસે તેને, તેવો હૃદયે સમાય. તે કેમ૦
લંગોટા લે કંથાગોદડી, શંખ ને શુંગી ફૂંકે;
ભાવભક્તિની વાત ન જાણે, મિથ્યા વઢવું મૂકે. તે કેમ૦
હું—તું વાદવિવાદે વળગ્યા, કોણ જાણે કોણ તરશે?
નરસૈંયો તો નાચશે નિત્ય, ગોલો ભીમડો રીસે બળશે. તે કેમ૦

૧૫૬

[કેદમાં નરસિંહ મહેતાએ કરેલી પ્રાર્થના]

માહરે તો તારા નામનો આશરો, તું વિના સહાય કોણ કરશે મારી?
દીનબંધુ હું દયાળ દામોદરા, આવ્યો અવસર હવે લે ઉગારી.
આજ તું ભક્તની લાજ લક્ષ્મીવર, રાખ કરુણાકર બિરદ ધારી;
તારે તો સેવક કોટી છે શામળા, મારે તો એક જ આશ તારી.
માન—અપમાન હવે નથી રહ્યું જરી, ભૂપતિ ભોળવ્યો કામ કીજે;
રાખીએ નાથ અનાથને દુઃખ થકી, આશ અનંત તુજ નામ લીજે.
નાથ તું અનાથનો, સાખ શાસ્ત્રો પૂરે, વાત વિસ્તારમાં વાર લાગે;
કૃત્ય કીધાં રખે આજ સંભારતો, હું મતિમંદ અજ્ઞાન આગે.
રાયને માન વાધ્યું દીસે અતિ ઘણું, તે તમે ચિત્ત ધરો નાથ મારા;
ભણે નરસૈંયો ભૂતળ વિષે અવતરી, હું તો હરનિશ ગુણ ગાઉં તારા.

૧૫૭

[નરસિંહ મહેતાનો કેદમાં પ્રાર્થના]

પ્રીત કરી પારકે હાથ શું ભાળવે, લાજ ના'વે પ્રભુ કેમ તુજને?
કોટી અબજ અપરાધ ક્ષમા કરી, મ્હેર કરી રાખ તુજ પાસ મુજને.
વ્હાર કરી દાસનાં દુઃખડાં કાપવા, દોડીને ધાવ છો એકશ્વાસે;
આજ અલબેલા કાં અરજ સુણતા નથી? છૂટકો થાશે છબીલા શું નાસે?

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

દાસની લાજ તો આખરે નાથને, પ્રીતમ મુજથી શું પ્રીત તોડી?
પ્રાણ જશે તોયે નહિ ભજું અવરને, હઠીલા કહું છું બે હાથ જોડી.
અનેક ભક્તો ભજે જેવો તેવો તેમાં, એક અધિક હું દાસ તારો;
નરસૈંયાના સ્વામી શું કહું વધુ તુજને? શરણે પડયો ઝાલ હાથ મારો.

૧૫૮

[રાગ દેશાખ]

લૂંટાણો રે લોભિયા, માયાનો વળુંધ્યો;
યમને લેખું આપવું, આળસમાં શું સૂતો? લૂંટાણો૦
આપસ માંહેથી ઊઠની, સૂતો શા માટે?
હરિ–હીરો જાયે હાથથી, તારું હૈડું ના ફાટે. લૂંટાણો૦
કાં રે નિદ્રામાં સૂઈ રહ્યો, ગઢ લીધો રે ઘેરી;
કાલ દદામું દેઈ ચેતાવે, ઘેલા ચેત સવેરી. લૂંટાણો૦
નદીતણું નીર નીરખ, જોની જાય છે વહેતું;
આયુષ ઓછું થાય છે, રાખ્યું નથી રહેતું. લૂંટાણો૦
ટાલ પડી આ શરીરે તારે[1], મોઢું કરની કાળું;
જે મુખ હરિ નવ ઊચરે, તે મુખ દેની તાળું. લૂંટાણો૦
સો ફેરે એક ગાંઠ છે, જેને લાગે છે ચટકો;
ભજી લે નરસૈંયા શેઠને, ભાગે ભવનો ભટકો. લૂંટાણો૦

૧૫૯

વૈષ્ણવને ઘેર બેઠાં ગંગા, નિર્મળ હરિગુણ ગાય રે. (ટેક)
કોટી કોટી તીરથ તાંહાં આવે, જ્યાં સંતસમાગમ થાય રે. વૈષ્ણવને૦
હરિથી વિમુખ તેને શું કરે ગંગા? જેમ બગ ગંગામાં નહાય રે. વૈષ્ણવને૦

× × ×

ગંગાજી એણી પેરે બોલ્યાં, હું ત્રણ લોકને તારું રે. વૈષ્ણવને૦
હરિના જન તે મુજને તારે, કહે નરસૈંયો હું વારું રે. વૈષ્ણવને૦

૧. પાઠભેદ—'ટાલ પડી આ દેહને.' ૨. વારી વારી જાઉં.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૬૦

[રાગ આશાવરી]

વૈષ્ણવજનને વિષયથી ટળવું, હરવું[1] માંહીથી મન રે;
ઇંદ્રિય કોઈ અપવાદ કરે નહિ, તેને કહીએ વૈષ્ણવજન રે. (ટેક)

કૃષ્ણ કૃષ્ણ કહેતાં કંઠ જ સૂકે, તોયે ન મૂકે નિજ નામ રે;
શ્વાસોશ્વાસે સમરે શ્રીહરિ, મન ન વ્યાપે કામ રે. વૈષ્ણવ૦

અંતરવૃત્તિ અખંડ રાખે હરિશું, ધરે કૃષ્ણનું ધ્યાન રે;
વ્રજવાસીની લીલા ઉપાસે, બીજું સુણે નહિ કાન રે. વૈષ્ણવ૦

જગશું તોડે ને જોડે પ્રભુશું, જગશું જોડે પ્રભુશું ત્રુટી રે;
તેને કોઈ વૈષ્ણવ ન કહેશો, જમડા લઈ જાશે કૂટી રે. વૈષ્ણવ૦

કૃષ્ણ વિના કોઈ અન્ય ન દેખે, જેની વૃત્તિ છે કૃષ્ણાકાર રે;
વૈષ્ણવ કહાવે ને વિષય ન જાવે, તેને વારંવાર ધિક્કાર રે. વૈષ્ણવ૦

વૈષ્ણવને તો વલ્લભ લાગશે, કુડિયાને લાગશે કાચું રે;
નરસૈંયાના સ્વામીને લંપટ નહિ, ગમે શોભશે સાચું રે. વૈષ્ણવ૦

૧૬૧

[રાગ આશાવરી]

વૈષ્ણવજનને વિરોધ ન કોઈશું, જેના કૃષ્ણચરણે ચિત્ત રહ્યાં રે;
કાવાદાવા સર્વે કાઢયા, શત્રુ[2] હતા તે મિત્ર થયા રે. વૈષ્ણવ૦

કૃષ્ણ ઉપાસીને જગથી ઉદાસી, ફાંસી તે જમની કાપી રે;
સ્થાવર જંગમ ઠામ ન ઠાલો, સઘળે દેખે કૃષ્ણ વ્યાપી રે. વૈષ્ણવ૦

કામ કે ક્રોધ વ્યાપે નહિ કયારે, ત્રિવિધ તાપ જેના ટળિયા રે;
તે વૈષ્ણવનાં દર્શન કરીએ, જેના જ્ઞાને તે વાસનિક[3] ગળિયા રે. વૈષ્ણવ૦

નિઃસ્પૃહીને નિર્મળ મતિ વળી, કનકકામિનીના ત્યાગી રે;
શ્રીમુખ વચનો શ્રવણે સુણતાં તે વૈષ્ણવ બડભાગી રે. વૈષ્ણવ૦

એવા મળે તો ભવદુઃખ ટળે, જેનાં સુંધા[4] સમાન વચન રે;
નરસૈંયાના સ્વામીને નિશદિન વહાલા, એવા તે વૈષ્ણવજન રે. વૈષ્ણવ૦

---

૧ મલિનતાના ભારથી રહિત, નિર્મળ, નિખાલસ, કૂડકપટ વગરનું
૨ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા ને તૃષ્ણા એ આઠ શત્રુ છે.
૩ જેથી વાસના બંધાય, તેવાં પ્રાણી—પદાર્થ, ૪. અમૃત

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૬૨

[ઝૂલણા]

જદુપતિનાથ તે મિત્ર છે તમતણા, જાઓ વેગે કરી કૃષ્ણ પાસે;
પ્રીતિ પૂરવ તણી હેત ધરસે હરિ, મનના મનોરથ સફળ થાશે. જદુ૦
ઘોર બાળક સહુ દુઃખ પામે બહુ, અન્ન ને વસ્ત્રથી રહે છે ઊણા;
નિરધન સરજ્યાં પુણ્ય કીધા વિના, કર્મના દોષ તે આવી પૂગ્યા. જદુ૦
જદુપતિ જાદવો ભક્તિવશ માધવો, કરશે કરુણા પ્રભુ દીન જાણી;
ગોમતીસ્નાનથી કોટી અઘ નાસશે, નીરખતાં કૃષ્ણને પ્રેમ આણી. જદુ૦
કૃષ્ણને હળીમળી શીઘ્ર આવો વળી, જાણશે દુઃખ અંતરજામી;
વિનતિ મનમાં ધરો આળસ પરહરો, સહાય થાશે નરસૈંનો સ્વામી. જદુ૦

૧૬૩

સાંભળો ભામિની કાન ધરી કામિની, કવણ કહાવું હું કૃપણ પાપી;
ત્રિભુવનનાથ તે મહીપતિ માધવો, કેમ બોલાય ત્યાં વાત ચાંપી? સાં૦
દિવસ ઝાઝા થયા બાલપણને ગયાં, નરપતિ નવ પ્રીછે પ્રીત જૂની;
દુર્બળ રંક હું ભિક્ષુક બાપડો, નવ લહું ચોકશી ખોટી ચૂની. સાં૦
ઉગ્રસેન અક્રૂર ઓદ્ધવ છે ત્યહાં, બલિભદ્ર ને અનિરુદ્ધ પાસે;
કોટી જોદ્ધા જ્યહાં ઊભો રહીશ ક્યાં, કોણ આવી મારો હાથ સહાશે? સાં૦
જડિત રત્નો–મણિ કાંતિ ભાસે ઘણી, તિમિર ના'વે તેની જ્યોત પાસે;
ત્યાં કેમ બોલી શકું વેણ વદતો થકું, ધમણ ધમતો રહું શ્વાસોશ્વાસે. સાં૦
મૌન બેસી રહો, સુખદુઃખ સૌ સહો, ભોગવો કર્મ જે ભાગ્ય ચોંટ્યું.
દુરિજન લોક તે છોને લવતા રહે, નરસૈંના સ્વામીનું બિરદ મોટું. સાં૦

૧૬૪

સ્વામી સાચું કહ્યું બોલવું નવ રહ્યું, કંથનાં વચન તે વેદવાણી;
ભવતણું નાવ તે ભક્તિ ભૂધરતણી, તેહ હું પ્રીછવું સ્નેહ આણી. સ્વા૦
નથી હરિ વેગળા ભક્તિભાવે મળ્યા, રાય ને રંક જ્યાં એક ઘાટે;
લખપતિ કોટિધ્વજ મન ના'ણે રતી, શુક્ર સરિખા ત્યાંહાં નહિ રે સાહે. સ્વા૦
બ્રહ્મણ્ય દેવદયાળ શ્રીકૃષ્ણજી, નિજ જન જાણીને સૂધ લેશે;
પ્રીતની રીત તે જાય નહિ વીસરી, બાળલીલાતણાં ચરિત્ર કહેશે. સ્વા૦

સ. સા.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

નથી કાંઈ ઓઢવા ભેટ લઈ જવા, કેમ કરી જાણશે કૃષ્ણ સ્વામી ?
દત્ત નથી આપણું વદન લજામણું, નીરખતાં લાજે નરસૈંનો સ્વામી. સ્વા૦

૧૬૫

વિનતિ વળી કહું ભેટ લાવી દઉં, પોતિયે તાંદુલ ગાંઠ બાંધો;
જાણશે થોડે ઘણું ભાવ ભોજનતણું, ધન્ય શ્રીકૃષ્ણ શું સ્નેહ સાંધો. વિ૦
ભીલડીનાં બોર તે ભાવે આરોગિયાં, જૂઠું અન્ન આહીરનું લીધું;
ભકત વિદુરની ભાજી ભાવે જમ્યા, ભૂપનું નોતરું પાછું કીધું. વિ૦
પેરે પેરે પાંડવ કષ્ટ નિવારિયાં, ભકત કારણ કંઈ દુષ્ટ તાર્યા;
ઊંચ ને નીચનું એને છે પારખું, પતિત અધર્મી કંઈ કોટી તાર્યા. વિ૦
ભકિતવશ વિઠ્ઠલો સંત સાથે મળ્યો, સમોવડને નવ ચૂકે ટાણે;
સંત સમરે ત્યહાં, આવી ઊભો રહે, ભકતના મનતણો ભાવ જાણે. વિ૦
જાઓ વેગે કરી, નીરખો મુકિતપુરી, ધન્ય ધન્ય તારુણી સ્નેહ ન્યાળો;
નરસૈંયાના નાથને નિરખો નિશ્ચય કરી, કામિનીએ કંથને બાંહે ઝાલ્યો. વિ૦

૧૬૬

ચાલિયો વાટમાં જ્ઞાનીના ઘાટમાં, મિત્ર મોહનતણું નામ લેતાં;
ધન્ય એ નાર અવતાર સફળ કર્યો, કૃષ્ણ હે કૃષ્ણ મુખ એમ કહેતો. ચા૦
માગવું મૃત્યુ પ્રમાણ છે પ્રાણીનું, લોભ કીધે ત્યહાં પ્રીત તૂટે;
કહ્યું મેં અબળા સુખે બેસી રહો, માગતાં તો બધો મર્મ છૂટે. ચા૦
માગિયુ મેં નથી શું મુખે કહું કથી ? ભોગવું કર્મ જે ભાગ્ય લાવ્યો;
શ્રીપતિનાથે મને રંક સરજાવિયો, એમ કરતો દ્વિજ દ્વાર આવ્યો. ચા૦
આવી ઊભો રહ્યો, કંઠ ગદ્‌ગદ થયો, કોટિ સૂરજ શશિજ્યોત ભાસે;
ઉંર દયા આણીને હરિજન જાણીને, પોળિયે જઈ કહ્યું કૃષ્ણ પાસે. ચા૦
મંદિરે તેડિયા ચાલિને ભેટિયા, ત્રિવિધના તાપ તે સર્વ નાઠા;
હેમસિંહાસને લઈ બેસાડિયા, તાણતાં વિપ્રનાં વસ્ત્ર ફાટયાં. ચા૦
તેલ ફૂલેલ મર્દન કરાવિયાં, શુદ્ધ ઉષ્ણોદકે સ્નાન કીધું;
કનકની પાવડી ચરણ આગળ ધરી, કૃષ્ણ ચરણોદક શીશ કીધું. ચા૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

પુનિત પીતાંબર પહેરવા આપિયું, કનકનો થાળે પકવાન્ન દીધાં;
ભાવતાં ભોજન કૃષ્ણ હાથે કર્યાં, લીધું આચમન ને કાજ સીધ્યાં. ચા૦

કૃષ્ણે પલંગ પર પોતે પધરાવિયા, દધિસુતા વીંજણે વાયુ ભરતાં;
સત્યભામાદિક નારી નીરખી રહી, નરસૈંનો નાથ પદસેવ કરતાં. ચા૦

૧૬૭

ભાગ્ય જો જો બાઈ કૃપણ ભિક્ષુક તણું, રુકિમણી આદિ સૌ નારી બોલે;
હળધર જોગ્ય તે ભોગ પહોંચાડિયા, અજ અંબરીષથી અધિક તોલે. ભા૦

આ કૃપણરૂપ તે પ્રગટિયું કયાં થકી? વસ્ત્ર મેલાં દીસે કર્મફૂટ્યો;
ત્રિગુણને દુર્લભ, સેજ રમાતણી, વશ કરી નાથને પાપ છૂટ્યો. ભા૦

અંગ આતિ કમકમે ધમણ મોઢે ધમે, ઉધરસે ને વળી નાક લૂતો;
જો જો કૌતુક હરી દેહદશા ફરી, કૃપણ તે કૃષ્ણને સંગ સૂતો. ભા૦

પોઢીને ઊઠિયા સ્નાને બેસાડિયા, વદન પખાળવા નીર દીધું;
કનક ઝારી ભરી શીત જળ આપિયું, કનકકટોરે તે પાણી પીધું. ભા૦

શ્રીમુખે બોલિયા કહોને બાંધવ તમો, બ્રહ્મચારી કે ગૃહધર્મી કીધો;
કુશળ છે બાલગોપાલ સહુ તમતણાં, ભાગ્ય મોટું મને ચિત્ત લીધો. ભા૦

ગૃહસ્થના ધર્મમાં હુંય વળગી રહ્યો, હું તે મારી વળી ગત્ય ભૂલ્યો;
મિત્ર સુદામાની શુદ્ધ લીધી નહિ, કામિની કેરમાં હું જ ડૂલ્યો. ભા૦

સાંદીપનિ ગોરને ઘેર આપણ ભણ્યા, ધન્ય ધન્ય દિવસ તે સફળ કહાવ્યો;
એક રેણી રહ્યા વન વિષે આપણે, સરપણ ભાંગતાં મેઘ આવ્યો. ભા૦

અન્ન લીધા વિના ભૂખ્યા બેસી રહ્યા, ગોરાણીએ આપણી પીડ જાણી;
વીસરી ગયું છે વીર તને સાંભરે, સાંદીપનિ ગોરની અચળ વાણી. ભા૦

ભાભીએ ભેટ જે મોકલી મુજ ભણી, ભાવશું ભાઈ તે લાગી મીઠી;
સંકોચતો ગાંઠડી વિપ્ર આધી ધરે, નરસૈંયાના સ્વામીએ નજરે દીઠી. ભા૦

૧૬૮

છપ્પન ભોગ જ્યાં કવણ તાંદુલ ત્યાં, આપતાં ઉર સંકોચ આવે;
જે રે જોઈએ તે આવી મળે, કૃષ્ણને, તાંદુલ ભેટ તે તુચ્છ કહાવે. છ૦

(પણ) ધાઈ લીધા હરી મૂઠી તાંદુલ ભરી, પ્રેમે આરોગિયા તૃપ્તિ પામી;
ઈંદ્ર કુબેરથી અધિક વૈભવ કર્યો, રુકિમણી કર ગ્રહ્યો શીશ નામી. છ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

એક રહ્યાં અમો એક બીજા તમો. ભકતને અઢળક દાન કરતાં;
પ્રેમદાએ પ્રેમનાં વચન એવાં કહ્યાં, હાથ સહાયો ત્રીજી મૂઠી ભરતાં. છ૦
વનિતા વચન તે વિપ્ર સમજ્યો નહીં ચાલવા ઘર ભણી શીખ માગી:
નરસૈંના નાથે દુર્બળપણું ટાળિયું, ભૂખના દુઃખની ભીડ ભાંગી. છ૦

૧૬૯

વિપ્ર ચાલ્યો વળી કૃષ્ણ સાથે મળી, ચિત્તમાં શોચી વિચાર કરતો,
આપ્યું તો કાંઈ નહીં ત્રીઠ જાણી નહિ, તે તણો શોચ હૃદયે જ ધરતો. વિ૦
અષ્ટ મહાસિદ્ધિ તણી, રિદ્ધિ નવનિધિતણી, સંપત્તિમાં રહ્યો ભોગ માણી;
કામની કથને હું કારિકા આવિયો, અમતણી ત્રીઠ તો નવ જાણી. વિ૦
બાલગોપાલ જે વાટ જોતાં હશે, તેહને જોઈ અમો શું કહેશું;
મિત્ર મોહનતણું હેત જ્યારે પૂછશે, કામનીને ઉત્તર કેમ દેશું? વિ૦
એમ ચિંતા કરે, નેત્રથી નીર ઝરે, કર્મની વાત મનમાંહી ધારી:
નરસૈંનો નાથ તો અતિ ઘણો લોભિયો, પીતાંબરી પણ લીધી ઉતારી! વિ૦

૧૭૦

ધન્ય તું, ધન્ય તું, રાય રણછોડજી, દીન જાણી મને માન દીધું;
નહિ મુજ જોગ તેં ભોગ પહોંચાડિયા, આજ અંબરીષથી અધિક કીધું. ધ૦
કનકને આસને મુજને બેસાડિયો, રુકિમણી કૃષ્ણનો હાથ સહાતાં;
હેત કરી કરી હરિ ચરણ તળાંસિયાં, ખડરસ ભોજન ખાંતે ખાતાં. ધ૦
બાલપણાતણો સ્નેહ નવ વિસારિયો, મિત્ર મોહનતણી પ્રીત સાચી;
હેતથી હળીમળી માન દીધું મને, રંક બેસાડિયો કનકમાંચી. ધ૦
ધન્ય ધન્ય કૃષ્ણજી સંતસેવા કરી, ધ્યાન ધરતો હું નિજ દ્વાર આવ્યો;
રત્નજડિત મણિભવન શોભા ઘણી, દેવ શું દ્વારિકાં આંહી લાવ્યો. ધ૦
કનકની ભૂમિને ને રત્નના થાંભલા, અર્કની જ્યોત ઉદ્યોત દીસે;
ખાન ને પાન વિહાર સ્થાનક ઘણાં, કામની નીરખતાં કામ હીસે. ધ૦
સપ્ત નવ વરસની દીઠી ત્યાં સુંદરી, નારી નવજોબન બહુ રૂપાળી;
સોળ શણગાર તે અંગે સુંદર ધર્યાં, દેવ વિમાનથી રહ્યા નિહાળી. ધ૦
સહસ્ર દાસી મળી દીસે વીંટી વળી, કામની કંથની પાસ આવી;
સ્વામી હે સ્વામી, હું દાસી તમતણી, ચાલો મંદિર વિષે પ્રેમ લાવી. ધ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

ગોમતી—સ્નાન કરી કૃષ્ણજી નીરખિયા, પુણ્ય પ્રકટ થયું પાપ નાઠું;
તે થકી સમૃદ્ધ આ સકલ તે સાંપડી, મટી ગયું આપણું ભાગ્ય માઠું. ધ૦
કૃષ્ણ કહેતા તે, નિજ ધામ પધારિયા, નવલ જોબન થયાં નર ને નારી;
વિનતિ ઉચ્ચારતાં, રજની વીતી ગઈ, નરસૈંના સ્વામીની પ્રીત ભારી. ધ૦

૧૭૧

[રાગ કેદાર]

મારો વા'લોજી રાગ મુકાવીને આવ્યા, મહેતો ખત વાંચીને ખુંખારે;
નાચે કૂદે ને તાલ વજાડે, મારો વા'લોજી નવ વિસારે. મારો૦
મધુર સ્વરે કેદારો ગાયો, મારો ગોરિયો ગમાણે આવ્યો રે;
હમકે ઘૂઘરો નેપૂર વાજે. મારો રાગ કેદારો મુકાવ્યો રે. મારો૦
પ્રગટ થાઓ પાતળિયા સભામાં, મુજને આપો હાર રે;
આવો છબીડા સાઈખું દીજે, શાને લગાડો વાર રે? મારો૦
મલપતા મંદિરમાં આવો, મેં જાણ્યા દીનદયાળ રે;
સભા સર્વ દેખતાં કાનુડા, મારી કંઠે આરોપો માળ રે. મારો૦
એમ કહી ખત મસ્તક મૂક્યું, સખીઓ થાઓ સાવધાન રે;
જયકાર બોલે નરસૈંયો, સર્વ સખીઓ કરે ગાન રે. મારો૦

૧૭૨

ભાગ્ય ભોગળ શામળિયા સાથી, ઘેલડો મુકાવોને ગોવાળા રે;
આહીરને આવડો શો અટકો? આપો મોગરાની માળા રે. ભાગ્ય૦
હવે ગાળ નહીં દઉં ગોવિંદજી, ક્ષમા કરો અપરાધ રે;
શિવ-વિરંચિ તારો પાર ન જાણે, તે શું કર્યો મેં વાદ રે. ભાગ્ય૦
શુક સનકાદિક ધ્યાન ધરે છે, તે તું નંદકુમાર રે;
લક્ષ્મીવર મેં કહ્યો તુજને, લંપટ વારંવાર રે. ભાગ્ય૦
સેવકજન બોલ્યા સામું, જોઈએ નહીં જદુનાથ રે;
અવગુણ ભરિયો પણ છું તારો, હેતે ઝાલો હાથ રે. ભાગ્ય૦
શુદ્ધ બુદ્ધ લજ્જા પ્રેમીજનમાં, નવ રહે લગાર રે;
પ્રેમવચનમાં જે બોલાયું, વિઠ્ઠલ વારંવાર રે. ભાગ્ય૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

ગુણસાગર છો શ્રીગિરિધારી, બાનાની પત રાખો રે;
મહેર કરી મહારાજા મુજ પર, દાસને દરશન દાખો રે. ભાગ્ય૦

આવો આલિંગ દીજે મારા વા'લા, સુંદર મુખડું નિહાળું રે;
ભણે નરસૈંયો રજની વીતી, થયું ત્રિલોકમાં અજવાળું રે. ભાગ્ય૦

૧૭૩

જાગ્ય જાગ્ય રે જદુપતિ રજની વિહાણી;
મંડળિક મુજને બહુ બિવડાવે જીવન લ્યો જાણી. જાગ્ય૦

અરુણ ઉદયની વેળા થઈ છે, હરણી તો આથમી,
દીપક જોત્યો ઝાંખી થઈ છે, કહું મસ્તક નામી. જાગ્ય૦

વલોણાં વાજે ને ઘંટી ગાજે, પ્રેમદા ભરે પાણી;
કેશવજી તમે કેમ નવ આવ્યા? કોણે બાંધ્યા તાણી? જાગ્ય૦

મુચકુંદ ને કુંભકરણ જીત્યા, તેવી ઊંઘ તને આવી;
આળસુ કેમ બન્યા અલબેલા, શું બેઠા રિસાવી? જાગ્ય૦

દીનબંધુ છો દામોદરજી, હાર હરિ આપો;
ભણે નરસૈંયો નાથજી, મારાં કષ્ટ તમે કાપો. જાગ્ય૦

૧૭૪

ખત વાંચતાં હું ખોંખાર્યો, તેની તમને ચડી છે રીસ રે;
સેવકના અપરાધ જ સામું, શું જુઓ જગદીશ રે? ખત૦

શ્રીપતિ સહાય કરો સેવકની, વેળા થઈ છે ઝાઝી રે;
મોગરાની માળા લઈને પધારો, મહેતાજી થાયે રાજી રે. ખત૦

ઊઠો ઊઠો હરિ થયું અજવાળું, ખોટી ન થાઓ પળ એક રે;
પ્રીતમજી પ્રેમેથી ભેટું, મૂકી દો હરિ ટેક રે. ખત૦

એવું સુણી ઊઠયો અલબેલો, થયો ત્યાં બહુ કડાકો રે;
જાણે મેઘ ગાજ્યો આષાઢો, એવો થયો ભડાકો રે. ખત૦

મોહનજી કહે સુણો મહેતાજી, અંતર નથી તમ સાથે રે;
પ્રીત કરી તુજને પેંરાવું, હાર હું મારે હાથે રે. ખત૦

તુજ વિના મહારે નવ ચાલે, હું પૂરું તારી આશ રે;
એમ કથીને બંને ભેટયા, નરસૈંયો ને અવિનાશ રે. ખત૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૭૫

શ્રી દામોદર દયા કરીને નરસૈંયા નાગરનો રાખ્યો રંગ;
સર્વ સેવકના સુખને કારણ, રાય મંડળિક કીધો માનભંગ. શ્રી૦
કો કહે કામી ને કો કપટી, પણ સેવક ને તમારી આશ;
રાખી લાજ સભામાં આવી, દુરજન સઘળા કીધા નિરાશ. શ્રી૦
કળિયુગમાંહી પ્રત્યક્ષ દીઠું, નરસૈંયો જિતાડયો હોડ;
કાને કુંડળ ઘાલ્યાં મહેતાને, પીતાંબર આપ્યું કટિ છોડ. શ્રી૦
એણે જારજાતો કાંઈ ન જાણું, વૈષ્ણવ સાથે કીધો વાદ;
પ્રજાજનો સહુ એણી પેરે કહે છે, ઉતાર્યો હરિ એનો નાદ. શ્રી૦
જયજયકાર હવો સોરઠમાં, મહેતાને આપ્યો હાર જ હરિ;
મંડળિક રાયની મમત હરીને, નરસૈંયા નાગરની રક્ષા કરી. શ્રી૦

૧૭૬

હું વાણોતર તારો શામળિયા, હું વાણોતર તારો. (ટેક)
આ કળિજુગમાં પેઢી તમારી ન રહે કાંઈ ઉધારો. હું૦
નરસૈંયાના સ્વામીને કહેજો, હૂંડી મારી સ્વીકારો. હું૦

૧૭૭

મહેતાજી અમે માધવજીના, મહિનો આપે આગળથી;
રામકૃષ્ણ ગોવિંદ ગુણ ગાઈએ, કર્મ કપાયે કાગળથી.
હળીએ મળીએ ઘડીએ ઘડીએ, છેલછબીલા છોગળથી;
નરસૈંયાનો સ્વામી સમરથ, ભવભય ભાંગે ભોગળથી.

૧૭૮

દોષ દરિયાવ છે, ભકિતમાં ભાવ છે;
રંક ને રાવ એ વંદું હું સૌ.
કવિ કે કોવિદ નથી, ભકત અનુભવી નથી;
વાત કંઈ નવી નથી, શુ લખું બહુ?
વાસ વસવા નથી, સાધનો પાસ નથી;
દાસ પ્રભુનો થઈ ધ્યાન ધરવું.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

નાગર વટ નથી, કાંઈ ખટપટ નથી;
એક ધરી હઠ હરિ—ગાન કરવું.
હરકતો સૌ સુણી, કાવ્ય જોજો ભણી,
મતિ સૌ સૌ તણી જોડી ગાયું.
નરસૈંયાના અનાથને સનાથ નાથે કર્યો;
સાદ્યો મુજ હાથ દુઃખ સૌ ખોવાયું.

૧૭૯

[નરસિંહ મહેતાની હૂંડી]

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી!
મારી હૂંડી શામળિયાને હાથ રે, શામળા ગિરધારી!
રાણાજીએ રદ કરી, વળી મીરાં કેરે કાજ;
ઝેરના પ્યાલા મોકલ્યા રે, વહાલો ઝેરના જારણહાર રે:
શામળા ગિરધારી! મારી હૂંડી સ્વીકારો૦

સ્થંભ થકી પ્રભુ પ્રગટિયા, વળી ધરિયાં નરસિંહ રૂપ;
પ્રહ્લાદને ઉગારિયો રે, વહાલે માર્યો હરણાકંસ ભૂપ રે:
શામળા ગિરધારી! મારી હૂંડી સ્વીકારો૦

ગજને વહાલે ઉગારિયો, વળી સુદામાની ભાંગી ભૂખ;
દોહલી વેળાના મારા વાલમા રે, તમે ભકતોને ઘણાં આપ્યાં સુખ રે.
શામળા ગિરધારી! મારી હૂંડી સ્વીકારો૦

પાંડવની પ્રતિજ્ઞા પાળી, દ્રૌપદીનાં પૂર્યા ચીર;
નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારજો રે, તમે સુભદ્રાબાઈના વીર રે:
શામળા ગિરધારી! મારી હૂંડી સ્વીકારો૦

ચાર જણા તીરથવાસી ને વળી રૂપિયા છે સો સાત:
વહેલા પધારજો દ્વારિકા રે, એને ગોમતી ન્યાહાની ઘણી ખાંત રે:
શામળા ગિરધારી! મારી હૂંડી સ્વીકારો૦

રહેવાનેં નથી ઝૂંપડું, વળી જમવા નથી જુવાર;
બેટા—બેટી વળાવિયાં રે, મેં તો વળાવી ઘર કેરી નાર રે:
શામળા ગિરધારી! મારી હૂંડી સ્વીકારો૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

ગરથ મારું ગોપીચંદન, વળી તુલસી હેમનો હાર;
સાચું નાણું મારે શામળો રે, મારે દોલતમાં ઝાંઝ—પખાજ રે :
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો૦

તીરથવાસી સૌ ચાલિયા, વળી આવ્યા નગરની માંહે;
આ શહેરમાં એવું કોણ છે રે, જેનું શામળશા શેઠ એવું નામ રે :
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો૦

નથી બ્રાહ્મણ, નથી વાણિયો, નથી ચારણ, નથી ભાટ;
લોક કરે છે ઠેકડી રે, નથી શામળશા શેઠ એવું નામ રે :
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો૦

તીરથવાસી સૌ ચાલિયા, વળી આવ્યા નગરની બહાર;
વેશ લીધો વણિકનો રે, મારું શામળશા શેઠ એવું નામ રે :
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો૦

હૂંડી લાવો હાથમાં, વળી આપું પૂરાં દામ;
રૂપિયા આપું રોકડા રે, મારું શામળશા શેઠ એવું નામ રે;
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો૦

હૂંડી સ્વીકારી વહાલે શામળે, વળી અરજે કીધાં કામ;
મહેતાજી ફરી લખજો રે, મુજ વાણોતર સરખાં કામ રે :
શામળા ગિરધારી ! મારી હૂંડી સ્વીકારો૦

૧૮૦

ભજનનો વેપાર, હરિ તારા નામનો આધાર;
બેડલો પ્રભુ ઉતારે ભવપાર, કર મન ભજનનો વેપાર જી. (ટેક)
પ્રથમ સમરું ગણપતિ, સરસ્વતીને લાગું પાય જી.
દેવના ગુરુદેવને સમરું, (૨) જ્ઞાની જ્ઞાન બતાય. કર મન૦
હાડ જલે જેમ લાકડાં, અને બાલ જલે જેમ ઘાસ જી;
કંચનવરણી કાયા જલશે, (૨) કોઈ ન આવે પાસ. કર મન૦
શેરી લગણ તો સુંદરી, ઝાંપા લગણ માબાપ જી;
તીરથ સુધી બાંધવો ભાઈ, (૨) ખોરીને બાળે હાડ. કર મન૦
માતા તારી જનમ રોશે, બેની બારે માસ જી;
તેર દિવસે તારી ત્રિયા રોશે, (૨) જાશે ઘરની બહાર. કર મન૦

સ. સા.

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

જ્યાં સરોવરનીર ભરિયાં, પ્રથમ ન બાંધી પાળ જી;
નીર સઘળાં વહી જાશે, (૨) પાછળથી પસ્તાય. કર મન૦
મારું મારું મિથ્યા જાણો, જૂઠો જગ વહેવાર જી.
નરસૈંયાના નાથને ભજી લે, (૨) ઉતારે ભવપાર. કર મન૦

૧૮૧

મારા ઠાકોર દામોદરે, મારી સાર કરી સાંભળી રે;
વૈકુંઠથી વેગે આવીને, આપ્યો હાર ઉતારી રે. મારા૦
ભકતજનને વહાલે લાડ લડાવ્યાં, સદાય છે સુખકારી રે;
અનેક ભકત આગે ઓધાર્યા, કૃપા કરી મુરારિ રે. મારા૦
નૃપતિ નિત્ય દાન દેતો સુવર્ણનું, નહાતો ગંગાનીર રે;
પણ વૈષ્ણવથી દ્વેષ જ કરતો, તેથી પામ્યો કલંક શરીર રે. મારા૦
શુકસનકાદિ મુનિવર નારદ, નિગમ ચતુરમુખ ગાય રે;
હનુમાન સરખા તાલ ધરે તોય, હરિગુણ કોણે ન ગવાય રે? મારા૦
જેવી સેવા સુર—નર ઈચ્છે, સહસ્ર અઠયાસી ધાય રે;
અમર ઇંદ્રાદિક ગંધર્વ અપ્સરા, ગુણ શ્રીહરિના ગાય રે. મારા૦
મામેરું મોહને કીધું, આપ્યાં વસ્ત્ર શણગાર રે;
મંડળિક દેખતાં મહારાજે મુને, હેતે દીધો હાર રે. મારા૦
સોરઠ જન જોવાને આવ્યા, પહોંચ્યા મનના કોડ રે;
સકળ સભામાં લજ્જા રાખી, નરસૈંયો જિતાડયો હોડ રે. મારા૦
કળિયુગમાંહી કઠણ માનવી, પામર કેને ન પતીજે રે;
ભણે નરસૈંયો સુણો નારાયણ, ચરણ શરણ રાખી લીજે રે. મારા૦

૧૮૨

[રાગ આશાવરી]

શ્રી દામોદરના ગુણ ગાતાં, નર કોઈએ દુખિયો ન હોય રે;
સદા શામળિયો શરણે રાખે, સન્મુખ આવી જોય રે. શ્રી૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

મૂરખ મૂઢ હેંડે રડવડતો, તત્ત જાણે હરિનો મર્મ રે;
સ્મરણ કરતાં તરત જ આવે, પરિપૂરણ બ્રહ્મ રે. શ્રી૦

છેલછબીલો ને છોગાળો, નિત્ય નિત્ય તેને તજિયે રે;
મંડળિકનું માન ઉતાર્યું જેણે, કહો કેમ તેને તજિયે રે? શ્રી૦

સુખદાતાની પૂર્ણ કૃપાથી, અવિચળ પદ હું પામ્યો રે;
નરસૈંયાના સ્વામીને જોતાં, ભવભય સઘળો વામ્યો રે. શ્રી૦

૧૮૩

[રાગ લલિત]

વહાલાના ગુણ શા શા કહું રે? અવસરે આવીને રાખે લાજ;
પતિતપાવન હરિ નામ તમારું, પ્રગટ થાઓ છો ભકતને કાજ. ૧૦

કૃપા કરી મુને હાર જ આપ્યો, મંડળિક રાય થયો માનભંગ;
સભા સઘળી આશ્ચર્ય પામી, કૃપા તમારી પરમાનંદ. ૧૦

સાચી પ્રીત કરે જે હરિશું, તેના મનના પૂરે કોડ;
કૃપા કરી તમે નરસૈંયાને, ભકતવત્સલ પ્રભુ શ્રી રણછોડ. ૧૦

૧૮૪

[રાગ દેશાખ]

કર જોડી દાસ વીનવે, હું સંતકૃપાએ સુખ પામ્યો રે;
ભકતની ચર્ણરેણુકાએ નરસૈંયો, સકળ વેદના વામ્યો રે. ૧૦

અલ્પબુદ્ધિ અજ્ઞાની હતો, હું દેખાદેખી ચાલ્યો રે;
સાધુસમાગમ નિશદિન કરતાં, હરજીએ હાથ જ ઝાલ્યો રે. ૧૦

પ્રજાજન સહુ ચરણે નમિયા, નગરતણા જે વાસી રે.
માટે નરસૈંયો શ્રીહરિ સેવો, ટળશે ભવદુઃખ ફાંસી રે. ૧૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૮૫

[રાગ આશાવરી]

ઓળંભો અફળ નહિ જાય મારો વા'લા, ઓળંભો શ્રીગોકુળરાય રે;
કૃપાસાગરે કૃપા કરીને, કીધી મહારી સહાય રે. ઓ૦
ઓળંભો ધ્રુવ પ્રહ્લાદ વિભીષણ, અમરીખ ને હનુમાન રે;
અક્રૂર ઓધવ વિપ્ર સુદામો વિદુર ભકત વરદાન રે. ઓ૦
ઓળંભો વેગે દ્રુપદતનયા, ચરણે અહલ્યા તારી રે,
કુબ્જાનું ચંદન માગી લીધું, ગોકુળ રાખ્યું મોરારિ રે. ઓ૦
ઓળંભો વેગે વ્રજવનિતા, તારણ તરણ ગિરિધારી રે;
ઓળંભો પ્રીત કરી જે ભકતે. લીલા કુંજવિહારી રે. ઓ૦
સાંદીપનિને સુત આણી આપ્યો, વેદ વદે એમ સાચું રે;
મારા ઠાકોર એ જ દામોદર, અહોનિશ એને જાચું રે. ઓ૦
ભકતવત્સલ સદા હરિદાતા, દીનોનાથ કહાવે રે;
નરસૈંયાના સ્વામીને સમરતાં, પુનઃ જન્મ ન આવે રે. ઓ૦

૧૮૬

[રાગ દેશાખ]

નીરખી લોક નગરના હરખ્યા, ધન્ય ધન્ય મહેતાનો અવતાર રે.
મહીપતિ આવી ચરણે લાગ્યો, કરે હરખ ઓચ્છવ નરનાર રે. ની૦
અમે અબુધ મૂરખ અજ્ઞાની, ખોટી કહી વૈષ્ણવની વાત રે;
સ્વામી—સેવકમાં ભિન્ન ન હોયે, શ્રુતિ સ્મૃતિ બોલે ખ્યાત રે. ની૦
છબીલાજીના વા'લા જે જન, તે સાથે ન કરવો દ્વેષ રે.
સાચું પાસું શામળિયાનું નિશ્ચે, લખ્યો મટે નહીં લેખ રે. ની૦
દુરિજન સઘળા દુઃખ જ પામ્યા, જેણે કીધાં કૂડાં કર્મ રે;
કે' નરસૈંયો તમે સુકૃત કરો સૌ, શ્રીધરણીધર રાખે ધર્મ રે. ની૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

૧૮૭

[પ્રભાત]

ધન્ય તું ધન્ય તું, એમ કહે શ્રીહરિ, નરસૈંયા તું મારો ભકત સાચો;
મેલી પુરુષપણું સખીરૂપે થઈ રહ્યો, તાહરા પ્રેમથી હું રે રાચ્યો. ધ૦

તુજમાં ને મુજમાં ભેદ નહિ નાગરા, માન્ય તું માહરી વેદવાણી;
હજી રે જોને તને પ્રતીતિ ન ઊપજે, માગતાં મોકલ્યું ટાઢું પાણી. ધ૦

મામેરું કીધું તે કેમ ગયો વીસરી? હાર આપ્યો તે પ્રત્યક્ષ ભૂપ;
ચૌદ ભુવનમાં તુજ સમો કો નહીં, માહરું—તારું એક રૂપ. ધ૦

તાહરો અક્ષર ગાય ને સાંભળે, તે કુળ સહિત પવિત્ર થાયે;
ભણે નરસૈંયો મીઠું બોલી શું રીઝવો, કર જોડી કૃષ્ણજી સમ ખાયે! ધ૦

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative

Vinay Avasthi Sahib Bhuvan Vani Trust Donations

'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

સંતવાણી–ભજનો

પરિચિત પદસંગ્રહ
પાન ૩૯૨ : કિં. ૧૨–૦૦

પ્રીતમદાસની વાણી
પાન ૧૮૮ : કિં. ૬–૦૦

કબીરનાં આધ્યાત્મિક ભજનો
પાન ૧૪૪ : કિં. ૫–૫૦

સંતવાણી–આતમજ્ઞાનનાં ભજનો
પાન ૨૦૮ : કિં. ૫–૦૦

સંતવાણી–પ્રેમભક્તિનાં ભજનો
પાન ૨૦૮ : કિં. ૫–૦૦

શામળના છપ્પા
પાન ૧૭૬ : કિં. ૫–૦૦

અખાના છપ્પા
પાન ૧૫૨ : કિં. ૫–૦૦

કબીર સાહેબનાં ભજનો
પાન ૮૦ : કિં. ૪–૦૦

ભજનસંગ્રહ
પાન ૨૧૬ : કિં. ૪–૦૦

યોગ અને જ્ઞાનનાં ભજનો
પાન ૯૬ : કિં. ૩–૫૦

ધીરા ભગતનાં પદો
પાન ૧૦૪ : કિં. ૩–૦૦

કબીરની સાખીઓ
પાન ૬૪ : કિં. ૨–૦૦

ભક્તકવિ દયારામનાં ભજનો
પાન ૮૦ : કિં. ૨–૫૦

તુલસીદાસની સાખીઓ
પાન ૬૪ : કિં. ૨–૫૦

લોળ ભગતના સાખ્યો
પાન ૯૬ : કિં. ૨–૦૦

ભક્ત સુરદાસનાં પદો
પાન ૯૬ : કિં. ૨–૫૦

સતી ગંગાબાઈ
પાન ૬૪ : કિં. ૨–૫૦

છોટમની વાણી
પાન ૮૮ : કિં. ૧–૨૫

કવિ દીનદયાળગિરિ
પાન ૪૦ : કિં. ૧–૦૦

વૈતાલ કહે
પાન ૩૨ : કિં. ૦–૫૦

દલપતરામની કવિતા
પાન ૧૮૮ : કિં. ૬–૦૦

કવિ ગંગ કહે... સુન શાહ અકબર
પાન ૪૮ : કિં. ૨–૦૦

કેશવકૃતિ
પાન ૬૪ : કિં. ૨–૦૦

સુદામાચરિત્ર
પાન ૪૮ : કિં. ૨–૦૦

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } સ્વામી અખંડાનંદ માર્ગ ભદ્ર અમદાવાદ અને મુંબઈ–

CC-O. Nanaji Deshmukh Library, BJP, Jammu. An eGangotri Initiative